Monday 10, August 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૮૦ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## વાપીમાં પૂરગ્રસ્ત વાહનોના માલિકોને બેવડો ફટકો

### વીમા ક્લેમના સર્વે અને મંજૂરીમાં વિલંબનો કચવાટ : સ્પેરપાર્ટ્સના ભાવ તથા રિપેરિંગના ચાર્જમાં ત્રણથી ચાર ગણો વધારો કરાતો હોવાની પણ ચર્ચા


ફાઈલ તસવીર

(મનોજ ભંડારી દ્વારા)

**વાપી, તા. ૦૯ :** વાપી પંથકમાં ગત તા. ૨૩ અને ૨૪ જુલાઈના રોજ પડેલા ભારે વરસાદ અને દમણગંગા નદી, કોલક તથા બિલખાડી નદીમાં આવેલા ભારે પૂરના કારણે અનેક રહેણાંક વિસ્તારો અને સોસાયટીઓમાં પાણી ભરાઈ જતાં લોકોના વાહનોને પણ મોટાપાયે નુકસાન થયું હતું. સોસાયટીઓના પાર્કિંગ તેમજ મકાનો અને બંગલાઓની બહાર પાર્ક કરાયેલા બાઈક, મોપેડ, કાર, લક્ઝરી કાર, ટેમ્પો અને ટ્રક સહિતના અનેક વાહનો પાણીમાં ડૂબી ગયા હતા. વાહન માલિકોએ પોતાના વાહનોનો વીમો જે તે કંપની પાસેથી કરાવ્યો હોવાથી નુકસાનગ્રસ્ત વાહનોના વીમા ક્લેમ માટે વીમા કંપનીઓના એજન્ટો અને સર્વિસ સેન્ટરોનો સંપર્ક કર્યો હતો. જોકે, વાહન માલિકોના આક્ષેપ મુજબ કેટલાક કિસ્સામાં વીમા કંપનીઓ દ્વારા વાહનોના સર્વે કરવામાં તેમજ ક્લેમ મંજૂર કરવામાં વિલંબ થઈ રહ્યો છે. જેના કારણે વાહન માલિકોને વારંવાર વીમા કંપની, એજન્ટ અને સર્વિસ સેન્ટરના ધક્કા ખાવા પડી રહ્યા છે.

બીજી તરફ, પૂરગ્રસ્ત વાહનો રિપેર કરાવવા માટે સર્વિસ સેન્ટર, ગેરેજ અને સ્પેરપાર્ટ્સની દુકાનોમાં જતા વાહન માલિકોને કથિત રીતે વધુ ખર્ચનો સામનો કરવો પડી રહ્યો છે. વાહન માલિકોના જણાવ્યા મુજબ કેટલીક એજન્સીઓ, ગેરેજ સંચાલકો અને સ્પેરપાર્ટ્સના વેપારીઓ દ્વારા પાણીમાં ખરાબ થયેલા વાહનોના સ્પેરપાર્ટ્સ તેમજ રિપેરિંગના ભાવમાં અચાનક વધારો કરવામાં આવ્યો છે. કેટલાક કિસ્સામાં સ્પેરપાર્ટ્સ અને રિપેરિંગના ભાવ ત્રણથી ચાર ગણાં સુધી વસૂલવામાં આવતા હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે. પૂરના કારણે પહેલેથી જ આર્થિક નુકસાન ભોગવી રહેલા વાહન માલિકો માટે વીમા ક્લેમની પ્રક્રિયામાં વિલંબ અને વધેલા રિપેરિંગ ખર્ચને કારણે મુશ્કેલી વધુ વધી છે. વાહન માલિકોનું કહેવું છે કે વીમા પોલિસી માટે નિયમિત પ્રીમિયમ ચૂકવ્યા હોવા છતાં નુકસાનના સમયે ક્લેમની પ્રક્રિયા સરળતાથી અને સમયસર થવી જોઈએ. આ સમગ્ર મામલે વાહન માલિકો દ્વારા સંબંધિત વીમા કંપનીઓ તેમજ વાહન રિપેરિંગ અને સ્પેરપાર્ટ્સના વેપારીઓ સામે ગ્રાહક સુરક્ષા કાયદા હેઠળ ફરિયાદ કરવાની પણ તજવીજ હાથ ધરવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે.

## સેલવાસમાં ભાજપની ‘હર ઘર તિરંગા’ બાઈક રેલી યોજાઈ

### મોટી સંખ્યામાં ભાજપના સમર્થકો હેલ્મેટ વિના નજરે પડ્યા : સામાન્ય વાહનચાલક પર દંડ, તિરંગા રેલીમાં નિયમોની અવગણના તો જવાબદાર કોણ?

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૯ :** સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે ‘હર ઘર તિરંગા’ અભિયાન અંતર્ગત પ્રદેશ ભાજપ દ્વારા સેલવાસમાં તિરંગા બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદેશ અધ્યક્ષ મહેશભાઈ અગરિયાના માર્ગદર્શન હેઠળ અને યુવા મોરચાના અધ્યક્ષ અવધેશભાઈ ચૌહાણના નેતૃત્વમાં યોજાયેલી રેલીમાં મોટી સંખ્યામાં પક્ષના કાર્યકરો, હોદ્દેદારો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ અને સમર્થકો જોડાયા હતા. રેલીના ફોટા અને વીડિયો મુજબ મોટી સંખ્યામાં બાઈક સવારો હેલ્મેટ વિના જોવા મળ્યા હતા. બે-પૈડાં વાહન ચલાવતી વખતે હેલ્મેટ પહેરવું માર્ગ સુરક્ષાની દૃષ્ટિએ મહત્વપૂર્ણ અને કાયદેસર જરૂરી છે. સામાન્ય સ્થિતિમાં હેલ્મેટ વિના બાઈક ચલાવનાર વાહનચાલક સામે ટ્રાફિક પોલીસ દ્વારા દંડાત્મક કાર્યવાહી કરવામાં આવે છે. ત્યારે સવાલ એ છે કે રાજકીય પક્ષ દ્વારા આયોજિત જાહેર બાઈક રેલીમાં જો મોટી સંખ્યામાં સવારો હેલ્મેટ વિના જોવા મળે તો ટ્રાફિક નિયમોના પાલનની જવાબદારી કોની હતી?



રેલી પહેલાં તમામ બાઈક સવારોને હેલ્મેટ પહેરવા અને ટ્રાફિક નિયમોનું પાલન કરવા સૂચના આપવામાં આવી હતી કે નહીં? જો સૂચના આપવામાં આવી હતી તો તેનો અમલ કેમ ન થયો? અને જો આવી કોઈ વ્યવસ્થા કરવામાં આવી ન હતી તો આયોજનકર્તાઓની જવાબદારી અંગે પણ સવાલ ઊભા થાય છે. રેલી માટે પોલીસ અને વહીવટી તંત્ર પાસેથી મંજૂરી લેવામાં આવી હતી કે નહીં તે પણ મહત્વનો મુદ્દો છે. જો મંજૂરી લેવામાં આવી હોય તો તેમાં ટ્રાફિક વ્યવસ્થા અને માર્ગ સુરક્ષા અંગે કઈ શરતો મૂકવામાં આવી હતી? રેલી દરમિયાન કેટલા ટ્રાફિક પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા અને હેલ્મેટ વિના બાઈક ચલાવનારાઓ સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી હતી કે નહીં—તે અંગે પણ સત્તાવાર માહિતી જરૂરી છે. જોકે, પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી નહોતી અથવા કોઈને છૂટ આપવામાં આવી હતી એવો નિષ્કર્ષ સત્તાવાર માહિતી વિના કાઢવો યોગ્ય નહીં ગણાય.‘હર ઘર તિરંગા’ જેવા અભિયાનનો હેતુ દેશભક્તિ અને રાષ્ટ્રીય એકતાનો સંદેશ લોકો સુધી પહોંચાડવાનો છે. આવા જાહેર કાર્યક્રમોમાં માર્ગ સુરક્ષા અને કાયદાનું પાલન પણ એટલું જ મહત્વનું છે. કાયદો સામાન્ય વાહનચાલક માટે હોય કે રાજકીય રેલીમાં ભાગ લેનારા કાર્યકર માટે—નિયમોનો અમલ સૌ માટે સમાન હોવો જોઈએ. હવે આ મામલે આયોજકો અને પોલીસ-વહીવટી તંત્ર શું સ્પષ્ટતા કરે છે તેના પર નજર રહેશે.

### પારડીની એસબીપીપી બેંકની ૯૭મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

## એસબીપીપી સભાસદોને ૨૦ ટકા ડિવિડન્ડ આપશે








(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૯ :** પારડીમાં આવેલ નગરપાલિકાના વડાપ્રધાન મોરારજી દેસાઈ ઓડિટોરિયમ હોલમાં આજરોજ એસબીપીપી કોપરેટીવ બેંક લિમિટેડ સિડયુલ બેંકની ૯૭ વાર્ષિક સાધારણ સભા મળી હતી. આ સાધારણ સભામાં બેંકને થયેલો રૂા. ૧૬.૩૭ કરોડના ચોખ્ખા નફા અંગેની ચર્ચા કરવામાં આવી હતી સાથે સભાસદોને ૨૦ ટકા ડિવિડન ચાલુ રહેશે. સાથે ૫૧ ટકા ડિરેક્ટરો કાયદાકીય જાણકારી સાથે શિક્ષિત હોવા જોઈએ જેવા મુદ્દાઓ રજૂ કરી ચર્ચા કરવામાં આવી હતી. જે ચર્ચામાં પેટા નિયમ સુધારા અને અન્ય બાબતોને સર્વનામતે ઠરાવ કરી મંજૂર કરવામાં આવી હતી. અહીં આજે બપોરે એસબીપીપી કો-ઓપરેટિવ બેન્ક લિમિટેડના કસ્ટોડિયન રાજેશભાઈ

### છેલ્લા નાણાકીય વર્ષમાં ચોખ્ખો નફો ૧૬. ૩૭ કરોડ અને બેંકની ડિપોઝિટ રૂા. ૧૧૭૮.૮૮ કરોડ થઈ છે

રાણાના અધ્યક્ષ સ્થાને બેન્કના એમ.ડી. સિદ્ધાર્થ શુક્લા, આસિસ્ટન્ટ જનરલ મેનેજર નિલય દેસાઈ, જ્યોતિબેન દેસાઈ, ચીફ એકાઉન્ટન્ટ જાગૃતિબેન શાહ સાથે બેંકના માજી ચેરમેન અને ડિરેક્ટરો સહિત વિશાળ સંખ્યામાં સભાસદોની ઉપસ્થિતિમાં ૯૭મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. જેમાં છેલ્લી વાર્ષિક સાધારણ સભાના અહેવાલને બહાલી સાથે ઠરાવ મંજૂર કરવામાં આવ્યા હતા. બેંકના કસ્ટોડિયન રાજેશભાઇ રાણાએ બેંકની પ્રગતિનલ અહેવાલ રજુ કરતાં જણાવ્યું હતું કે, તા. ૩૧-૦૩-૨૦૨૬ના રોજ પૂરા થયેલ નાણાંકીય વર્ષમાં ચોખ્ખો નફો ૧૬. ૩૭ કરોડ થયેલ છે. અને બેંકની ડિપોઝિટ રૂા. ૧૧૭૮.૮૮ કરોડ થઈ છે. તે પૈકી સેવિંગ ડિપોઝિટ રૂા. ૩૫૮.૧૯ કરોડ, કરંટ ડિપોઝિટ રૂા. ૯૦.૦૫ કરોડ અને ટર્મ ડિપોઝિટ રૂા. ૭૩૦.૬૪ કરોડની છે.

વધુમાં ગુજરાત રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈના પ્રયત્નથી બેંક ના બોર્ડ ઓફ ડિરેક્ટરો બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યો તથા સ્ટાફના અવિરત પ્રયત્નોથી સરકાર તરફથી એસબીપીપી બેંકને ‘બેંક ફોર એક્સપેન્સ ઓફ બેંક ગેરેન્ટી’ના લિસ્ટમાં સામેલ કરવામાં આવેલ છે. તેમણે સભાસદને મળતા બે લાખના ઈન્સ્યોરન્સ અને અન્ય બાબતોની જાણકારી પણ આપી હતી.

બેંકના ડિરેક્ટર હેમંતભાઈ ભગતે ૫૧ % ડિરેક્ટર કેવા હોવા જોઈએ ? એ બાબતનો સવાલ કરતા મેનેજિંગ ડિરેક્ટર સિદ્ધાર્થ શુક્લાએ જણાવ્યું હતું કે રિઝર્વ બેન્કના રૂલ્સ પ્રમાણે કાયદાના જાણકાર, અર્થશાસ્ત્ર સાથે હિસાબના જાણકાર હોવા જોઈએ એ બાબતે પ્રકાશ પાડ્યો હતો. બેંકની સામાન્યસભામાં આગામી ચૂંટણીના સમય અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. તથા બેંકના રૂા. ૧૪ કરોડ રિકવરીની તાત્કાલિક વસૂલાતની પણ માંગણી ઉઠી હતી. વધુમાં બેંકની સભા ઓનલાઈન થનાર હતી જે હવે કાયમ ફિઝિકલી થશે એવો નિર્ણય લેવામાં આવ્યો હતો. બેંકની આગામી ચૂંટણી પૂર્વેની સામાન્યસભા હોવાથી આ સભામાં મોટી સંખ્યામાં સભાસદોની અને બેંકના કર્મચારી, નાગરિકોની ઉપસ્થિત રહ્યા હતાં.

## આજે વલસાડ પાલિકાની ખાસ સામાન્ય સભા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૯ :** તાજેતરમાં વલસાડ શહેર તથા સમગ્ર જિલ્લામાં પડેલા ભારે વરસાદ અને તેના કારણે સર્જાયેલી ઘોડાપૂરની સ્થિતિને પગલે નગરપાલિકાના તમામ અધિકારીઓ અને કર્મચારીઓ રાહત તથા સર્વેની કામગીરીમાં વ્યસ્ત હોવાથી જુલાઈ-૨૦૨૬ની સામાન્ય સભા યોજી શકાઈ નહોતી. હવે આ મુલતવી રખાયેલી ખાસ સામાન્ય સભા આજરોજ તા. ૧૦ ઓગસ્ટ ૨૦૨૬, સોમવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે વલસાડ નગર સેવા સદનના શ્રી અટલ બિહારી વાજપેયી સભાખંડમાં પ્રમુખ માલતીબેન મુકેશકુમાર ટંડેલના અધ્યક્ષસ્થાને યોજાનાર છે. આ સભામાં વહીવટી, લાઈટ, ડ્રેનેજ, ટાઉન પ્લાનિંગ, રોડ-રસ્તા, આરોગ્ય અને હિસાબી શાખાને લગતા કુલ ૪૫ જેટલા મહત્વપૂર્ણ કામો અને એજન્ડા મુદ્દાઓ સર્વાનુમતે મંજૂર કરી તેના પર આખરી નિર્ણયો લેવામાં આવશે.


## વાપીમાં જિલ્લા કક્ષાની ‘તિરંગા યાત્રા’ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૯ :** સમગ્ર રાજ્યમાં તા. ૭ થી ૧૩ ઓગસ્ટ દરમિયાન હર ઘર તિરંગા યાત્રા યોજાઈ રહી છે. જે અંતર્ગત વલસાડ જિલ્લાની તિરંગા યાત્રા ૧૩મી ઓગસ્ટે સવારે ૯:૦૦ કલાકે વાપીમાં યોજાશે. આ યાત્રામાં પોલીસ બેન્ડ દ્વારા દેશભક્તિ આધારિત ધૂન રજૂ કરવામાં આવશે તેમજ ઘોડે સવાર પોલીસ જવાનો સાથેની તિરંગા યાત્રા શહેરીજનોમાં આકર્ષણનું કેન્દ્ર બનશે આ તિરંગા યાત્રા દરમિયાન પોલીસ વિભાગના જવાનો પોલીસ બેન્ડ દ્વારા દેશભક્તિ આધારિત ધૂન રજૂ કરવામાં આવશે. તેમજ ઘોડેસવાર પોલીસ જવાનો સાથેની તિરંગા યાત્રા શહેરીજનો માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર બનશે. યાત્રામાં વાપીની વિવિધ શાળાઓ અને કોલેજોના વિદ્યાર્થીઓ, એનસીસીના કેડેટ્સ તેમજ મોટી સંખ્યામાં નગરજનો જોડાશે.

આ ઉપરાંત બાઈક રેલી અને સાઈકલ રેલી દ્વારા પણ લોકો તિરંગા યાત્રામાં ભાગ લઈ દેશભક્તિની ભાવનાને પ્રબળ બનાવશે.

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST’S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
unleash your true potential
VIDYA DHAM INTERNATIONAL SCHOOL • VAPI •
LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session
2026-2027
Nursery to Std. 10
12th Year Anniversary
SPECIAL OFFERS
% Early Bird Discount
Till 31st March
FREE Textbooks
From Nursery to Std 10
Special Concession
On Admission Fees





Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10
Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

INDIA'S FASTEST GROWING PACKAGED FOOD COMPANY*
MilkyMist



Rs. 3,138 Cr FY26 Revenue
31.26% FY24 - FY26 CAGR
74,000+ Farmers# Direct Sourcing of Raw Milk
640 SKUs 22 Product Categories#
3,75,000+# Retail Touchpoints
4000+ Distributors 22 States & 5 UTs#

Exclusively focused on premium, value-added dairy products (Source: 1Lattice Report)
Diversified product categories
Manufacturing facilities equipped with advanced machinery to ensure consistent quality of products and operational efficiency

*(Among companies with revenue scale of more than ₹15,000 million) in India in terms of revenue, growing at a CAGR of 31.26% from Fiscal 2024 to Fiscal 2026. (Source: 1Lattice Report) | # As of March 31, 2026

MILKY MIST DAIRY FOOD LIMITED is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP with RoC, SEBI and the Stock Exchanges on August 4, 2026. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, and is available on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.milkymist.com and the websites of the BRLMs, i.e., JM Financial Limited, Axis Capital Limited and IIFL Capital Services Limited (formerly known as IIFL Securities Limited) at www.jmfl.com, https://www.axiscapital.co.in/ and www.iiflcapital.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see "Risk Factors" beginning on page 23 of the RHP. Potential investors should not rely on the DRHP and should instead rely on their own examination of our Company and the Offer, including the risks involved, for making any investment decision.
The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the "U.S. Securities Act") or any state securities laws in the United States and, unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, such Equity Shares are being offered and sold (i) outside of the United States in offshore transactions in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur; and (ii) within the United States to "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act), pursuant to the private placement exemption set out in Section 4(a) of the U.S. Securities Act. The Equity Shares have not been and will not be registered, listed or otherwise qualified in any other jurisdiction outside India and may not be offered or sold, and Bids may not be made by persons in any such jurisdiction, except in compliance with the applicable laws of such jurisdiction. There will be no public offering in the United States.

### સાપુતારા માત્ર હિલ સ્ટેશન નહીં, ડાંગની સંસ્કૃતિ અને પ્રકૃતિની જીવંત ઓળખ છે : નાયબ મુખ્યમંત્રી

# સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલ-૨૦૨૬નો ભવ્ય પ્રારંભ

**૨૯ ઓગસ્ટ સુધી પ્રકૃતિ, સંસ્કૃતિ, સાહસિક પ્રવૃત્તિઓ અને લોકકલાના રંગોથી મહેકશે ગુજરાતનું એકમાત્ર હિલ સ્ટેશન સાપુતારા**







**ડાંગ, તા.૦૯ :** ગુજરાતના એકમાત્ર હિલ સ્ટેશન સાપુતારા ખાતે પ્રકૃતિ અને સંસ્કૃતિના સંગમ સમાન 'સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલ-૨૦૨૬' નો આજે રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો. આગામી ૨૯ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી ચાલનારા આ મહોત્સવ દરમિયાન પ્રકૃતિ, સંસ્કૃતિ, રોમાંચક આઉટડોટ સાહસિક પ્રવૃત્તિઓ અને લોકકલાના વૈવિધ્યસભર સાથે સ્થાનિક વ્યંજનો અને નેચર ટ્રેઈલ કાર્યક્રમો દ્વારા પ્રવાસીઓને અનોખો અનુભવ કરાવવામાં આવશે.

ફેસ્ટિવલ દરમિયાન 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' થીમ આધારિત પરેડ, સાંસ્કૃતિક અને સંગીતમય કાર્યક્રમો, ક્રાફ્ટ અને આદિવાસી કલા વર્કશોપ, નેચર ટ્રેઈલ, સાહસિક પ્રવૃત્તિઓ, સ્થાનિક વ્યંજનો, રેઈન ડાન્સ, સેલ્ફી પોઈન્ટ સહિત પરિવારના દરેક સભ્ય માટે મનોરંજન અને અનુભવ આધારિત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

ઉદ્ઘાટન પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, સાપુતારા માત્ર ગુજરાતનું એકમાત્ર હિલ સ્ટેશન જ નહીં, પરંતુ ડાંગની સમૃદ્ધ આદિવાસી સંસ્કૃતિ, કુદરતી વૈવિધ્યતા અને હરિયાળી ઓળખનું પ્રતિક છે. ચોમાસામાં અહીંનું પ્રાકૃતિક સૌંદર્ય અનેકગણું ખીલી ઊઠે છે અને દેશભરના પ્રવાસીઓને આકર્ષે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત ૮૨૦૪૭'ના વિઝનને સાકાર કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'ના સંકલ્પ સાથે પ્રવાસન ક્ષેત્રને વિકાસનું મહત્વપૂર્ણ એન્જિન બનાવી રહી છે.

તેમણે જણાવ્યું કે, પ્રવાસન માત્ર હરવા-ફરવાનો વિષય નથી, પરંતુ સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવતું અને રોજગારી, સ્વરોજગારી સર્જતું શક્તિશાળી માધ્યમ છે. સાપુતારાની મુલાકાતે આવતા પ્રવાસીઓથી હોટેલ ઉદ્યોગ, ટેક્સીચાલકો, સ્થાનિક ગાઈડ, મહિલા સ્વસહાય જૂથો, હસ્તકલાકારો, ખેડૂતો તથા નાના વેપારીઓને સીધો લાભ મળે છે. આ ફેસ્ટિવલ સ્થાનિક કલાકારો, લોકગાયકો, નૃત્યકારો અને હસ્તકલાકારોને પોતાની પ્રતિભા રજૂ કરવા માટે વિશાળ મંચ પણ પૂરું પાડે છે.

શ્રી સંઘવીએ જણાવ્યું કે, વર્ષ ૨૦૨૫ના સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલ દરમિયાન અંદાજે ૨.૬૧ લાખ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી. ગત વર્ષે ૧.૪૩ લાખથી વધુ પ્રવાસીઓએ બોટિંગનો આનંદ માણ્યો હતો, જ્યારે અંદાજે ૨૯૦ સ્ટોલ્સ દ્વારા સ્થાનિક હસ્તકલા અને પરંપરાગત ઉત્પાદનોના વેચાણથી આશરે રૂ. ૧.૫૭ કરોડની આવક થઈ હતી, જેના કારણે સ્થાનિક વેપારીઓ અને કારીગરોને નોંધપાત્ર આર્થિક લાભ મળ્યો હતો.

ગુજરાત સરકાર સાપુતારાને વિશ્વસ્તરીય મોન્સૂન અને ઈકો-ટૂરિઝમ ડેસ્ટિનેશન તરીકે વિકસાવવા પ્રતિબદ્ધ હોવાનું જણાવતાં તેમણે કહ્યું કે, પ્રવાસન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, જાહેર સુવિધાઓ, સૌંદર્યકરણ, વે-સાઈનેજ અને અનુભવ આધારિત વિકાસના વિવિધ કાર્યો સતત હાથ ધરવામાં આવી રહ્યા છે. તેમણે ડાંગના આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ, આરોગ્ય, માર્ગ, પાણી અને વીજળી જેવી પાયાની સુવિધાઓમાં થયેલા વિકાસનો પણ ઉલ્લેખ કર્યો હતો.

રાજ્યના પ્રવાસન મંત્રી શ્રી જયરામ ગામીતે પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૯માં તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ શરૂ થયેલો સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલ આજે ડાંગની આદિવાસી સંસ્કૃતિ, લોકકલા અને હસ્તકલાને દેશ-વિદેશ સુધી પહોંચાડવાનું અસરકારક માધ્યમ બન્યો છે. આ ફેસ્ટિવલના કારણે સ્થાનિક કલાકારો, મહિલાઓ, હોટેલ વ્યવસાય, પરિવહન ક્ષેત્ર અને નાના વેપારીઓને રોજગારી તથા આવકની નવી તકો મળી રહી છે.

તેમણે જણાવ્યું કે, વર્ષ ૨૦૨૫ દરમિયાન આશરે ૧૪.૬૭ લાખ પ્રવાસીઓએ સાપુતારાની મુલાકાત લીધી હતી, જે તેની વધતી લોકપ્રિયતાનું પ્રતિબિંબ છે. 'ગુજરાત પ્રવાસન વર્ષ' અંતર્ગત પ્રવાસન, યાત્રાધામો અને નાગરિક ઉડ્ડયન ક્ષેત્રના વિકાસ માટે રૂ. ૩,૦૯૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે, જેના પરિણામે સ્થાનિક યુવાનો માટે રોજગારી અને સ્વરોજગારની નવી તકો ઊભી થશે.

તેમણે સૌને પરિવાર સાથે સાપુતારાની મુલાકાત લઈને અહીંની પ્રાકૃતિક હરિયાળી, આદિવાસી સંસ્કૃતિ અને ફેસ્ટિવલના વિવિધ કાર્યક્રમોનો આનંદ માણવા અપીલ કરી હતી.

ઉદ્ઘાટન સમારોહ બાદ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૧૩ રાજ્યોના ૧૧૦ કલાકારો દ્વારા નેશનલ એવોર્ડી કોરિયોગ્રાફી આધારિત નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું, જ્યારે સ્થાનિક કલાકારોએ પરંપરાગત ડાંગી નૃત્યની મનમોહક રજૂઆત કરીને ઉપસ્થિતોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશભાઈ ગામીત, લોકસભાના દંડક અને વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલ, ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક તથા ડાંગના ધારાસભ્ય વિજયભાઈ પટેલ, પ્રવાસન સચિવ ડૉ. કુલદીપ આર્ય, પ્રવાસન કમિશનર ડૉ. વિપિન ગર્ગ, જિલ્લા કલેક્ટર એન.ડી. પરમાર, જિલ્લા વિકાસ અધિકારી, પોલીસ અધિક્ષક, સ્થાનિક જન પ્રતિનિધિઓ, અધિકારીઓ, ડાંગ સહિત દેશના વિવિધ રાજ્યોમાંથી પધારેલા કલાકારો અને મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વાંસદાની કોલેજમાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાંસદા, તા.૦૯ :** સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખાતે તા.૦૮/૦૮/૨૦૨૬ને શનિવારના રોજ આચાર્ય ડૉ. વાય.જે.મિસ્ત્રી ના માર્ગદર્શન હેઠળ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી નિમિત્તે વિવિધ શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સર્જનાત્મક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભમાં સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ ડૉ. નરેશભાઈ મહાકાળ દ્વારા વિશ્વ આદિવાસી દિવસનું મહત્વ, આદિવાસી સમાજની સંસ્કૃતિ, પરંપરા અને પ્રકૃતિને સાચવવાની જવાબદારી હવે આપણી છે એમ જણાવ્યું હતુ. પ્રા.મહેશભાઈ આર. ગવળીએ આદિવાસી સમાજની રીત-રિવાજો, પરંપરાઓ, જીવનશૈલી અને સાંસ્કૃતિક વારસા તેમજ આદિવાસી સમાજમાં પ્રચલિત વિવિધ રીત-રિવાજો અને પરંપરાઓનું મહત્વ તથા આદિવાસી સંસ્કૃતિના જતન અને સંવર્ધનમાં તેની ભૂમિકા વિશે સમજાવ્યુ હતુ. NSS પ્રોગ્રામ ઑફિસર ડૉ.વૈશાલીબહેન પટેલે પોતાનું વક્તવ્ય કોંકણી બોલીમાં આદિવાસી સમાજના વિવિધ તહેવારો, તેમની ઉજવણીની રીત, ધાર્મિક તથા સાંસ્કૃતિક મહત્વ અને તહેવારો સાથે સંકળાયેલી લોકપરંપરાઓ વિશે કોંકણી બોલીમાં આપવામાં આવેલા તેમના વક્તવ્યથી વિદ્યાર્થીઓને આદિવાસી ભાષા અને સંસ્કૃતિની વિશિષ્ટતાનો સુંદર પરિચય થયો હતો. કોલેજના વિદ્યાર્થીઓએ એકપાત્રીય અભિનય, ભગવાન બિરસામુંડાના જીવન વિશે સ્પીચ અને આદિવાસી નૃત્ય જેવી કૃતિઓ પરંપરાગત વેશભૂષા, સંગીત અને નૃત્ય દ્વારા આદિવાસી સંસ્કૃતિની ઝલક રજૂ કરી હતી. સંચાલન અંગ્રેજી વિષયના ટી.વાય. બી.એ.નો વિદ્યાર્થી તેમજ NSS સ્વયંસેવક પટેલ આર્યન પટેલે કર્યુ હતુ. ડૉ. ગૌતમભાઈ ગાયકવાડે કાર્યક્રમમાં ઉપસ્થિત આચાર્ય, અધ્યાપકઓ, વિદ્યાર્થીઓ તથા કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપનાર તમામનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## બીલીમોરા કોલેજ કેમ્પસમાં ભૂગર્ભ ગટરમાં ૨૦ ફૂટ ઊંડો ભુવો પડ્યો

**બીલીમોરા, તા. ૦૯ :** તાજેતરમાં બીલીમોરા પંથકમાં ભયાવહ પૂર બાદ અનેક વિસ્તારોમાં નુકસાન અને તારાજીના દશ્યો સામે આવી રહ્યા છે. ત્યારે બીલીમોરા-ચીખલી માર્ગને અડીને પ્રવેશદ્વારની સામે બીવીકે મંડળ સંચાલિત સેલ્ફ ફાઈનાન્સ કોલેજના પરિસરમાં ભૂગર્ભ ગટરની લાઇન પાસે આશરે ૨૦ ફૂટ ઊંડો ભુવો પડી જતાં ચિંતા ઊભી થઈ છે.

કોલેજ પરિસરમાં દરરોજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને કર્મચારીઓની અવરજવર રહે છે. આવી સ્થિતિમાં કેમ્પસમાં જ આટલો ઊંડો ભુવો પડતાં અકસ્માતની શક્યતા સર્જાઈ છે. ખાસ કરીને વરસાદ બાદ જમીન ભેજવાળી અને આસપાસ ઘાસ ઉગી નીકળ્યું હોવાથી ખાડો સ્પષ્ટ રીતે નજરે



ન પડે તેવી સ્થિતિમાં કોઈ વ્યક્તિ અજાણતાં તેની નજીક પહોંચે તો ગંભીર દુર્ઘટના સર્જાઈ શકે છે. ભૂગર્ભ ગટરની આસપાસની જમીન ધસી જતાં અંદરનો ભાગ ખાલી થઈ ગયો હોવાનું જણાય છે. ખાડામાં માટી ઉપરાંત લાકડાં, કચરો સહિતની સામગ્રી પણ જોવા મળી છે.

ચોમાસાની સિઝન દરમિયાન વધુ વરસાદ પડે અથવા પાણીનો પ્રવાહ વધે તો આ ખાડો વધુ પહોળો કે ઊંડો થવાની શક્યતા નકારી શકાય તેમ નથી. તેથી માત્ર ખાડો પૂરવો પૂરતો નહીં પરંતુ ભૂગર્ભ ગટરની લાઇન અને આસપાસની જમીનની યોગ્ય તપાસ કરી કાયમી ધોરણે સમારકામ કરવું જરૂરી બન્યું છે.

વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખી તાત્કાલિક ધોરણે ભુવા ફરતે બેરિકેડ લગાવી તેને સુરક્ષિત કરવા તેમજ જોખમ અંગે ચેતવણીનું બોર્ડ મૂકવાની જરૂરિયાત છે. સાથે જ સંબંધિત તંત્ર દ્વારા સ્થળનું નિરીક્ષણ કરી ભૂગર્ભ ગટરની સ્થિતિની ચકાસણી કરીને વહેલી તકે સમારકામ હાથ ધરવામાં આવે તેવી કોલેજ પરિવાર અને વાલીઓમાં માંગ ઉઠી છે.વિદ્યાર્થીઓની સતત અવરજવર ધરાવતા કોલેજ કેમ્પસમાં ૨૦ ફૂટ જેટલો ઊંડો ભુવો લાંબા સમય સુધી ખુલ્લો રહે તે ગંભીર બેદરકારી સાબિત થઈ શકે છે.

## બીલીમોરા પારસી અગિયારીમાં મુક્તાદ મંડાયા

**બીલીમોરા,તા.૦૯ :** પારસી સમાજનાં કેલેન્ડર અનુસાર બુધવારે મુકતાદ નાં દિવસો નો પ્રારંભ થયો હતો. પારસી અગિયારીમાં જર્મન સિલ્વર કળશ ને રંગબેરંગી ફૂલો થી સઝાવી વિધિવિધાન અનુસાર મુક્તાદ મંડાયા હતા. આ મુકતાદનાં દિવસો માં પારસી પરીવારના સભ્યો મુકતાદ માંડી પૂર્વજોના આશીર્વાદ, અમીદ્રષ્ટિ માટે પ્રાર્થના કરે છે. તે બાદ ૧૧માં દિવસે પારસી નવા વર્ષ નવરોઝ (પતેતી પર્વ) ની ઉજવણી કરશે.

ભારતીય સંસ્કૃતિ માં દૂધ માં સાકર ની જેમ ભળી જનાર પારસી સમાજે પ્રેમ અને સેવા ભાવના થકી સહુના દિલમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. જે પ્રમાણે હિન્દુ ધર્મમાં શ્રાદ્ધ પક્ષ આવે છે તેમ પારસી સમાજમાં પણ પૂર્વજોના આશીર્વાદ અમીદ્રષ્ટિ પ્રાપ્ત કરવા મુક્તાદ મનાવવામાં આવે છે. મુક્તાદ નાં છેલ્લા પાંચ દિવસ ગાથા નાં હોય છે. મુક્તાદમાં પોતાના સ્વર્ગસ્થ સ્વજનોની યાદમાં અગિયારીમાં જર્મન સિલ્વર કળશ ને રંગબેરંગી ફૂલો થી સઝાવવા માં આવે છે. દસ્તુરજી

**સ્વર્ગસ્થ સ્વજનોનાં આશીર્વાદ માટે દુઆ પ્રાર્થના શરૂ કરાઈ**

( ધર્મગુરુ ) અફરગાન ફરોક્ષી તથા સતુમની ધાર્મિક ક્રિયાનું પઠણ કરે છે. પારસી સમાજમાં આ મુક્તાદના ૧૦ દિવસો દરમિયાન તેમના સ્વર્ગસ્થ સ્વજનો તેમના ઘરના સભ્યોની આસ પાસ આવી ને રહેતા હોવાની માન્યતા છે. પરીવારના દરેક સભ્યો તેમનાથી કોઈ ભુલ થઈ ગઈ હોય તો તે માટે ક્ષમા પ્રાર્થના કરે છે. અને મુશ્કેલીમાં તેમના પિતૃઓના આશીર્વાદ મળી રહે તે માટે દુવા અર્ચના કરે છે. દસ્તુરજી મુક્તાદ માં સતુમની ધાર્મિક ક્રિયા વેળા મીઠી વાનગી ધરાવે છે. અફગાન ફરોક્ષી માં ફળ મૂકી પ્રાર્થના કરવામાં આવે છે. દરરોજ બપોરે અને સાંજે સ્વજનોને જમવાનું ધરાવવામાં આવે છે. તેમજ પયંગમ્બર અશો જરથુસ્ત સાહેબ ને પ્ર-ાર્થના પૂજન કરી ૧૦ દિવસ દુવા માંગવામાં આવે છે. બીલીમોરા અગિયારીમાં બુધવારે અસ્ફદામર્દ મહિનો અને આસ્તાદ રોજ દસ્તુરજી કુરુષ સિધવા (ધર્મ ગુરુ)એ ધાર્મિક વિધિ પઠન સાથે મુક્તાદની વિધિનો પ્રારંભ કર્યો હતો. અહીં ૮ છુટ્ટી ટેબલ અને એક અંજુમન ની ટેબલ ઉપર જર્મન સિલ્વર કળશ ને મૂકી રંગબેરંગી ફૂલો થી સઝાવવા માં આવ્યા હતા. પિતૃ આશીર્વાદ સાથે ૧૧માં દિવસે પારસી સમાજ નવાવર્ષ પતેતી પર્વ ની ઉજવણી કરશે.

## સાપુતારા નજીક ૩.૬ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો

**સાપુતારા, તા.૦૯ :** ઇન્સ્ટિટ્યૂટ ઑફ સિસ્મોલોજિકલ રિસર્ચ, ગાંધીનગર દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ તા. ૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ રાત્રે ૧૦ઃ૦૦ કલાકે દક્ષિણ ગુજરાતના સાપુતારા નજીક ૩.૬ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો.

ISRના અહેવાલ મુજબ ભૂકંપનું કેન્દ્રબિંદુ અક્ષાંશ ૨૦.૪૭૦જી ઉત્તર અને રેખાંશ ૭૩.૬૮૯જી પૂર્વ પર નોંધાયું હતું. ભૂકંપની ઊંડાઈ ૫.૬ કિ.મી. હતી. ભૂકંપનું કેન્દ્ર સાપુતારાથી આશરે ૧૪ કિ.મી. દક્ષિણ-દક્ષિણપશ્ચિમ દિશામાં, મહારાષ્ટ્ર રાજ્યની હદમાં હોવાનું જણાવાયું છે. ભૂકંપની તીવ્રતા ૩.૬ મેગ્નિટ્યુડ નોંધાઈ હોવાથી સાપુતારા તથા આસપાસના વિસ્તારોમાં તેના આંચકા અનુભવાયા હોવાની શક્યતા છે. હાલ ઉપલબ્ધ ISRની માહિતી મુજબ આ ભૂકંપના કારણે કોઈ જાનમાલના નુકસાન અંગેની વિગતો સામે આવી નથી. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને ગભરાટ ન ફેલાવવા તેમજ ભૂકંપ સંબંધિત કોઈપણ અફવા પર વિશ્વાસ ન કરવા અને સત્તાવાર સ્ત્રોતો દ્વારા મળતી માહિતી પર જ આધાર રાખવા અપીલ કરવામાં આવે છે.

## બીલીમોરામાં કાવેરી નદીના ધસમસતા પ્રવાહથી કોલેજ કેમ્પસનો કાંઠો ધોવાયો

**બીલીમોરા, તા.૦૯ :** બે સપ્તાહ અગાઉ સદીના ભયાવહ પૂરમાં કાવેરી નદીએ રેકર્ડબ્રેક ૩૩ ફૂટની સપાટી વટાવતા નદીના ધસમસતા -વાહે બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત શૈક્ષણિક સંકુલના કાંઠાનું મોટા પ્રમાણમાં ધોવાણ કર્યું હતું. કાંઠાનો આશરે ૨૫ ફૂટ પહોળો અને ૫૦૦ મીટર લાંબો વિસ્તાર ધોવાઈ જતાં બીએસ પટેલ ઇંગ્લિશ મીડીયમ સ્કૂલ તથા મલ્ટી સ્પોર્ટ્સ કોર્ટ તરફ જતા માર્ગની સલામતી સામે ગંભીર



પ્રશ્ન ઊભો થયો છે.

કાવેરી નદીના કાંઠે બીવીકે મંડળની માલિકીની જમીન પર વિવિધ કોલેજો અને શાળાઓ કાર્યરત છે. અહીં દરરોજ સેંકડો વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ રમતવીરો અવરજવર કરે છે. ભારે પૂરના કારણે કાંઠો ધોવાઈ જતાં માર્ગની બાજુનો વિસ્તાર નબળો બન્યો છે અને આગામી સમયમાં ફરી ભારે વરસાદ કે પૂરની સ્થિતિ સર્જાય તો માર્ગને નુકસાન થવાની શક્યતા વધી છે. બીવીકે મંડળ દ્વારા વર્ષોથી સતત થઈ રહેલા કાંઠાના ધોવાણને અટકાવવા વર્ષ ૨૦૧૪ થી -ોટેક્શન વોલ બનાવવા માટે સરકાર, સ્થાનિક ધારાસભ્ય નરેશ પટેલ સહિત સંબંધિત આગેવાનો સમક્ષ અનેક વખત રજૂઆતો કરવામાં આવી હતી. જોકે, કાયમી ઉકેલના અભાવે કાંઠાનું ધોવાણ ચાલુ રહ્યું હતું. તાજેતરના વિનાશક પૂરે આ સમસ્યાને વધુ ગંભીર બનાવી છે. પૂર દરમિયાન બીવીકે કેમ્પસને વ્યાપક નુકસાન થયા બાદ હવે કાંઠાના વધુ ધોવાણથી વિદ્યાર્થીઓ માટેના માર્ગના અસ્તિત્વ સામે જોખમ ઊભું થયું છે. ખાસ કરીને શાળા-કોલેજના વિદ્યાર્થીઓ અને રમતગમતની પ્રવૃત્તિઓ માટે આવતા વિદ્યાર્થીઓની અવરજવર જોતાં આ માર્ગની તાત્કાલિક સુરક્ષા જરૂરી બની છે.

વિદ્યાર્થીઓના હિત અને સલામતીને ધ્યાનમાં રાખીને કાવેરી નદીના કાંઠે તાત્કાલિક ધોરણે પ્રોટેક્શન વોલ અથવા મજબૂત પાળો બનાવવામાં આવે તેમજ ધોવાયેલા કાંઠાનું વૈજ્ઞાનિક રીતે પુનઃનિર્માણ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. આગામી ચોમાસામાં વધુ નુકસાન ન થાય તે માટે તંત્ર દ્વારા સ્થળનું તાત્કાલિક નિરીક્ષણ કરી કાયમી સુરક્ષાત્મક કામગીરી હાથ ધરવામાં આવે તેવી પણ અપેક્ષા વ્યક્ત થઈ રહી છે.

# સુપ્રભાતમ્

## આજનું પંચાગ

**તા.** ૧૦-૦૮-૨૦૨૬, **વાર :** સોમવાર **તિથિ :** અષાઢ, બારસ, **સૂર્યોદય :** ૦૬ : ૧૮ **સૂર્યાસ્ત** ૦૭ :૧૧, **ચંદ્રોદય** - ૦૩:૧૪ **ચંદ્રાસ્ત** - ૦૫:૨૭ **ચંદ્ર રાશિ :** મિથુન, **નક્ષત્ર** - આર્દ્રા

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજનો દિવસ તમારા માટે વ્યસ્તતાથી ભરેલો રહેશે, પરંતુ તમારી આ ભાગદોડ સફળતાની નવી દિશા પણ દેખાડશે. કંઈક મોટું કરવાની ઉત્સાહ જળવાઈ રહેશે, જો કે જોખમી નિર્ણયોથી દૂર રહેવું.

**વૃષભ(બ.વ.ઉ) :** આજનો દિવસ આર્થિક રીતે મજબૂત રહેશે. બચત પર પૂરું ધ્યાન આપી શકશો અને તમારા ઈરાદાઓથી જીવનમાં પ્રગતિ કરશો.

**મિથુન(ક.છ.ઘ) :** આત્મવિશ્વાસ અને દ્રઢ સંકલ્પથી તમે દરેક કાર્ય પાર પાડી શકશો. આર્થિક સ્થિતિ સામાન્ય રહેશે, પરંતુ ફાલતુ ખર્ચાઓ પર કાબૂ રાખવો.

**કર્ક(ડ.હ) :** નોકરીમાં તમારી સાખ વધશે અને આર્થિક સ્થિતિમાં સુધારો જોવા મળશે. આજે તમને કોઈ સારા સમાચાર મળી શકે છે.

**સિંહ(મ.ટ.) :** આજનો દિવસ તમારા માટે ખૂબ જ ખાસ છે અને તમને કોઈ મોટી સફળતા કે બ્રેકથ્રુ મળી શકે છે. ખર્ચાઓ પર યોગ્ય નિયંત્રણ રાખો અને નવી યોજનાઓ બનાવો.

**કન્યા(પ.ઠ.ણ.) :** આજનો દિવસ તમારા માટે ઉત્તમ રહેશે. અટકેલા કાર્યો પૂરા થશે અને વેપારમાં લાભના નવા રસ્તા ખુલશે.

**તુલા (ર.ત.) :** ધૈર્યથી કામ લેવાનો દિવસ છે. કોઈપણ પ્રકારના મોટા આર્થિક રોકાણ કે જોખમથી આજે તમારે બચવું જોઈએ.

**વૃશ્ચિક(ન.ય.) :** જૂના સંપર્કો તમને આજે મોટો ફાયદો કરાવી શકે છે. ટીમમાં અથવા સાથે મળીને કામ કરવાથી સફળતા મળશે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજનો દિવસ કાર્યક્ષેત્રમાં તમારી તરક્કીનો રહેશે. સુરક્ષિત બચત પર તમારું પૂરું ધ્યાન રહેશે અને ઉચ્ચ અધિકારીઓનો સહયોગ -ાપ્ત થશે.

**મકર(જ.ખ) :** આજના દિવસે તમારી યોજનાઓની સમીક્ષા કરો અને પોતાના હુનરને વધારવા પર વિશેષ ધ્યાન આપો.

**કુંભ(ગ.શ.સ.) :** આર્થિક બાબતોમાં સ્પષ્ટતા રાખો અને શાંત દિમાગથી નિર્ણય લો. અટકેલા નાણાં પાછા મેળવવા માટે આજે સારો દિવસ છે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આજનો દિવસ સામાન્ય રીતે સારો રહેશે, પરંતુ કોઈપણ અગત્યની ફાઈલ કે કાગળોની ચકાસણી કર્યા પછી જ આગળ વધવું.

## દમણ રેડિયો

**102.3 FM**

आकाशवाणी

**સોમવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે** : ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૪૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 5 | | 6 | 4 | 9 | | 7 | |
| | | 3 | | | | 9 | | |
| 9 | | | | 5 | | | | 8 |
| 7 | 4 | | 1 | | 3 | | 2 | 5 |
| | | | | | | | | |
| 3 | 2 | | 8 | | 7 | | 4 | 9 |
| 4 | | | | 7 | | | | 6 |
| | | 1 | | | | 4 | | |
| | 8 | | 4 | 3 | 5 | | 9 | |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**સુડોકુ નં.૬૪૮નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 1 | 5 | 9 | 4 | 2 | 8 | 3 | 7 |
| 3 | 2 | 7 | 6 | 5 | 8 | 9 | 1 | 4 |
| 4 | 8 | 9 | 3 | 1 | 7 | 6 | 5 | 2 |
| 9 | 6 | 3 | 1 | 2 | 5 | 7 | 4 | 8 |
| 7 | 4 | 1 | 8 | 3 | 9 | 2 | 6 | 5 |
| 8 | 5 | 2 | 4 | 7 | 6 | 3 | 9 | 1 |
| 2 | 9 | 4 | 7 | 6 | 1 | 5 | 8 | 3 |
| 1 | 7 | 6 | 5 | 8 | 3 | 4 | 2 | 9 |
| 5 | 3 | 8 | 2 | 9 | 4 | 1 | 7 | 6 |

# વાપીની ૪ વર્ષની ત્રિયાંશીએ સ્વીમિંગમાં બનાવ્યો ઈન્ડિયા બુક ઓફ રેકર્ડ

**વાપી, તા.૦૯ :** વાપીની ૪ વર્ષ અને ૭ મહિનાની બાળકી ત્રિયાંશી કૃપેશ ઘરડાંડિયાએ સ્વીમિંગના ક્ષેત્રમાં સિદ્ધિ મેળવી ઇન્ડિયા બુક ઓફ રેકર્ડમાં પોતાનું નામ નોંધાવ્યું છે. નાની ઉંમરે મોટી સિદ્ધિ મેળવી તેણે પરિવાર અને દેશનું ગૌરવ વધાર્યું છે.

ત્રીયાંશીએ બેકસ્ટ્રોક સ્વીમિંગમાં ૨ મિનિટ અને ૩૭ સેકન્ડમાં અંતર પૂર્ણ કરી આ રેકોર્ડ હાંસલ કર્યો છે. નાની ઉંમર અને મોટા સપનાઓ સાથે યોગ્ય માર્ગદર્શન મળતા બાળકો કેવી કામગીરી કરી શકે છે તેનું ઉદાહરણ ત્રીયાંશી બની છે.




ત્રીયાંશીના પિતા શુભમ ગ્રુપના બિલ્ડર કૃપેશ , માતા છાયાલી અને કોચ મહાવીરસિંહ ગોહિલ તેમજ સમગ્ર પરિવારના પ્રોત્સાહનનું આ પરિણામ છે. બેકસ્ટ્રોક સ્વીમિંગની પ્રેક્ટિસ અને ટેકનિક પર મહેનત કરી ત્રીયાંશીએ આ લક્ષ્ય હાંસલ કર્યું છે.

લાયન્સ ક્લબ સાથે જોડાયેલા દાદા-દાદી નવિનભાઈ - ઉષાબેનએ જણાવ્યું કે પરિવારે નાનપણથી જ ત્રીયાંશીની પ્રતિભાને ઓળખી તેને સ્વીમિંગ માટે પ્રેરિત કરી હતી. કાકા લોયર મિત ઘરસંડીયાએ ત્રીયાંશીને જલપરી ઉપનામથી સન્માનિત કરી છે. ત્રીયાંશીની આ ઐતિહાસિક અને અદભુત સિદ્ધિ બદલ ઈન્ડિયા બુક ઓફ રેકર્ડ દ્વારા તેને મેડલ, સર્ટિફિકેટ અને રેકોર્ડ બુક આપી સન્માનિત કરવામાં આવી હતી. ભવિષ્યમાં તે દેશ માટે ઓલિમ્પિક જેવા મોટા મંચ પર ભારતનું નામ રોશન કરે તેવી શાનદાર સફળતાની શુભકામનાઓ સમગ્ર વાપી શહેર વતી મળી રહી છે.

# છીપવાડ નાળાની નબળી કામગીરીથી રીપેરીંગના કલાકમાં જ રસ્તો બિસ્માર



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા.૦૯ :** વલસાડ છીપવાડનું નાળુ છેલ્લા ૧૫ દિવસથી બંધ હોવાને કારણે સ્થાનિક નાગરિકો અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો. આ મામલે વલસાડ ખેરગામ રોડ પરના ૪૦ ગામોના સરપંચોએ એકત્રિત થઈને વલસાડ જિલ્લા અધિક કલેકટરને લેખિત અને મૌખિક રજૂઆત કરી હતી. સરપંચોની રજૂઆત બાદ તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે નાળુ રીપેર કરી તેને વાહનવ્યવહાર માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

જોકે, આશ્ચર્યજનક બાબત એ છે કે નાળુ ખુલ્લું મૂક્યાના કલાકોમાં જ તેની અંદર નાના-મોટા ખાડા પડી ગયા હતા અને રસ્તો અત્યંત બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયો હતો. માત્ર કલાકોમાં જ રસ્તાની આ દુર્દશા થતાં તંત્રની ગુણવત્તા નિયંત્રણ અને કામગીરી સામે ગંભીર સવાલો ઉઠવા પામ્યા છે. નાળુ લાંબા સમયથી બંધ રહેવાથી ૪૦ ગામોના લોકોને અવરજવર માટે ભારે મુશ્કેલીઓ વેઠવી પડી હતી.

સ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈને ૪૦ ગામોના સરપંચોએ જિલ્લા અધિક કલેક્ટરને રજૂઆત કરી ત્વરિત ઉકેલ લાવવાની માંગ કરી હતી. રજૂઆતના પગલે તંત્રએ તબડતોબ નાળુ શરૂ તો કરી દીધું, પરંતુ નબળી કામગીરીના કારણે કલાકોમાં જ ખાડા પડી ગયા હતા.

૧૫ દિવસ સુધી નાળુ બંધ હોવા છતાં વહીવટી તંત્ર દ્વારા આ જગ્યાએ સિમેન્ટ કોંક્રીટ (સીસી) કે પેવર બ્લોકનો મજબૂત રસ્તો કેમ ન બનાવવામાં આવ્યો, તે હાલ લોકમુખે અને તપાસનો મોટો વિષય બન્યો છે.

સ્થાનિક રહીશો અને સરપંચો દ્વારા આ પ્રકારે કરવામાં આવતી કામગીરી સામે રોષ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે અને જવાબદાર એજન્સીઓ સામે કડક કાર્યવાહી કરી કાયમી ધોરણે રસ્તો સારો બનાવવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# વાપીમાં રેલ્વે ઓવરબ્રિજના કામ વચ્ચે કંચનનગર માર્ગ પર ભારે ટ્રાફિક

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**



**વાપી, તા.૦૯ :** વાપી મહાનગરપાલિકા માં આવતા ગીતા નગરથી ઈમરાન નગરને જોડતા માર્ગ ઉપર રેલવે ઓવરબ્રિજનું કામ ચાલી રહ્યું હોવાથી મહાત્મા ગાંધી સર્કલથી ઈમરાન નગર સુધીનો માર્ગ વાહન વ્યવહાર તેમજ રાહદારીઓ માટે અવરજવર માટે બંધ કરવામાં આવ્યો છે. જેના પગલે ગીતા નગરથી સેલવાસ રોડ તરફ જવા-આવવા માટે ગીતાનગર પ્રાથમિક શાળાથી ઈમરાન નગર મસ્જિદ સુધી સેલવાસ રોડને જોડતો કંચન નગરનો માર્ગ હાલમાં એકમાત્ર વિકલ્પ બન્યો છે. આ માર્ગ ઉપર દરરોજ મોટી સંખ્યામાં બાઈકકાર તેમજ અન્ય વાહનોની અવરજવર થઈ રહી છે. જોકે, કંચન નગર માર્ગ ઉપર પહેલેથી જ કાયમી ટ્રાફિકની સમસ્યા જોવા મળે છે. માર્ગની બંને બાજુ થયેલા ગેરકાયદે દબાણો તેમજ સરકારી જમીન ઉપર થયેલા દબાણોના કારણે રસ્તો સાંકડો બની ગયો છે. પરિણામે વાહનોની વધેલી અવરજવર વચ્ચે ટ્રાફિકની સમસ્યા વધુ ગંભીર બની રહી છે.

અગાઉ વર્ષ ૨૦૨૪માં વાપી નગરપાલિકા હતી તે દરમિયાન અહીં આ માર્ગને પહોળો કરવા માટે માર્ગની બંને બાજુ સરકારી જમીન ઉપર થયેલા દબાણો દૂર કરવા માર્કિંગ કરવામાં આવ્યું હતું. પરંતુ માર્કિંગ થયાને લાંબો સમય વીતી ગયો હોવા છતાં આજદિન સુધી દબાણો દૂર કરી માર્ગને પહોળો કરવાની કામગીરી હાથ ધરવામાં આવી નથી.

હાલમાં રેલવે ઓવરબ્રિજના કામને કારણે મુખ્ય માર્ગ બંધ હોવાથી કંચન નગર માર્ગ ઉપર વાહનોનો ભાર અનેકગણો વધ્યો છે. જેના કારણે વાપી જીઆઈડીસીની કંપનીઓમાં કામકાજ અર્થે આવતા-જતા લોકો તેમજ પૂર્વ અને પશ્ચિમ વિસ્તારો વચ્ચે અવરજવર કરતા વાહનચાલકો માટે આ માર્ગ પરથી પસાર થવું મુશ્કેલ અને કંટાળાજનક બની રહ્યું છે.

આ માર્ગ ઉપરથી પસાર થતાં રાહદારીઓ તેમજ વાહન ચાલકો અને સ્થાનિક સ્તરે એવી માંગ ઉઠી રહી છે કે, વાપી મહાનગરપાલિકાના વહીવટી તંત્ર દ્વારા સમગ્ર પરિસ્થિતિને ધ્યાનમાં લઈ કંચન નગર માર્ગ ઉપર થયેલા દબાણો સામે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે અને માર્ગને પહોળો કરવાની કામગીરી હાથ ધરવામાં આવે. જો સમયસર દબાણો દૂર કરી માર્ગ પહોળો કરવામાં આવે તો હાલની ટ્રાફિક સમસ્યામાં નોંધપાત્ર રાહત મળી શકે તેમ છે.

# ઉમરગામ તાલુકા ભાજપ દ્વારા સ્વચ્છતા અભિયાન યોજાયું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૦૯ :** વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીએ દર મહિનાના -થમ રવિવારે ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં સફાઈ અભિયાન અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરી લોક જાગૃતતા અર્થે પ્રયાસ કરવા અનુરોધ કરાયો હતો. આજે મહિનાના પ્રથમ રવિવારે ઉમરગામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા ભાજપ સંગઠન દ્વારા ધારાસભ્ય રમણભાઈ પાટકર ના માર્ગદર્શન હેઠળ ફણસા ગ્રામ પંચાયત મુખ્ય બજાર વિસ્તારમાં સફાઈ અભિયાન અંતર્ગત સફાઈ કરી કચરાનો નિકાલ કરાયો હતો અને લોકોને સ્વચ્છતા ત્યાં પ્રભુતા ના સૂત્રને અનુસરી જાહેર સ્થળ ઉપર ગંદકી ન ફેલાવવા અનુરોધ કરાયો હતો. તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ ડોક્ટર નિરવ શાહ, તાલુકા પંચાયત પ્રમુખ સતિષભાઈ, તાલુકા સરપંચ સંઘ પ્રમુખ રાકેશભાઈ વઘાત, જિલ્લા પંચાયત સભ્યો તાલુકા પંચાયત સભ્યો જિલ્લા અને તાલુકા ભાજપ સંગઠનના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત સરપંચો જેમાં કરજગામ ગ્રામ પંચાયત સરપંચ કમલેશભાઈ, બીલીયા ગ્રામ પંચાયત સરપંચ, કલગામ ગ્રામ પંચાયત સરપંચ, તાલુકા એપીએમસી ડિરેક્ટર વિજયભાઈ પાટકર, પૂર્વ ધારાસભ્ય શંકરભાઈ વારલી, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ અલકાબેન, પૂર્વ તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ ભારતીબેન, વલસાડ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ નરેશભાઈ વળવી, મયુરીબેન, ફણસા ગ્રામ પંચાયત સરપંચ મનીષભાઈ (મુન્નાભાઈ), સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ સફાઈ અભિયાનમાં જોડાયા હતા. દર મહિનાના પ્રથમ રવિવારે ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં સફાઈ અભિયાન નું આયોજન કરાશે તેમ ધારાસભ્ય રમણભાઈ પાટકર એ જણાવ્યું હતું. કાર્યક્રમમાં સફાઈ કર્મીઓને સાલ ઓઢાડી સન્માન કરાયું હતું.

# વાપીનાં હેડ કોન્સ્ટેબલ હિતેશ દરજીને ASI તરીકે બઢતી અપાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૯ :** વાપી ટ્રાફિક પોલીસ વિભાગ માટે આજે ગૌરવની ક્ષણ સર્જાઈ હતી. ટ્રાફિક વિભાગમાં વર્ષોથી ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ હિતેશભાઈ દરજીને બઢતી આપી સહાયક ઉપ નિરીક્ષક ASI તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.

બઢતીના આ શુભ અવસરે વાપી DYSP બી.એન. દવે અને વાપી ટ્રાફિક પોલીસ ઈન્સ્પેક્ટર કનાની મેડમ એ તેમના હસ્તે હિતેશભાઈના ખભા પર નવા સ્ટાર લગાવી તેમનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે બંને અધિકારીઓએ હિતેશભાઈને નવી જવાબદારી માટે શુભેચ્છાઓ પાઠવી અને વધુ સારી રીતે સેવા આપવા પ્રોત્સાહિત કર્યા.

હિતેશભાઈ દરજીએ ટ્રાફિક વિભાગમાં પ્રમાણિકતા અને કર્તવ્યનિષ્ઠાથી ફરજ બજાવી છે. તેમની આ બઢતી સમગ્ર ટ્રાફિક સ્ટાફ માટે પ્રેરણારૂપ બની છે. આ પ્રસંગે ટ્રાફિક પોલીસના અન્ય કર્મચારીઓ અને સાથીદારો પણ ઉપસ્થિત રહી હિતેશભાઈને અભિનંદન આપ્યા હતા.

# ડુમલાવથી દીપડો પાંજરે પુરાયો


**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૦૯ :** સામાજીક વનિકરણ રેંજ પારડીના કાર્ય વિસ્તારમા આવેલ પારડી તાલુકાના ડુમલાવ ગામમાં આવેલ ભગત ફળીયા ખાતે વિનોદભાઈ ચીમનભાઈ પટેલના ઘરેથી ૬ ઓગસ્ટના રોજ વન્યપ્રાણી દિપડાને મરઘાઓનુ મારણ કરવાની ફરીયાદ ડુમલાવના સરપંચ પ્રકાશભાઈ પટેલ દ્વારા રેંજ ફોરેસ્ટ ઓફિસર અંકિત એમ પટેલ ને કરી હતી સરપંચ પ્રકાશભાઈ ના જણાવ્યા મુજબ ડુમલાવ અંબાચ વિસ્તારમાં બે થી ત્રણ દીપડા ફરી રહ્યા હોવાનું જણાવ્યું હતું ઘટના ની જાણ પારડી વન વિભાગને કરતા વન વિભાગનો સ્ટાફ તાત્કાલીક સ્થળની મુલાકાત કરી સ્થળ પર પાંજરૂ ગોઠવણ કરી હતી ત્યાર બાદ ૮ ઓગસ્ટના રોજ સાંજે આશરે ૦૯ઃ૦૦ કલાકે વન્યપ્રાણી દિપડો પાંજરૂમા પુરાતા



વન વિભાગ ટીમ સ્થળ પર પહોંચી પાંજરૂ કબજે લઈને વન્યપ્રાણી દિપડા માદા ૧નો કબ્જો મેળવી સુરક્ષિત જગ્યાએ ખસેડી લીધી હતી જેનુ પશુચિકિત્સક પારડી ધ્વારા મેડીકલ ચેકઅપ કરી,નાયબ વન સંરક્ષક વલસાડના માર્ગદર્શન હેઠળ વન્યપ્રાણીને જંગલ વિસ્તારમા મુક્ત કરવાની આગળની કાર્યવાહી હાથ ધરવામા આવશે ત્યારે દીપડા જંગલ તરફ થી હવે શહેર વિસ્તાર સુધી શિકારની શોધ માં દેખાઈ રહ્યા છે અગાઉ પણ ડુમલાવ ગામથી દીપડો પાંજરે પુરાયો હતો.

# વાપીની જ્ઞાનગંગા સ્કૂલમાં ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૯ :** જ્ઞાન ગંગા ઇંગ્લિશ મીડિયમ હાઇ સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગ સલામતીના મહત્વ અને રસ્તાઓ પર જવાબદાર વર્તન વિશે શિક્ષિત કરવા માટે ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું સંચાલન વાપી સહેર ટ્રાફિક પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રીમતી ડી. વી. કાનાણી દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને ટ્રાફિક સલામતીના વિવિધ પાસાઓ પર માર્ગદર્શન આપ્યું હતું, જેમાં ટ્રાફિક નિયમોનું પાલન, હેલ્મેટ અને સીટ બેલ્ટ પહેરવા, રાહદારીઓ ક્રોસિંગનો ઉપયોગ કરવો, વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોન ટાળવો અને જવાબદાર માર્ગ વર્તનનું મહત્વ સમજવું શામેલ છે.

ઈન્ટરેક્ટિવ સત્રાથી વિદ્યાર્થીઓને સમજવામાં મદદ મળી કે માર્ગ સલામતી એક સહિયારી જવાબદારી છે અને ટ્રાફિક નિયમોનું પાલન કરવાથી કિંમતી જીવન બચી શકે છે. વિદ્યાર્થીઓએ ધ્યાનથી સાંભળ્યું અને કાર્યક્રમમાં સક્રિયપણે ભાગ લીધો. શાળાએ આ માહિતીપ્રદ અને મૂલ્યવાન જાગૃતિ કાર્યક્રમ યોજવા બદલ પોલીસ ઈન્સ્પેક્ટર ડી. વી. કાનાણી અને વાપી સહેર ટ્રાફિક પોલીસ સ્ટેશનનો હૃદયપૂર્વક આભાર માન્યો. આ પહેલ વિદ્યાર્થીઓમાં જવાબદાર, સતર્ક અને સલામતી પ્રત્યે સભાન નાગરિકો બનાવવા તરફ એક અર્થપૂર્ણ પગલું હતું.

# સેલવાસના બાળકોને નોટબુક અને દવાઓનું વિતરણ કરાયું

**વાપી, તા.૦૯ :** વિશ્વ આદિવાસી દિવસના પાવન અવસરે પરજાઈ, સિલવાસા સ્થિત વસુંધરા વિદ્યાપીઠ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં એક નાની સેવા પહેલ કરવામાં આવી. સંજય શિંદે અને તેમની ટીમ દ્વારા જરૂરતમંદ બાળકો સાથે સમય વિતાવી તેમને જરૂરી શૈક્ષણિક સામગ્રી અર્પણ કરવામાં આવી.

ગત તા. ૨૩ જુલાઈના રોજ આવેલી ભારે પૂરના કારણે અનેક બાળકોના ઘરો અને સ્કૂલમાં પાણી ભરાઈ ગયા હતા. જેના કારણે બાળકોની ચોપડીઓ, સ્કૂલની સામગ્રી અને અન્ય જરૂરી વસ્તુઓ પાણીમાં તણાઈ જતાં મોટું નુકસાન થયું હતું. આ મુશ્કેલ સમયમાં બાળકોના ચહેરા પર ફરી સ્મિત લાવવા અને તેમનો અભ્યાસ ચાલુ રહે તે હેતુથી આ મદદ કરવામાં આવી.

સંજય શિંદેની ટીમ તરફથી બાળકોને નોટબુક, જીઓમેટ્રી બોક્સ અને જરૂરી દવાઓ ભેટ આપવામાં આવી. આ પ્રસંગે અશ્વિની તાઈ રાણે અને માયા તાઈ શિંદે પણ ઉપસ્થિત રહ્યા હતા.



સંજય શિંદેએ જણાવ્યું કે અમારો હેતુ માત્ર મદ કરવાનો નથી, પરંતુ બાળકોને એ વિશ્વાસ આપવાનો છે કે મુશ્કેલ સમયમાં સમાજ તેમની સાથે છે. કોઈપણ બાળકનું ભણતર અટકવું ન જોઈએ અને કોઈપણ આપત્તિ બાળકોના સપનાઓ પર અસર ન કરે.

કાર્યક્રમના અંતે ટીમના તમામ સાથીઓનો આભાર માનવામાં આવ્યો. આયોજકોએ કહ્યું કેં સેવા જ સાચી માનવતા છે અને બાળકોની સ્મિત જ અમારી સૌથી મોટી કમાણી છે.

# સંજાણ ખાતે મેગા રક્તદાન કેમ્પમાં ૩૫૦થી ૪૦૦ યુનિટ રક્ત એકત્ર કરાયું

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૦૯ :** માનવસેવાના ઉદ્દેશ્ય સાથે સંજાણ ખાતે તા. ૯ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ મેગા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. અતુલ રૂરલ ડેવલપમેન્ટ ફંડના સહયોગથી શ્રી જય અંબે નવયુવક મંડળ તથા શ્રી જય અંબે મહિલા મંડળ, સંજાણ દ્વારા આદર્શ બુનિયાદી પ્રાથમિક શાળા, સ્ટેશન રોડ ખાતે આ રક્તદાન કેમ્પ યોજાયો હતો.

સવારે ૮ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી યોજાયેલા કેમ્પમાં સંજાણ સહિત આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં યુવાનો, સામાજિક કાર્યકરો અને નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રક્તદાન કર્યું હતું. આયોજકોના જણાવ્યા મુજબ દર વર્ષે યોજાતા આ કેમ્પમાં અંદાજે ૩૫૦થી ૪૦૦ યુનિટ રક્ત એકત્ર કરવામાં આવે છે. આ વર્ષે પણ મોટી સંખ્યામાં રક્તદાતાઓએ રક્તદાન કરી માનવસેવાના આ અભિયાનને સફળ બનાવ્યું હતું. કેમ્પમાં વલસાડ રક્તદાન કેન્દ્રનો સહયોગ રહ્યો હતો.



કેમ્પ દરમિયાન રક્તદાનના મહત્વ અંગે લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. એક યુનિટ રક્ત જરૂરિયાતમંદ દર્દીના જીવનને બચાવવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે, તેવો સંદેશ આપી લોકોને નિયમિત રક્તદાન કરવા પ્રેરિત કરવામાં આવ્યા હતા.

રક્તદાતાઓને પ્રોત્સાહિત કરવા આયોજકો દ્વારા વિશેષ ભેટની વ્યવસ્થા કરવામાં આવી હતી. દરેક રક્તદાતાને કોલેજ બેગ (ઓફિસ બેગ) ભેટરૂપે આપવામાં આવી હતી. ઉપરાંત રક્તદાતાઓમાંથી બે નસીબદાર વિજેતાઓની પસંદગી કરી તેમને સાઈકલ ભેટ આપવામાં આવી હતી.

કેમ્પને સફળ બનાવવા માટે શ્રી જય અંબે નવયુવક મંડળ, શ્રી જય અંબે મહિલા મંડળ, અતુલ રૂરલ ડેવલપમેન્ટ ફંડ તથા વલસાડ રક્તદાન કેન્દ્રના કાર્યકરો અને સ્વયંસેવકોએ મહત્વપૂર્ણ કામગીરી કરી હતી. અંતે આયોજકોએ રક્તદાન કરી માનવસેવાના આ અભિયાનમાં સહભાગી બનેલા તમામ રક્તદાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# વાપી-સેલવાસ રોડ કેબીએસ કોલેજ પાસે કચરાના ઢગલાથી આરોગ્ય સામે જોખમ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૯ :** વાપી-સેલવાસ રોડ ઉપર ચણોદ વિસ્તારમાં આવેલી જાણીતી KBS કોલેજ અને કામદાર હોસ્પિટલના કમ્પાઉન્ડ નજીક છેલ્લા ઘણા સમયથી કચરાના ઢગલા અને ગંદકી જોવા મળી રહી છે. મુખ્ય માર્ગની બાજુમાં જ કચરો એકત્રિત થતો હોવાથી અહીંથી પસાર થતા લોકો તેમજ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.



ચણોદ વિસ્તારમાં મુખ્ય રસ્તાની બાજુમાં કચરો એકઠો થઈ જતાં ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. કચરાના ઢગલાને કારણે દુર્ગંધ ફેલાવા ઉપરાંત મચ્છર અને અન્ય જીવજંતુઓનો ઉપદ્રવ વધવાની શક્યતા છે. જેના પગલે કોલેજમાં અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થીઓ તેમજ હોસ્પિટલમાં આવતા દર્દીઓના આરોગ્ય સામે પણ જોખમ ઊભું થયું છે.એક તરફ સ્વચ્છતા જાળવવા માટે તંત્ર દ્વારા વિવિધ -યાસો કરવામાં આવે છે, ત્યારે બીજી તરફ શૈક્ષણિક સંસ્થા અને હોસ્પિટલ જેવા મહત્વના સ્થળોની નજીક જ કચરાના ઢગલા જોવા મળતા વહીવટી તંત્રના સફાઈ વ્યવસ્થા સામે અનેક સવાલો ઊભા થયા છે. સ્થાનિકોએ તાત્કાલિક કચરો હટાવી આ વિસ્તારમાં નિયમિત સફાઈ કરવામાં આવે તેવી માંગ કરી છે.

# સેલવાસ એપીજે અબ્દુલ કલામ કોલેજ ખાતે ડ્રગ મુક્ત કાર્યક્રમ યોજાયો

**સેલવાસ, તા.૦૯ :** યુવા બાબતો અને રમતગમત મંત્રાલય, ભારત સરકારના માય યુથ ઈન્ડિયા (માય ભારત) ના નેજા હેઠળ, માય ભારત સિલ્વાસા, ડૉ. એપીજે અબ્દુલ કલામ સરકારી કોલેજ, સિલ્વાસા સાથે સંકલનમાં, આજે ડૉ. એપીજે અબ્દુલ કલામ ઓડિટોરિયમ, સિલ્વાસા ખાતે વિકસિત ભારત માટે ડ્રગ-મુક્ત યુવૉ કાર્યક્રમનું આયોજન કર્યું. કાર્યક્રમના મુખ્ય મહેમાન એસએમસી સિલ્વાસાના પ્રમુખ સોમનાથ દેવરે પાટીલ હતા.



આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય યુવાનોમાં ડ્રગના દુરૂપયોગના દુરૂપયોગના દુરૂપયોગ વિશે જાગૃતિ લાવવા અને તેમને રમતગમત, સંસ્કૃતિ, કલા અને અન્ય સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં જોડવાનો હતો જેથી ડ્રગ-મુક્ત સમાજ અને વિકસિત ભારતના નિર્માણમાં તેમની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત થાય.

યુવાનોની પ્રતિભા અને સર્જનાત્મકતા પ્રદર્શિત કરવા માટે કાર્યક્રમના ભાગ રૂપે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આમાં લોકગીતો, નૃત્ય, શેરી નાટકો/માઈમ એક્ટ્સ, ચિત્રકામ, ચર્ચા/ભાષણો અને રીલ્સનો સમાવેશ થતો હતો. સ્પર્ધાઓમાં ટૂંકી ફિલ્મ નિર્માણ, સૂત્ર લેખન અને સ્લેમ કવિતાનો સમાવેશ થતો હતો.

મુખ્ય મહેમાન શ્રી સોમનાથ દેવરે પાટીલે યુવાનોને સંબોધતા તેમને ડ્રગ્સથી દૂર રહેવા અને તેમની ઉર્જાને શિક્ષણ, રમતગમત, કલા, સંસ્કૃતિ અને સામાજિક પ્રવૃત્તિઓમાં લગાવવા વિનંતી કરી. તેમણે ભાર મૂક્યો કે વિકસિત ભારતના વિઝનને સાકાર કરવામાં ફક્ત સ્વસ્થ, જાગૃત અને જવાબદાર યુવાનો જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

કાર્યક્રમ MY ભારત સિલવાસા જિલ્લા યુવા અધિકારી વિઠ્ઠલ ચોરમાલે અને ડૉ. એપીજે અબ્દુલ કલામ સરકારી કોલેજના આચાર્ય ડૉ. ભગવાનજી ઝાએ સફળ આયોજનમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. કોલેજ યુવા કન્વીનર ડૉ. રામ જોશી અને તેમના વિદ્યાર્થીઓએ એકંદર સ્પર્ધાઓનું પ્રશંસનીય રીતે સંચાલન કર્યું.

# નામદાર ગુજરાત હાઈકોર્ટે માંગણી સ્વીકારતા વલસાડ વકીલ મંડળમાં ખુશીનો માહોલ

**વલસાડ, તા. ૯ :** નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા એક પરિપત્ર જાહેર કરવામાં આવેલ આ નોટિફિકેશન માં વકીલો ને રોજિંદા કોર્ટના કામમાં A-4 સાઈઝ ના 75GSM પેપર નો ફરજીયાત ઉપયોગ કરવો, રોજબરોજ ના કામ માં હાથ થી લખેલી અરજીઓ ના સ્વીકારવી લોહિત ફ્રોન્ટ નો જ ઉપયોગ કરવો, પેપર માં ચારે બાજુ નિયત કરેલ સ્પેસ છોડવી

વિગેરે ફરજીયાત કરી એક નોટિફિકેશન જાહેર કરેલ જેનો બાર કાઉન્સિલ ઓફ ગુજરાત ના નેતૃત્વ માં વિરોધ દર્શાવેલ જે અનુસંધાને સમગ્ર ગુજરાતના તમામ તાલુકા જિલ્લા ની કોર્ટમાં પ્રેક્ટિસ કરતા વકીલ મંડળોએ વિરોધ કરી હળતાલનું આહવાન આપ્યું હતું. જે અંતર્ગત સમગ્ર વલસાડ જિલ્લા મુકામે કાર્યરત વકીલ મંડળોએ વિરોધ કરતો સંયુક્ત ઠરાવ કરી કોર્ટના કામકાજ થી અળગા રહેવાનો ઠરાવ કરેલ અને આખા જિલ્લાની તમામ કોર્ટના તમામ વકીલો છેલ્લા પાંચ દિવસ થી કોર્ટના કામકાજ થી અલગા રહી વિરોધ પ્રદર્શન કર્યા હતા.

આ વિરોધ ને ગંભીરતા થી લઈ નામદાર ગુજરાત હાઈકોર્ટે આજરોજ નવું નોટિફિકેશન જાહેર કરી વકીલો ની માંગણી સ્વીકારી લીધી હોય વકીલો ની એકતા નો વિજય થયો હતો.

આ અનુસંધાને વલસાડ ડીસ્ટ્રીકટ કોર્ટ મુકામે ત્રણેય વકીલ મંડળો દ્વારા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્ય પી. ડી. પટેલ તેમજ ભરતભાઈ ડી. દેસાઈ તથા અમિતભાઈ ગુપ્તા ની આગેવાનીમાં વકીલોએ ફટાકડા ફોડી મીઠાઈ ખવડાવી વિજયોત્સવ મનાવ્યો હતો. આ તબક્કે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્ય દ્વારા સમગ્ર ગુજરાત ની એકતાના વિજય બદલ આભાર વ્યક્ત કર્યો હતો અને વલસાડ અને દક્ષિણ ગુજરાત ના વકીલો ને અભિનંદન પાઠવ્યા હતાં.

વિશેષ વાંચન

Monday 10, August 2026

દમણગંગા ટાઇમ્સ

# ડેમેજ કંટ્રોલ થશે ?

વિદ્યાર્થી આંદોલન પછી દેશભરમાં અશાંતિ ફેલાય નહીં તેની ચિંતા અનુભવી નેતાઓ અને રાજકીય નિરીક્ષકોને છે. રાષ્ટ્રીય સેવકસંઘના સરસંઘચાલક મોહન ભાગવતે સમયસર ડેમેજ કન્ટ્રોલ કરવાનો પ્રયાસ કર્યો છે. એમણે યુવાવર્ગને સમર્થન આપ્યું છે. આંદોલન થાય તો સંવાદથી સમજૂતી થઈ શકે એમ જણાવ્યું છે. ભારતની યુવાપેઢીનો દેશપ્રેમ ઘણો છે, સાચો અને પ્રામાણિક છે - એમ પણ કહ્યું છે. વિદ્યાર્થીઓ પ્રતિ સહાનુભૂતિ દાખવી છે તે રાજકીય લાભ લેવા માટે નહીં, પણ રાજકીય ગેરલાભ લેવા માગતા નેતાઓ આરએસએસ વિરોધી કુપ્રચાર કરે છે તે પ્રતિ સજાગ રહેવા માટે છે. એમણે વિદ્યાર્થીઓ અને સમાજમાં જે અસંતોષ અને રોષ છે તેને સમજવાનો અને શાંત પાડવાનો પ્રયાસ કર્યો છે. આ પ્રક્રિયામાં કેન્દ્ર સરકારની આડકતરી ટીકા પણ કરી છે. અલબત્ એમણે યુવાવર્ગને સમજાવવાનો પ્રયાસ જરા, વહેલો કર્યો હોત તો તો આંદોલનને વધુ ગંભીર વ્યાપક બનતું અટકાવી શકાત યુવા વર્ગ દેશવિરોધી - દ્રોહી નથી અને એમની માગણી યોગ્ય છે એવું સર્ટિફિકેટ મળ્યું હોવાથી અભિજિત દીપકેએ મોહન ભાગવતનાં નિવેદનને આવકાર્યું છે, પણ તેનાથી ડેમેજ કંટ્રોલ થશે? ભાજપ સામેનો વિરોધ યથાવત્ છે અને રાજકીય પડકારનો સામનો ભાજપ કરે છે!

વડા પ્રધાને શિક્ષણ ક્ષેત્રના સુધારાની ખાતરી ગૅરન્ટી આપી છે, સુપ્રીમ કોર્ટે પણ આંદોલન વખતે શક્તિ પ્રયોગમાં સંયમ જાળવવા પોલીસને કહ્યું છે. એટલું જ નહીં, આ બાબતમાં નીતિ-નિયમ ઘડાય તેવી આશા જાગી છે, પણ રાજકીય નેતાઓ પરિસ્થિતિનો રાજકીય લાભ ઉઠાવવા માગે છે. સંસદમાં ગતિરોધ છે. ગૃહપ્રધાન અમિત શાહ નિવેદન કરે અર્થાત્ માફી માગે એવા હઠાગ્રહ પાછળ રાજકારણ છે! બીજી બાજુ કોક્રોચ પાર્ટીના સ્થાપક અભિજિત દીપકે હવે દેશવ્યાપી આંદોલન - માત્ર વિદ્યાર્થીઓ નહીં, નાગરિકો પણ જોડાય એવું - શરૂ કરવા માગે છે. બેકારી મુખ્ય મુદ્દો છે. વડા પ્રધાને ઘણાં વખત - વર્ષોથી કૌશલ્ય તાલીમની હિમાયત કરી છે તે બેકારી - નિવારણ માટે યોગ્ય ઉપાય છે પણ હજુ તેનો અસરકારક અમલ અને સ્વીકૃતિ નથી.

ઑગસ્ટ મહિનો ભારતમાં આંદોલનનો મહિનો ગણાય છે તેથી સરકાર સાવધાન છે. મહત્ત્વનાં રાજ્યોમાંઆવતા વર્ષે ચૂંટણી છે તેથી વિપક્ષો વિવાદના મુદ્દા અયોધ્યાથી જંતરમંતર સુધીના - જીવંત રાખવા માગે છે. ભારતની બિન-સરકારી સંસ્થાઓને વિદેશથી મળતા અઢળક નાણાંનો ઉપયોગ ધર્મ પરિવર્તન અને ભારતવિરોધી પ્રવૃત્તિઓ માટે થાય છે તે રોકવાના પ્રયાસ થઈ રહ્યા છે તેનો પણ વિરોધ આપણા સ્વદેશી પક્ષો કરી રહ્યા છે!

જોકે, વિરોધ પક્ષોના નિશાના ઉપર અમિતભાઈ શાહ અને નરેન્દ્રભાઈ મોદી છે - અને તેથી વધુ આરએસએસ છે! મોહન ભાગવતનાં વક્તવ્યમાં એમણે સરકારની ટીકા કરીને અંતર બતાવ્યું છે.



કોક્રોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજિત દીપકે કહે છે કે તેઓ રાજકીય પક્ષ બનાવવા માગતા નથી પણ દેશભરમાં જનઆંદોલન શરૂ કરીને નેતાઓ - શાસકો ઉપર દબાણ લાવવા માગે છે, ચૂંટાયેલા પ્રતિનિધિઓ જનતાને જવાબદાર હોવા જોઈએ. આ સાથે એમણે સરકારી એજન્સીઓના ગેરઉપયોગ તથા રાજકીય વિપક્ષોની તોડ-ફોડનો ઉલ્લેખ કરીને એમના રાજકીય આંદોલનનો વ્યૂહ જણાવી દીધો છે.

જંતરમંતરથી સંસદ ચલોનું સૂત્ર આપીને એમણે સંસદ ઉપર લક્ષ્ય હોવાનો સંદેશ આપ્યો છે. જંતરમંતરનાં ટોળાંમાંથી સંસદ તોડોનો અવાજ પણ ઊઠ્યો હતો!



શાસકોની જવાબદારીના નામે સંસદીય લોકશાહી ખતમ કરીને દેશભરમાં જનઆંદોલનોથી અરાજકતા ઊભી કરવાની નેમ છે નેપાળ, બાંગ્લાદેશ, શ્રીલંકાનાં ઉદાહરણ અપાય છે તો શું તેનું અનુકરણ કરવું છે

જંતરમંતરનું આંદોલન સમેટી

**વિશ્લેષણ**

**કુન્દન વ્યાસ**

લેવાયું. વડા પ્રધાને શિક્ષણ ક્ષેત્રના સુધારાની દિશામાં મહત્ત્વના નિર્ણય -જાહેર કર્યા છે અને તેનો અમલ - ભવિષ્યમાં જોવા મળશે. જનઆંદોલન અને પોલીસ અસર નજીકનાબળપ્રયોગ અંગે નિયમો ઘડવા માટે સુપ્રીમ કોર્ટ સક્રિય છે છતાં આંદોલનમાં પોલીસ દમનના નામે રાજકારણ ચાલુ છે, સંસદની કાર્યવાહીમાં અવરોધ છે પરિણામે મહત્ત્વના ખરડા અટકી પડયા છે: આવું ક્યાં સુધી ચાલશે? આવતા વર્ષે ઉત્તર પ્રદેશ અને ગુજરાત સહિત રાજયોમાં વિધાનસભાઓની ચૂંટણી છે. બિહારમાં વિધાનસભાની એક ચૂંટણીમાં ભાજપના ઉમેદવારની હાર થયા પછી વિપક્ષો જોરમાં છે અને વધુ આક્રમક બન્યા છે. તેની અસર દિલ્હીમાં સ્પષ્ટ દેખાય છે!

વિપક્ષી નેતા રાહુલ ગાંધીના નિશાના ઉપર ગૃહપ્રધાન અમિત શાહ છે. અયોધ્યામાં દેવદ્રવ્યની ચોરી અને જંતરમંતર ખાતે વિદ્યાર્થીઓ ઉપર પોલીસ દમનનો જવાબ માગી રહ્યા છે.ગૃહપ્રધાન લોકસભામાં આવીને નિવેદન કરે પછી ચર્ચામાં વિપક્ષો ભાગ લેશે. ચર્ચાનો જવાબ પણ ગૃહપ્રધાન આપે તે સ્વાભાવિક છે પણ વિપક્ષોની માગણી વધુ પડતી છે. કોણ જવાબ આપે તે સરકાર નક્કી કરી શકે, વિપક્ષ નહીં. ચર્ચામાં મુખ્ય માગણી ગૃહપ્રધાનના રાજીનામાની જ હશે. શિક્ષણપ્રધાનના- રાજીનામાની માગણીનો સ્વીકાર થયો તે પછી વિપક્ષે કહ્યું શિક્ષણપ્રધાન નહીં, ગૃહપ્રધાન રાજીનામું આપે! ગૃહ-ધાન અમિત શાહ રાજીનામું આપે એટલે મોદી એનડીએ સરકાર તૂટે, પતન થાય - આ સંજોગોની રાહ વિપક્ષી નેતા જોઈ રહ્યા છે અને જનઆંદોલનથી અરાજકતા - રાજકીય અને શાસકીય અંધાધૂંધી આસાન બનશે એવી આશા ઘણા નેતાઓ સેવી રહ્યા છે!સંસદનું વર્તમાન સત્ર છેલ્લા તેર દિવસથી લગભગ ઠપ છે! ચૂંટણી ક્ષેત્રોના સીમાંકન અને મહિલા આરક્ષણનો પ્રબંધ કરતા ખરડા અટકી પડ્યા છે, કારણ કે સીમાંકન અને મહિલા આરક્ષણથી મોદી - ભાજપને લાભ થશે. રાજ્યોની વિધાનસભાઓમાં બહુમતી મેળવીને મોદી એક રાષ્ટ્ર એક ચૂંટણીનો અમલ ૨૦૨૯ પછીનીલોકસભા ચૂંટણી માટે કરશે. જો વડા પ્રધાનને મોકળું મેદાન મળી જાય તો વિપક્ષો હાથ ઘસતા રહી જાય. મૂળ કારણ આ છે.

સીમાંન પછી લોકસભાની બેઠક સંખ્યા ૫૪૫થી વધીને ૮૫૦ થઈ શકશે અને તેમાં પચાસ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રખાશે - એવી ધારણા છે. મહિલાઓ - ગમે તે પક્ષની હોય - ઉમેદવારી કરી શકે છતાં ભાજપ-એનડીએની મહિલા ઉમેદવારોની સંખ્યા વધુ હશે અને લોકસભામાં મોદી મોટી બહુમતી મેળવશે એવી શંકા વ્યક્ત થાય છે. લોક્સભામાં મોટી બહુમતી અને મોટા ભાગનાં રાજ્યોમાં બહુમતી મેળવ્યા પછી એક રાષ્ટ્ર - એક ચૂંટણી આસાન બનશે. આવી શક્યતા વિપક્ષો માટે ભયસ્થાન - 'રિસ્ક ફેક્ટર'છે તેથી સંસદમાં ગતિ - રોધ થઈ રહ્યો છે. સંસદીય બાબતોના પ્રધાન કિરણ રિજિજુ બે વખત વિપક્ષી નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા વડરા ગાંધીને મળ્યા પણ રાહુલ ગાંધી સંસદમાં સહકાર આપવા તૈયાર નથી.આ દરમિયાન રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા શરૂ થઈ કે સ્વાતંત્ર્ય દિન - પંદરમી ઑગસ્ટે વડા પ્રધાન મોદી લાલ કિલ્લા ઉપરથી રાષ્ટ્રજોગો સંદેશો આપે તેમાં શિક્ષણ - સુધારા—યુવાવર્ગને ગૅરન્ટી-વચન ઉપરાંત મહિલા આરક્ષણનું મહત્ત્વ અને રાજકીય સર્વસંમતિ અનિવાર્ય હોવાનું જણાવશે - અને તે પછી બે દિવસ માટે - ફરીથી લોક્સભા અને રાજયસભાની બેઠક બોલાવીને ખરડા રજૂ થાય ત્યારે વિપક્ષનો અસહકાર હશે?

પણ સંસદીય પ્રધાને સંસદનું સત્ર બે દિવસ લંબાવાની અથવા વિશેષ સત્ર બોલાવાય તેવી શક્યતા નકારી છે. હવે આ ગતિરોધ- મડાગાંઠની સ્થિતિ ક્યાં સુધી રહેશે તે જોવાનું છે!

જંતરમંતરમાં અને તે પછી વિદ્યાર્થીઓના આંદોલનમાં ઘૂસેલા સમાજવિરોધી તત્ત્વોના અભદ્ર વર્તાવ અને અભદ્ર ભાષાની સંસ્કૃતિ હવે વાયરલ બની રહી છે! સંસદમાં ધમાલ અને સંસદ બહાર અભદ્ર તમાશા! મુંબઈમાં મહારાષ્ટ્ર કોંગ્રેસના નેતાએ નાયબ મુખ્ય પ્રધાન - રાષ્ટ્રવાદી કોંગ્રેસનાં નેતા સુનેત્રા અજિત પવારને ગૂંગી ગુડિયા કહીને એમની સમજ અને સત્તાનું અવમૂલ્યન કર્યા પછી કૉંગ્રેસી નેતાઓ ઉપર ફિટકાર પડી છે અને રાજકીય વિવાદ, વિખવાદ બન્યો છે. કોંગ્રેસના ભવ્ય ભંગાણ વખતે ૧૯૬૯માં તત્કાલીન કોંગ્રેસપ્રમુખ કામરાજે ઈન્દિરા ગાંધી માટે આ શબ્દો વાપર્યા હતા પણ તે મોરારજીભાઈના બદલે ઈન્દિરા ગાંધીને વડા પ્રધાન બનાવવા માટે હતા. ઈન્દિરા ગાંધી નેતાઓનાં કહ્યાંગરાં હશે એવી ધારણા ખોટી પડી તેનો પશ્ચાત્તાપ - દુઃખ કામરાજને હતું!તામિલનાડુમાં જાહેરસભામાં પૂર્વ મુખ્ય પ્રધાનના પાટવીકુંવર ઉદયનિધિએ - (વિધાનસભામાં વિપક્ષી નેતા) જાહેરસભામાં કાવેરીનાં જળ ક્યારે મળશે? એવા સંદર્ભમાં દ્વિઅર્થી સંવાદ કર્યો- મુખ્ય પ્રધાન જોસેફ વિજયની મહિલા-મિત્ર તૃષ્ણાની નામોશી મજાક ઉડાવી તે પછી એમની ધરપકડ થઈ - હવે આ વિવાદ છે. નેતાઓએ સમજવું - અને સમજાવવું જોઈએ કે અભદ્ર ભાષા, અભદ્ર વર્તણૂકની જનની છે અને આવી વર્તણૂક જંતરમંતર ખાતે અને રાજધાનીમાં અન્યત્ર જોવા મળી છે તેને 'રેડ લાઈટ' ગણવી જોઈએ.

# સક્સેસફૂલ પુરુષ એટલે કોણ? જે સરખું કમાઈ લાવતો હોય એ જ ? કે પછી...

સમાજે પુરુષ માટે સફળતાની એક એવી વ્યાખ્યા ઘડી કાઢી છે જે તેના બેંક બેલેન્સ, તેના ઘરના ક્ષેત્રફળ અને તેની ગાડીના મોડેલ પરથી નક્કી થાય છે. બાળપણથી જ એક છોકરાના મનમાં એ વાત ઠસાવી દેવામાં આવે છે કે તારે ભવિષ્યમાં કમાણી કરવાનો એક મજબૂત આધાર બનવાનું છે. જો તે મહિને મંતવ્ય મુજબનો સારો પગાર મેળવે, મોંઘી ગાડી ચલાવે અને પરિવારની ભૌતિક જરૂરિયાતો પૂરી કરી શકે, તો સમાજ તેના પર સફળ પુરુષનો સિક્કો મારી દે છે. પરંતુ સવાલ એ થાય છે કે શું એક પુરુષનું સમગ્ર અસ્તિત્વ માત્ર તેના કમાવાના સાધન કે આંકડાઓ સુધી જ સીમિત છે? શું જે પુરુષ માત્ર સરખું કમાઈ લાવે છે, તેને આંખ બંધ કરીને સફળ માની લેવો વ્યાજબી છે, કે પછી સફળતાનો આંકડો કમાણીની સરહદો ઓળંગીને પુરુષના વ્યક્તિત્વના ઘણા ઊંડા ખૂણાઓ સુધી વિસ્તરેલો છે?

જો કમાણી જ સફળતાનો આખરી માપદંડ હોત, તો દિવસમાં બાર-બાર કલાક કામ કરીને થાકીને લોથપોથ થઈને ઘરે પાછા ફરતા, પણ પરિવાર સાથે બે ઘડી પ્રેમથી વાતો કરવાનો સમય કે માનસિક શાંતિ ન ધરાવતા પુરુષો સૌથી વધુ સફળ ગણાત. કમાણી ચોક્કસપણે જીવન નિર્વાહ અને સ્થિરતા માટે અનિવાર્ય છે, તેમાં કોઈ બેમત નથી. આર્થિક રીતે આત્મનિર્ભર હોવું અને પોતાના પરિવારનું ભરણપોષણ કરવું એ પુરુષની જવાબદારીનો એક મહત્વનો ભાગ છે. પરંતુ જ્યારે આ કમાણી જ પુરુષની એકમાત્ર ઓળખ બની જાય છે, ત્યારે પુરુષત્વનો અસલી મર્મ ક્યાંક ખોવાઈ જાય છે. કમાણી એ સફળતાનું એક માત્ર પાસું હોઈ શકે, સમગ્ર સફળતા ક્યારેય નહીં.

ખરેખર તો સફળ પુરુષ એ છે જે માનસિક અને ભાવાત્મક રીતે પરિપક્વ છે. જે પુરુષ પોતાના ઘરમાં માત્ર પૈસા લાવવા પૂરતો મર્યાદિત નથી રહેતો, પરંતુ પોતાના પરિવારને સુરક્ષા, પ્રેમ અને સન્માનની અનુભૂતિ કરાવે છે, તે સાચા અર્થમાં સફળ છે. પુરુષની સફળતા એ વાતમાં છુપાયેલી છે કે તે મુશ્કેલ પરિસ્થિતિઓમાં પોતાની ભાવનાત્મક સ્થિરતા કેવી રીતે જાળવી રાખે છે. તે પોતાના ગુસ્સા પર, પોતાની અહમપ્રવૃત્તિ પર અને પોતાની નબળાઈઓ પર કેટલો વિજય મેળવે છે તે તેની ખરી કસોટી છે. એક સફળ પુરુષ એ નથી જે ઘરમાં હુકમ ચલાવે કે પોતાની આર્થિક શક્તિનો રોફ જમાવે, પરંતુ એ છે જે પોતાના પરિવારના સભ્યોના સપનાઓને પાંખો આપે છે અને તેમની પડખે ઢાલ બનીને ઊભો રહે છે.

**પૌરુષ**



**અંકિત દેસાઇ,**
ટુકવાડા

આજના આધુનિક સમયમાં પુરુષ માટે સફળતાની વ્યાખ્યામાં સંવેદનશીલતાનો ઉમેરો થવો ખૂબ જરૂરી બન્યો છે. પરંપરાગત રીતે પુરુષને એવું શીખવવામાં આવ્યું છે કે રડવું કે પોતાની નબળાઈ દર્શાવવી એ નપુંસકતા કે નબળાઈની નિશાની છે. પરંતુ સાચો સફળ પુરુષ એ છે જે પોતાની ભાવનાઓને સ્વીકારવાની હિંમત ધરાવે છે. તે પોતાની પત્ની કે માતા સમક્ષ પોતાના ડર કે થાકની કબૂલાત કરતા અચકાતો નથી. તે માત્ર આર્થિક પુરવઠો પૂરો પાડનાર પ્રોવાઈડર નથી બનતો, પરંતુ એક ઉત્તમ શ્રોતા અને સંવેદનશીલ સાથી બને છે. પોતાના બાળકના ઉછેરમાં માત્ર પૈસા ખર્ચવાને બદલે પોતાનો કિંમતી સમય આપવો, બાળકની નાની-નાની ખુશીઓમાં સામેલ થવું અને તેને એક સારો માણસ બનાવવામાં યોગદાન આપવું એ પુરુષની સફળતાનું એક ખૂબ મોટું અને ઊંડું પરિમાણ છે.

સફળ પુરુષની વ્યાખ્યામાં તેનું પોતાના પ્રત્યેનું વલણ પણ એટલું જ મહત્વનું છે. જે પુરુષ કમાણીની દોડમાં પોતાનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય ખોઈ બેસે છે, તે ગમે તેટલો શ્રીમંત હોય તો પણ તેને સફળ ન કહી શકાય. પોતાના શરીરનું ધ્યાન રાખવું, પોતાના મનને શાંત રાખવું, પોતાના શોખ અને રોચક વિષયો માટે સમય ફાળવવો અને જીવનમાં એક સંતુલન જાળવી રાખવું એ સાચા પુરુષાર્થનું લક્ષણ છે. જે પુરુષ પોતાના આત્મા સાથે સંવાદ સાધી શકે છે, જેને પોતાની ઓળખ માટે માત્ર પોતાના હોદ્દા કે પદની જરૂર નથી પડતી, તે પુરુષ આંતરિક રીતે સમૃદ્ધ અને સફળ છે.

આ ઉપરાંત, સમાજ અને સંબંધો પ્રત્યેનો તેનો દૃષ્ટિકોણ પણ તેની સફળતા નક્કી કરે છે. એક સફળ પુરુષ એ છે જે સ્ત્રીના અસ્તિત્વ અને તેની સ્વતંત્રતાનું સન્માન કરે છે. તે પોતાની સફળતાથી બીજાને દબાવવાનો પ્રયાસ નથી કરતો, પરંતુ પોતાની સાથે જોડાયેલા દરેક વ્યક્તિને આગળ વધવામાં મદદરૂપ બને છે. તેની હાજરી માત્રથી આસપાસના લોકો સુરક્ષિત અને આશ્વાસન અનુભવે છે.

તેની વાણીમાં વિવેક, વ્યવહારમાં નમ્રતા અને નિર્ણયોમાં તર્ક સંગતતા હોય છે. પૈસા તો કોઈ પણ ગેરમાર્ગે કે નસીબજોગ પણ કમાઈ શકે છે, પરંતુ ચારિત્ર્ય, સન્માન અને આંતરિક શાંતિ કમાવવી એ દરેકના બસની વાત નથી. છેવટે તો સફળતા એ કોઈ અંતિમ પડાવ નથી, પરંતુ જીવન જીવવાની એક પદ્ધતિ છે. જે પુરુષે પોતાના જીવનમાં કામ, પરિવાર, સ્વાસ્થ્ય અને પોતાની આંતરિક શાંતિ વચ્ચે એક અદ્ભુત સંતુલન સાધી લીધું છે, તે જ સાચા અર્થમાં સફળ છે.

જે પુરુષ રાત્રે શાંતિથી ઊંઘી શકે છે, જેની આંખોમાં પોતાના પરિવાર માટે પ્રેમ અને સંતોષ છે, અને જેના દિલમાં કોઈ અપરાધભાવ નથી, તે પુરુષ દુનિયાના કોઈપણ અબજોપતિ કરતાં વધુ સફળ છે. તેથી, કમાણીના આંકડાઓથી પુરુષની સફળતા માપવાનું બંધ કરીને તેના ગુણો, તેની સંવેદનશીલતા અને તેના જીવનના સંતુલનને જોતાં શીખવું પડશે. સફળ પુરુષ એ નથી જે માત્ર ઘર ચલાવે છે, પરંતુ એ છે જે પોતાના અસ્તિત્વથી અનેક જીવનને સુંદર અને અર્થપૂર્ણ બનાવે છે.

# દેશમાં સિંહો માટે અનોખું આશિયાનું બનશે



## આંબરડી સફારી પાર્કમાં ૧૦૦ હેક્ટરમાં બનશે સિંહો માટે સ્પેશિયલ સેફ ઝોન

(સંપૂર્ણ સમાચાર સેવા)
ગાંધીનગર, તા.૯: માનવ અને વન્યજીવ સંઘર્ષ ઘટાડવા તેમજ માનવ હુમલામાં સંડોવાયેલા સિંહોને સુરક્ષિત રાખવા માટે ગુજરાત સરકારના વન વિભાગ દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. અમરેલી જિલ્લાના ધારી સ્થિત 'આંબરડી સફારી પાર્ક' ખાતે ૧૦૦ હેક્ટર વિસ્તારમાં એક ખાસ સીમિત ક્ષેત્ર ઊભું કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આ વિસ્તારમાં સિંહોને તેમના કુદરતી રહેઠાણ જેવા જ અનુકૂળ વાતાવરણમાં રાખવામાં આવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા સિંહ સંરક્ષણ અને સંવર્ધન માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

આ જ કડીરૂપે ૧૦ ઓગસ્ટ 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી પૂર્વે આ પગલું લેવામાં આવ્યું છે. અગ્રમુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સ, ડૉ. જયપાલ સિંઘના જણાવ્યા અનુસાર, આંબરડી સફારી પાર્કમાં ખાસ ફેન્સિંગ કરીને સિંહો માટે સુરક્ષિત વાતાવરણ તૈયાર કરવાની સૂચનાઓ આપી દેવાઈ છે અને તેના પર ઝડપથી કામગીરી ચાલી રહી છે.

વન વિભાગ દ્વારા વન્યજીવો અને મનુષ્યો વચ્ચેનો સંઘર્ષ અટકાવવા, જૈવિક સંતુલન જાળવવા તેમજ બીમાર કે ઘાયલ પ્રાણીઓની સારવાર માટે સમયાંતરે વૈજ્ઞાનિક પદ્ધતિથી સ્થળાંતર કરવામાં આવે છે. માનવવસતી વાળા વિસ્તારો કે ખેતરોમાં ભટકી જતા સિંહ અને દીપડા જેવા હિંસક પ્રાણીઓને સુરક્ષિત પકડીને યોગ્ય અભયારણ્યમાં ખસેડવામાં આવે છે, જેથી સ્થાનિક નાગરિકોની સુરક્ષા પણ જળવાય અને પ્રાણીઓનું સંરક્ષણ પણ થઈ શકે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૭માં શરૂ થયેલું અને ૩૬૫ હેક્ટરમાં વિસ્તરેલું આંબરડી સફારી પાર્ક ઈકો-ટૂરિઝમનું મુખ્ય કેન્દ્ર બન્યું છે. ગીરના આરક્ષિત જંગલ વિસ્તારમાં આવેલું આ પાર્ક એશિયાટિક સિંહ, દીપડા, ચિતલ, નીલગાય અને વિવિધ પક્ષીઓનું કુદરતી ધામ છે. હવે અહીં ૧૦૦ હેક્ટરમાં ખાસ સીમિત ક્ષેત્ર બનવાથી સિંહોના સંરક્ષણની સાથે સાથે સ્થાનિક ટૂરિઝમ અને વન્યજીવ સંશોધનને પણ નવો વેગ મળશે.

# શ્રાવણ માસ :ભારતની સાંસ્કૃતિક ચેતનાનું પર્વ

**ભગવાન શિવનું સ્વરૂપ ખરેખર તો પ્રતીકાત્મક છે. ભગવાન શિવના હાથમાં ત્રિશૂળ છે, જે ત્રણ પ્રકારના દુઃખનું પ્રતીક છે દેહિક, દૈવિક અને ભૌતિક. ભગવાન શિવ ત્રિશૂળની સાથે ડમરુ પણ રાખે છે. ત્રિશૂળ દુઃખનું પ્રતીક છે, જ્યારે ડમરુ આનંદનું પ્રતીક છે. જે સૂચવે છે કે જીવન આવું જ જેમાં દુઃખો તો છે પણ આનંદ પણ ઓછો નથી. આથી જે દરેક પરિસ્થિતિમાં અન્યનાં કલ્યાણ માટે કાર્ય કરે તે શિવ છે અને જે અન્યના કલ્યાણની ભાવના રાખે તે શિવભક્ત છે**

**शिवं कल्याणं नित्यमऽस्येति शिव।**

અર્થાત્ અગિયાર રુદ્રોમાં હું શંકર (શિવ) છું. શ્રીમદ્ભગવદ્ગીતાના દસમા અધ્યાયનો આ શ્લોક શિવ અને વિષ્ણુનું એકત્વ દર્શાવે છે. ભગવાન શિવ અને ભગવાન વિષ્ણુ વચ્ચે અભેદ્યતાનો આ પુરાવો છે.

**रुद्राणां शंकर अस्मि ।** જેમાં હંમેશા કલ્યાણ રહેલું છે તે શિવ છે. 'શિવત્વ' અર્થાત્ જનકલ્યાણની વિશાળ લાગણી. પોતે દુઃખ ભોગવીને બીજાનાં દુઃખને દૂર કરવા માટે પ્રયત્ન કરવાં. ભગવાન શિવ અન્ય માટે દુઃખો ભોગવનાર છે. જે પોતે ખુલ્લા આકાશ નીચે રહ્યા અને રાવણને સુવર્ણની લંકા આપી, બાણાસુર જેવાં અનેક ભક્તોને અનંત વૈભવ અને સુખ પ્રદાન કર્યું. ભગવાન શિવને 'હર' કહીએ છીએ કારણ કે તેઓ મુશ્કેલીઓ હરી લે-દૂર કરે છે. શિવ 'મહાદેવ' છે. કારણ કે સૌ (દેવતાઓ, રાક્ષસો, યક્ષો, કિન્નરો, નાગો અને મનુષ્યો)ના દ્વારા તેમની પૂજા થાય છે. એમના ગુણોને આધારે ભગવાન શિવના અનેક નામો પ્રચલિત છે.

ભગવાન શિવનું સ્વરૂપ ખરેખર તો પ્રતીકાત્મક છે. ભગવાન શિવના હાથમાં ત્રિશૂળ છે, જે ત્રણ પ્રકારના દુઃખનું પ્રતીક છે દેહિક, દૈવિક અને ભૌતિક. ભગવાન શિવ ત્રિશૂળની સાથે ડમરુ પણ રાખે છે. ત્રિશૂળ દુઃખનું પ્રતીક છે, જ્યારે ડમરુ આનંદનું પ્રતીક છે. જે સૂચવે છે કે જીવન આવું જ જેમાં દુઃખો તો છે પણ આનંદ પણ ઓછો નથી. આજના અત્યાધુનિક યુગમાં માણસમાત્ર દુઃખોથી એટલો ગ્રસ્ત છે કે આનંદ તેના માટે માત્ર એક કલ્પના બની ગયો છે. દુઃખથી પીડાવું આપણા હાથમાં નથી, પરંતુ દુઃખોથી દુઃખી ન થવું એ ચોક્કસ આપણા હાથમાં છે. ભગવાન શિવના હાથમાં રહેલા ત્રિશૂળ અને ડમરુ એ સંદેશ આપે છે કે તમારી પાસે ત્રિશૂળ જેવી મુશ્કેલીઓ હોવા છતાં જો તમારી પાસે ડમરુ રૂપી આનંદ પણ હશે તો તમારું નીરસ જીવન પણ ઉત્સાહ અને ઉત્તેજનાયુક્ત થઈ જશે.



**મનનમ્**



**ડો. યોગેશ ગોરાને**
આચાર્ય
વિનય મંદિર, દાંડી

દુઃખમાં પણ આનંદી રહેનારા આશુતોષ શિવના અર્ચનનો પવિત્ર માસ છે શ્રાવણ, શિવત્વનો માસ એટલે શ્રાવણ માસ. શ્રાવણનું મહત્વ ભારતમાં આસેતુ હિમાલય છે. વિવિધ ભાષાઓ અને સંસ્કૃતિ ધરાવતા ભારતમાં કે ભારતની બહાર રહેનારા ભારતીયો માટે પણ શ્રાવણ માસ અનન્ય શ્રદ્ધા અને ભક્તિનો માસ છે. ભારતમાં શ્રાવણ માત્ર એક મહિનો કે વર્ષની એક ઋતુ નથી પણ સાંસ્કૃતિક લયથી સમૃદ્ધ એક મનમોહક ઉત્સવ અને ઉત્સાહના દિવસો છે. શ્રાવણ ભારતની પ્રત્યેક વ્યક્તિને આધ્યાત્મિકતા, ધાર્મિકતા, સાહિત્ય, સંગીત અને કલાની અભિવ્યક્તિની તક પૂરી પાડે છે. ભક્તિ અને સંગીતની મુક્ત અને સાર્વત્રિક અભિવ્યક્તિ સાથે લોકોત્સવનું પ્રતિનિધિત્વ કરતો પવિત્ર માસ છે શ્રાવણ.

શ્રાવણ ફક્ત ઋતુ પરિવર્તન નથી, પરંતુ એવો ઉત્સવ છે જે ભારતીય માનસની સામૂહિક ચેતનાને નવું પરિમાણ આપે છે. ભક્તિને ગીત-સંગીતના પ્રવાહ સાથે જોડીને સમાજને એકતા, આનંદ અને આધ્યાત્મિક ઊર્જા પ્રદાન કરે છે. એટલે જ અનાદિકાળથી આજે પણ શ્રાવણનું આગમન થતાં જ માત્ર પ્રકૃતિ જ નહીં પરંતુ લોકોનાં હૃદય પણ આનંદિત થાય છે અને ભારતનાં પ્રત્યેક ખૂણામાંથી ખંજરી, ઢોલક સાથે મધુર ભક્તિગીતો - ભજનો ગુંજી ઉઠે છે. શ્રાવણ આપણને યાદ અપાવે છે કે સાચી ભક્તિ એ કલાની અભિવ્યક્તિ જ છે, પ્રત્યેક કલા ભક્તિનું માધ્યમ છે. ભારતમાં કલા અને ભક્તિ એકબીજાના હાથમાં હાથ પરોવી ધર્મને સમૃદ્ધ બનાવે છે. ભારતની સાંસ્કૃતિક ચેતનાનું પર્વ શ્રાવણ આગામી બે દિવસમાં શરૂ થાય છે. ફક્ત પાણી, દૂધ, બિલ્વપત્ર, ભાંગ, ધતુર અને નમસ્કારથી પ્રસન્ન થઈ ઈચ્છિત ફળ આપનારા ભગવાન મહાદેવ પોતાના ભક્તોની ઈચ્છાઓ પૂર્ણ કરે છે. આથી ભગવાન શિવના ભક્તમાં પણ અન્યનું કલ્યાણ અપેક્ષિત છે પણ જેનામાં લોકમંગલની ભાવના ન હોય, જેની પ્રવૃત્તિમાં પરોપકારનો પ્રયાસ ન હોય, જેનું મન બીજાના દુઃખથી વ્યથિત થતું નથી તે ફક્ત શિવ, શિવનો જાપ કરીને શિવભક્ત બની શકતો નથી. જે દરેક પરિસ્થિતિમાં અન્યનાં કલ્યાણ માટે કાર્ય કરે તે શિવ છે અને જે અન્યના કલ્યાણની ભાવના રાખે તે શિવભક્ત છે.

જીવનની દરેક સ્થિતિ-પરિસ્થિતિમાં પ્રસન્ન રહેવાનું શીખવતા ભોળાનાથ શિવે આંતરિક રીતે પોતાને શક્તિશાળી, ઉચ્ચવિચારયુક્ત, ધીર, ગંભીર, સહનશીલ અને માન અને અપમાનથી મુક્ત રાખ્યા છે. સંસારની કોઈ પણ પરિસ્થિતિ તેમને વિચલિત શકે નહીં. શિવ ભક્તિથી આપણે પણ આપણા મનને અવિચળ કરવા માટે પ્રયત્ન કરીએ. ભગવાન આશુતોષની અલ્પ આરાધના કરીને આપણે આપણા જીવનને સફળ અને અર્થપૂર્ણ બનાવવાનું સૌભાગ્ય મેળવીએ અને ભગવાન મહાદેવને સમગ્ર વિશ્વનાં કલ્યાણ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરતા કરતા ભગવાન સાંબ-સદાશિવના ચરણોમાં નત મસ્તક થઈએ.

# ધરમપુર-કપરાડા-નાનાપોંઢા તાલુકા વિશેષ

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ધરમપુર - 9427189098, નાનાપોંઢા - 8141323913

- ધરમપુર
- નાનાપોંઢા
- કપરાડા
- મોટાપોંઢા

વિશ્વ આદિવાસી દિવસે આદિવાસી પરંપરા સાથે

## ખારવેલમાં ૫૬ નિવૃત્ત અધિકારી-કર્મીઓનું સન્માન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૯ :** વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી નિમિત્તે ધરમપુર તાલુકાના ખારવેલ ગામે આદિવાસી સમાજના યુવાઓ દ્વારા અનોખી અને પ્રેરણાદાયી પહેલ કરવામાં આવી હતી. ગામમાં પ્રથમ વખત સરકારના વિવિધ વિભાગોમાં ફરજ બજાવી નિવૃત્ત થયેલા ૫૬ અધિકારી-કર્મચારીઓનું આદિવાસી પરંપરા અને સંસ્કૃતિ સાથે સન્માન કરવામાં આવ્યું હતું.

ખારવેલ પ્રાથમિક શાળાના પટાંગણમાં યોજાયેલા કાર્યક્રમનો મુખ્ય હેતુ સમાજના યુવાધનને શિક્ષણ તરફ પ્રેરિત કરવાનો તેમજ સરકારી નોકરી અને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં વધુમાં વધુ આદિવાસી યુવાનો આગળ આવે તે માટે જાગૃતિ લાવવાનો હતો. કાર્યક્રમ દરમિયાન આદિવાસી સમાજના મોટિવેશનલ સ્પીકર અને ખેડૂત જીતુભાઈ પટેલે યુવાનોને ડૉ. બાબાસાહેબ આંબેડકરના શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો ના જીવનમંત્રને આત્મસાત કરવા આહવાન કર્યું હતું. તેમણે નવી પેઢીને શિક્ષણને પ્રાથમિકતા આપી ઉજ્જવળ ભવિષ્ય બનાવવાની સાથે જ જંગલ અને




પ્રકૃતિના સંરક્ષણ માટે પણ જાગૃત બનવા અપીલ કરી હતી.૫૬ નિવૃત્ત

અધિકારી-કર્મચારીઓનું તૂર અને થાળી સહિતના પરંપરાગત આદિવાસી વાદ્યોના તાલે સ્વાગત કરી આદિવાસી પહેરવેશ સાથે સન્માન કરવામાં આવ્યું હતું. નિવૃત્ત કર્મચારીઓએ પણ નવી પેઢીને આદિવાસી સંસ્કૃતિ, રીત-રિવાજ, પરંપરાગત પહેરવેશ અને વાદ્યોના વારસાને જાળવી રાખવા અનુરોધ કર્યો હતો. ગામના આગેવાન હસમુખભાઈ પટેલ અને ગામના યુવાનોની ટીમ દ્વારા આયોજિત આ કાર્યક્રમને કારણે ખારવેલમાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી માત્ર સાંસ્કૃતિક કાર્યક્રમ પૂરતી સીમિત ન રહેતા શિક્ષણ, રોજગાર અને સમાજના સર્વાંગી વિકાસ માટે પ્રેરણારૂપ બની હતી.

## સુખાલા ગ્રા.પં.માં સરપંચનો ચાર્જ ડે.સરપંચને સોંપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૯ :** નાનાપોંઢા તાલુકાની સુખાલા ગ્રામ પંચાયતમાં છેલ્લા ત્રણ મહિનાથી ચાલી રહેલા વિવાદનો અંત આવ્યો છે. સરપંચ શંકરભાઈ જી. પટેલના સ્વૈચ્છિક રાજીનામા બાદ ડેપ્યુટી સરપંચ સુનિલ જાદવને સરપંચનો વિધિવત ચાર્જ સોંપવામાં આવ્યો છે. શંકરભાઈ પટેલે ૫ ઓગસ્ટે તાલુકા વિકાસ અધિકારીને રાજીનામું આપ્યું હતું, જેને ૬ ઓગસ્ટે મંજૂર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પંચાયતનું વહીવટી કામકાજ નિયમિત રીતે ચાલુ રહે તે માટે ૭ ઓગસ્ટે વિસ્તરણ અધિકારીની હાજરીમાં સામાન્ય સભા યોજાઈ હતી. સામાન્ય સભામાં ડેપ્યુટી સરપંચ સુનિલ જાદવને સરપંચનો ચાર્જ સોંપાયો હતો. બેઠકમાં ડેપ્યુટી સરપંચ સહિત કુલ ૧૦ સભ્યો હાજર રહ્યા હતા અને સમગ્ર પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી. ચાર્જ સોંપાયા બાદ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનોએ ફટાકડા ફોડી અને એકબીજાને મીઠાઈ ખવડાવી આનંદ વ્યક્ત કર્યો હતો. હવે ડેપ્યુટી સરપંચને ચાર્જ સોંપવામાં આવતા રસ્તા, પાણી તથા સ્વચ્છતા સહિતના પ્રશ્નોને વેગ મળશે તેવી ગ્રામજનોએ આશા વ્યક્ત કરી હતી

## ધરમપુર એકલવ્ય સ્કુલમાં જિલ્લા સ્તરની મેનેજમેન્ટ કમિટીની બેઠક મળી

### કલેક્ટરે નવા ભવનથી શૈક્ષણિક ગુણવત્તા સુધીની કામગીરીનું નિરીક્ષણ કર્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૯ :** ધરમપુર સ્થિત PMશ્રી એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ (EMRS) ખાતે વલસાડ જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાનની અધ્યક્ષતામાં જિલ્લા સ્તરની મેનેજમેન્ટ કમિટી (DLMC)ની બેઠક યોજાઈ હતી. બેઠકમાં શાળાના નવનિર્માણ, માળખાકીય સુવિધાઓ અને વિદ્યાર્થીઓને વધુ સારું શૈક્ષણિક વાતાવરણ મળે તે અંગે વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. કલેક્ટરે શાળાના નવા ભવનનું કામ વહેલી તકે શરૂ કરવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.



બેઠક બાદ કલેક્ટરે શાળા અને હોસ્ટેલની મુલાકાત લઈ વિદ્યાર્થીઓની રહેવા-જમવાની વ્યવસ્થા તથા સ્વચ્છતાનું નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ વર્ગખંડોમાં વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ કરી અંગ્રેજી, હિન્દી, ગણિત અને વિજ્ઞાન વિષયના પ્રશ્નો પૂછી તેમના જ્ઞાન અને સમજણનું સ્તર ચકાસ્યું હતું.

વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસપૂર્ણ જવાબોથી પ્રભાવિત થઈ કલેક્ટરે વિદ્યાર્થીઓની હોશિયારી તેમજ આચાર્ય, શિક્ષકો અને સ્ટાફની કામગીરીને બિરદાવી હતી. બેઠક અને નિરીક્ષણ બાદ શાળાના સર્વાંગી વિકાસ તથા શૈક્ષણિક ગુણવત્તા વધુ મજબૂત બને તેવી દિશામાં જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

## બાલચોંડી વિદ્યાલયમાં વિશ્વ આદિવાસી દિવસ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૦૯ :** નાનાપોંઢા તાલુકા ના બાલચોંડી ખાતે ચાલતી અંબેમાતા કન્યા વિદ્યાલય બાલચોંડી મા દર વર્ષની જેમ આ વર્ષે પણ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી ના ભાગરૂપે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ ની શુભારંભ શાળા ના ડાયરેક્ટર હર્ષદભાઈ પટેલ, શાળાના આચાર્ય જયદીપભાઈ મહેતા તથા શાળા શિક્ષકો ની ઉપસ્થિતિ માં બિરસા મુંડા અને માતા સરસ્વતી ફોટા આગળ દીપ પ્રગટાવીને કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ શાળા ના વિધાર્થીઓ એ આદિવાસી પરંપરાગત સંસ્કૃતિ ના ગીતો પર આદિવાસી નૃત્યો રજૂ કર્યા હતા.

ઉપરાંત ધોરણ ૧૨ ની વિધાર્થીની બિન્નીબેન વિકેશભાઈ પટેલ દ્વારા વિશ્વ આદિવાસી દિવસ ની ઉજવણી અને બિરસા મુંડા ના જીવનચરિત્ર અંગે વ્યક્તવ્ય આપ્યું હતું. આ કાર્યક્રમ માં ઉપસ્થિતિ શાળા ના ડાયરેક્ટર હર્ષદભાઈ પટેલ, શાળા ના આચાર્ય જયદીપભાઈ મહેતા દ્વારા વિશ્વ આદિવાસી દિવસ ની શુભેચ્છા પાઠવી હતી.

## કપરાડામાં જરુરિયાત ધરાવતાં દિવ્યાંગ બાળકોનો એસેસમેન્ટ કેમ્પ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૦૯ :**મગ્ર શિક્ષા ગાંધીનગર પ્રેરિત, સમગ્ર શિક્ષા વલસાડ અનુદાનિત અને માર્ગદર્શિત કપરાડા બ્લોક્માં સરકારી અને અનુદાનિત શાળાઓમાં અભ્યાસ કરતા બાલવાટિકાથી ધોરણ ૧૨ સુધીના વિશિષ્ટ જરુરિયાત ધરાવતાં દિવ્યાંગ વિધ્યાર્થીઓનું ALIMCO સંસ્થા દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે એસેસમેંટ કેમ્પનું આયોજન શિક્ષક સદન, કપરાડા ખાતે કરવામાં આવ્યુ હતું.

જે અંતર્ગત કુલ ૯૬ વિધ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આવનાર સાધન સહાય કેમ્પમાં આ



તમામ બાળકોને સરકાર દ્વારા સાધન સહાય કરવામાં આવશે.

આ કેમ્પમાં કપરાડા બી.આર.સી.કો.ઓ. સંજયભાઈ અને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી મનોજભાઈ દ્વારાં બાળકો અને વાલીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત આ પ્રસંગે કપરાડા બી.આર.સી.કો.નાં સૂચનથી, સ્નેહલભાઈ પટેલ - કુસુમ ફાઉન્ડેશનનાં દ્વારાં તમામ બાળકોને શૈક્ષણિક કિટ આપવામાં આવી હતી. જે બદલ દાતાનો આભાર માનવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમાનું સંચાલન બી.આર.સી.કો.ઓ.નાં માર્ગદર્શન હેઠળ તમામ સ્પેશિયલ એજ્યુકેટર દ્વારા કરવામાં આવ્યું હતું.

મા રેવા ચેરિટેબલ ટ્રસ્ટ અને હિન્દુસ્તાન યુનિલિવર મિત્ર મંડળ દ્વારા

## અંબાચ-પંડોરમાં પૂરપીડિતોને જરુરી ચીજવસ્તુઓનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૦૯ :** વર્ષ ૨૦૨૬ દરમિયાન પડેલા ભારે વરસાદ અને પૂરની પરિસ્થિતિથી અસરગ્રસ્ત પરિવારોની મદદ માટે મા રેવા ચેરિટેબલ ટ્રસ્ટ અને હિન્દુસ્તાન યુનિલિવર મિત્ર મંડળના સંયુક્ત ઉપક્રમે રાહત અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત અંબાચ અને પંડોર ગામના પૂરપીડિત પરિવારોને જીવનજરૂરી ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. અસરગ્રસ્ત પરિવારોને તાત્કાલિક રાહત મળી રહે અને તેમની રોજિંદી જરૂરિયાતો પૂરી થઈ શકે તે હેતુથી સંસ્થાઓ દ્વારા રાહત સામગ્રી તૈયાર કરવામાં આવી હતી. જેમાં રાશન કિટ ઉપરાંત ચટાઈ, પ્લાસ્ટિકની ડોલ, ચાદર સહિતની જરૂરી ઘરવપરાશની વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

અંબાચ તથા પંડોર ગામમાં યોજાયેલા વિતરણ કાર્યક્રમ દરમિયાન અસરગ્રસ્ત પરિવારોને આ જીવનજરૂરી સામગ્રી આપવામાં આવી હતી. મા રેવા ચેરિટેબલ ટ્રસ્ટ અને હિન્દુસ્તાન યુનિલિવર મિત્ર મંડળ દ્વારા હાથ ધરાયેલા આ રાહત અભિયાનની ગ્રામજનો દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી. સંસ્થાઓના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે કુદરતી આફતના સમયમાં અસરગ્રસ્ત પરિવારોને શક્ય તેટલી મદદ પહોંચાડવા માટે સંસ્થા સતત પ્રયત્નશીલ રહેશે. આ રાહત અભિયાનથી અંબાચ અને પંડોર ગામના અસરગ્રસ્ત પરિવારોને રોજિંદા જીવનમાં ઉપયોગી થતી જરૂરી સામગ્રી મળી રહેતાં તેઓએ સંસ્થાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ઘોઘડકુવા આંગણવાડીની જિ. મહિલા યુવા પ્રવૃત્તિના અધ્યક્ષે મુલાકાત લીધી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૦૯ :** નાનાપોંઢા તાલુકા ના ઘોઘડકુવા ગામે ચાલતી આંગણવાડી કેન્દ્ર ની વલસાડ જિલ્લા મહિલા યુવા પ્રવૃતિ ના અધ્યક્ષ દક્ષાબેન રમતુભાઈ ચૌધરી એ મુલાકાત લીધી હતી.

આંગણવાડી કેન્દ્ર માં બાળ વિકાસ દ્વારા મળતી સરકારની



સુવિધા યોગ્ય રીતે મળે છે કે નહિ તે અંગે માહિતી મેળવી હતી અને બાળકોને મેનુ પ્રમાણે નાસ્તો અને જમવાનું મળે છે કે નહિ તેની જાણકારી મેળવી હતી સાઆ મુલાકાતમાં વલસાડ જિલ્લા પંચાયત સભ્ય અને મહિલા બાળ વિકાસ યુવા પ્રવુતિ સમિતિ અધ્યક્ષ દક્ષાબેન ચૌધરી અને નાનાપોંઢા તાલુકા ભાજપ ઉપપ્રમુખ મંગુભાઈ ગાંવિત હાજર રહ્યાં હતા.

## નાનાપોંઢામાં કોંગ્રેસ આગેવાનોએ રાહતકીટનું વિતરણ કર્યુ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૦૯ :** અતિભારે વરસાદના કારણે નાનાપોંઢા તાલુકાના અનેક ગામોમાં સર્જાયેલી પરિસ્થિતિને પગલે કોંગ્રેસ આગેવાનો દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ સ્થાનિકોની સમસ્યાઓ જાણી રાહત સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ તથા ૧૮૧ કપરાડાના વસંતભાઈ બરજુલભાઈ પટેલ અને નાનાપોંઢા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ હરેશભાઈ યુ. પટેલ સાથે ગુજરાત પ્રદેશ NSUI મહામંત્રી રાજ પટેલની આગેવાની હેઠળ ઓઝર, મોટાપોંઢા, અંભેટી, કોપરલી, બાલચોંઢી સહિતના અસરગ્રસ્ત ગામોની મુલાકાત લેવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ કિશનભાઈ પટેલ તેમજ રાજચંદ્ર ધરમપુરના સુબોધભાઈની ખાસ ઉપસ્થિતિ રહી હતી. મુલાકાત અને રાહત વિતરણ કાર્યક્રમમાં ગણેશભાઈ પટેલ, મોટાપોંઢા કોંગ્રેસના આગેવાન કલ્પેશભાઈ, ઓઝરના સરપંચ ગુલાબભાઈ, કોંગ્રેસ અગ્રણી બાબુભાઈ વરઠા, કોપરલીના સરપંચ દિનેશભાઈ, ગણેશભાઈ પવાર, અંભેટીના સરપંચ યોગેશભાઈ, મોટાપોંઢાના સરપંચ રણજીતભાઈ, યુવા આગેવાન ગીરીશભાઈ, ગેવરભાઈ, પ્રકાશભાઈ ઓઝર, શૈલેષભાઈ મોટાપોંઢા, બાલુભાઈ પટેલ સહિતના કોંગ્રેસ આગેવાનો અને કાર્યકરો જોડાયા હતા.

મુંબઈ મુલુંડ લાયન્સ કલબ દ્વારા

## કપરાડાના ગામોમાં સહાય કીટ વિતરણ કરાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૦૯ :** મુંબઇ મહારાષ્ટ્ર સુધી પહોંચવા પામ્યો હતો જેને લઇ મુલુંડ મુંબઈ લાયન્સ ક્લબ ના પ્રેસિડેન્ટ રાજેશ ઠક્કર તથા તેમની ટીમ ને મળતાં જ તેમણે પારડી લાયન્સ કલબ ઓફ પારડી પર્લ નો સંપર્ક કરી પુરગ્રસ્ત પરિવારો ને મદદ કરવાની ઈચ્છા વ્યકત કરી હતી અને જેને લઇ મુંબઈ થી સામાન ભેગુ કરી ને સરસ મજાની થોડા દિવસ ચાલે તેવી ખાવાનું ખાઇ શકાય તેવી રાશન ની કિટ , વાસણો, તાલપત્રી, કપડા છત્રી વિગેરે તૈયાર કરવામાં આવી હતી. જે કિટ તેમના સ્ટાફ સાથે લાયન્સ ક્લબ ઓફ પારડી પર્લ તથા કર્તવ્ય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કપરાડા તાલુકાના અંતરિયાળ વિસ્તારોમાં વરસાદ નો ભોગ બનેલા ૫૦ થી વધુ કુટુંબોને અનાજ, રાશન વાસણો તાલપત્રી છત્રી વગેરેની મદદ પુરી પાડી છે જેમાં લાયન્સ કલબ ઓફ મુલુંડ મુંબઈ ના પ્રેસિડેન્ટ રાજેશ ઠક્કર લાયન્સ સેક્ટરી પલ્લવી અગ્વાલ લાયન્સ ગૌરવ શાહ, લાયન્સ દિલીપ સીરગાવકર, સુરત થી લાયન્સ મોના દેસાઇ, લાયન્સ ક્લબ ઓફ પારડી પર્લના પ્રેસિડેન્ટ લા. પ્રેમલસિંહ ચૌહાણ, ખજાનચી લા.ભરતભાઇ દેસાઈ ઉપરાંત કલબ મેમ્બર્સ શાંતિલાલ પટેલ, લાયન્સ કેઝાર મુસાની કર્તવ્ય ચેરીટેબલ ટ્રસ્ટના નિતિન પટેલ સાથે રહીને પુરપીડિતો ને ૫૦ જેટલા પરિવારો ને રોજીંદા જીવન જરૂરિયાત ની કિટ વિતરણ કરવામાં આવી હતી.

# કપરાડા-નાનાપોંઢામાં વરસાદથી ભેખડો ધરાશાઈ થઈ

## અનેક સ્થળોએ ખેતરો, રસ્તા અને મકાનોમાં માટી ધસી આવી; મસમોટી તિરાડો પડેલા ડુંગરો જોખમી બન્યા

દક્ષિણ ગુજરાતમાં ચાલુ ચોમાસા દરમિયાન પડેલા ભારે વરસાદની અસર કપરાડા અને નાનાપોંઢા તાલુકાના ડુંગરાળ વિસ્તારોમાં જોવા મળી રહી છે. સતત અને અતિભારે વરસાદના કારણે તાલુકાના અનેક ડુંગરોમાં ઘરસાઈની ઘટનાઓ સામે આવી છે. કેટલાક વિસ્તારોમાં ડુંગરોની માટી અને પથ્થરો ધસી આવતાં ખેતરો, રસ્તાઓ તેમજ રહેણાંક મકાનોને અસર પહોંચી છે. વરસાદના દિવસો દરમિયાન સર્જાયેલી આ પરિસ્થિતિ બાદ આજે પણ કેટલાક ડુંગરો જોખમી સ્થિતિમાં જોવા મળી રહ્યા છે.

કપરાડા અને નાનાપોંઢા તાલુકો ડુંગરાળ અને જંગલ વિસ્તાર ધરાવતો હોવાથી અહીં ચોમાસા દરમિયાન ભારે વરસાદ પડતો હોય છે. આ વર્ષે પણ અનેક વિસ્તારોમાં લાંબા સમય સુધી વરસાદ વરસ્યો હતો. સતત વરસતા વરસાદના કારણે ડુંગરોની જમીનમાં પાણીનું પ્રમાણ વધ્યું હતું અને જમીન નરમ બનતાં અનેક સ્થળોએ માટીનું ધોવાણ શરૂ થયું હતું. પરિણામે ડુંગરોના ઢોળાવો પરથી માટી અને પથ્થરો નીચે ધસી આવ્યા હતા.

**અનેક સ્થળોએ ખેતરોમાં માટી ધસી આવી**

ડુંગરાળ વિસ્તારોમાં લોકો ડુંગરોના ઢોળાવની આસપાસ ખેતી કરતા હોવાથી ઘરસાઈની સીધી અસર ખેતીની જમીન પર પડી છે. કેટલાક સ્થળોએ ડુંગરની ઉપરથી માટી અને કાદવ ધસી આવી ખેતરોમાં ફેલાઈ ગયો હતો. જેના કારણે પાકને નુકસાન થવાની સાથે ખેતીની જમીન પણ ધોવાઈ ગઈ હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે.

ખેડૂતો માટે ચોમાસું ખેતીની દૃષ્ટિએ સૌથી મહત્વપૂર્ણ સમય હોય છે. આવા સમયે ખેતરમાં માટી અને પથ્થરો ધસી આવવાથી પાકની જાળવણી મુશ્કેલ બને છે. કેટલીક જગ્યાએ ખેતરો સુધી પહોંચવાના રસ્તાઓ પણ માટીથી ઢંકાઈ ગયા હતા. પરિણામે ખેડૂતોને ખેતરમાં જવા-આવવામાં પણ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

**રસ્તાઓ પર પણ માટી અને કાદવ**

ડુંગરોની ઘરસાઈના કારણે કેટલાક આંતરિક રસ્તાઓ ઉપર માટી, કાદવ અને નાના-મોટા પથ્થરો ધસી આવ્યા હતા. વરસાદ ચાલુ રહે ત્યારે આવા રસ્તાઓ પરથી વાહનવ્યવહાર કરવો જોખમી બની જાય છે. ખાસ કરીને ગામડાં અને ફળિયાઓને જોડતા રસ્તાઓ પર આવી સ્થિતિ સર્જાતાં સ્થાનિક લોકોને અવરજવરમાં મુશ્કેલી પડે છે.

કેટલાક સ્થળોએ રસ્તાની બાજુના ડુંગરોનું ધોવાણ થયું હોવાથી ભવિષ્યમાં વધુ વરસાદ પડે તો રસ્તા પર ફરીથી માટી અને પથ્થરો ધસી આવવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. રસ્તા ઉપર અચાનક માટી ધસી આવવાથી વાહનચાલકો માટે પણ જોખમ ઊભું થઈ શકે છે.

**ઘરો સુધી પહોંચી માટી**

ડુંગરોની નજીક વસવાટ કરતા પરિવારોમાં પણ વરસાદને લઈને ચિંતા જોવા મળી રહી છે. કેટલાક વિસ્તારોમાં ડુંગર પરથી ધસી આવેલી માટી ઘરોની આસપાસ સુધી પહોંચી હતી. ક્યાંક ઘરના પાછળના ભાગમાં માટીનો ભરાવો થયો હતો તો ક્યાંક ઘરની આસપાસનું જમીનનું ધોવાણ થયું હતું.

ડુંગરના ઢોળાવની નજીક આવેલા



ઘરો માટે આ સ્થિતિ વધુ ચિંતાજનક છે. જો સતત વરસાદ પડે અને જમીનમાં પાણીનું પ્રમાણ વધે તો નબળી બનેલી જમીન ફરી ધસી આવવાની શક્યતા રહે છે. તેથી આવા વિસ્તારોમાં રહેતા પરિવારોમાં હાલ પણ ભયનો માહોલ જોવા મળે છે.

**અડધા ઘસાયેલા ડુંગરો હજુ જોખમી**

વરસાદની અસર માત્ર ભૂતકાળની ઘટના બનીને રહી નથી. તાલુકાના કેટલાક વિસ્તારોમાં આજે પણ અડધા ઘસાઈ ગયેલા ડુંગરોના ઢોળાવો જોખમી સ્થિતિમાં જોવા મળે છે. ડુંગરનો એક ભાગ ધસી ગયો છે, જ્યારે બાકીનો ભાગ ઢોળાવ પર જાણે લટકી રહ્યો હોય તેવા દૃશ્યો જોવા મળી રહ્યા છે.



**નાનાપોંઢાનો પત્ર**
ડો. બાબુ ચૌધરી, નાનાપોંઢા

આવા ડુંગરોમાંથી જો ફરીથી માટી કે પથ્થરો ધસી આવે તો નીચે આવેલા રસ્તા, ખેતરો અથવા મકાનોને નુકસાન થઈ શકે છે. ખાસ કરીને આગામી દિવસોમાં ફરી ભારે વરસાદ થાય તો આ સ્થિતિ વધુ ગંભીર બની શકે છે.

**મસમોટી તિરાડોએ વધારી ચિંતા**

કેટલાક ડુંગરોના ભાગોમાં મોટી અને પહોળી તિરાડો પણ જોવા મળી રહી છે. વરસાદી પાણી આ તિરાડોમાં ઉતરતું રહે તો જમીનની અંદર ભેજ વધવાની સાથે જમીન વધુ નબળી પડી શકે છે. આવી સ્થિતિમાં ડુંગરનો મોટો હિસ્સો ખસી જવાની સંભાવના રહે છે.

સ્થાનિક લોકોનું કહેવું છે કે હાલમાં દેખાતી તિરાડો માત્ર સામાન્ય જમીન ફાટવાની ઘટના નથી, પરંતુ આગામી વરસાદ દરમિયાન તેની ગંભીર અસર થઈ શકે છે. જો તિરાડોમાં સતત પાણી ઉતરતું રહેશે તો ઘરસાઈનું પ્રમાણ વધી શકે છે.

હાલમાં વરસાદમાં થોડો વિરામ જોવા મળ્યો હોય તેમ છતાં લોકોની ચિંતા ઓછી થઈ નથી. કારણ કે ચોમાસું હજુ બાકી છે અને આગામી દિવસોમાં ફરી ભારે વરસાદ પડવાની શક્યતા રહે છે. ખાસ કરીને અગાઉથી ઘરસાઈ થયેલા ડુંગરો પર વધુ વરસાદ પડે તો જમીન વધુ નબળી બની શકે છે.

સ્થાનિકોનું માનવું છે કે જ્યાં ડુંગરો પર મોટી તિરાડો પડી છે અને જ્યાં પહેલેથી જ ઘરસાઈ થઈ છે તેવા સ્થળોની તાત્કાલિક તપાસ કરવી જરૂરી છે. જોખમી સ્થળોની ઓળખ કરીને ત્યાં જરૂરી તકેદારીના પગલાં લેવામાં આવે તો ભવિષ્યમાં મોટી દુર્ઘટના ટાળી શકાય.

**જોખમી સ્થળોનું સર્વેક્ષણ જરૂરી**

સ્થાનિક લોકો દ્વારા ડુંગરોની ઘરસાઈ થયેલા વિસ્તારોનું તાત્કાલિક સર્વેક્ષણ કરવાની માંગ કરવામાં આવી રહી છે. જે સ્થળોએ મોટા પ્રમાણમાં જમીન ધસી આવી છે અથવા ડુંગરોમાં તિરાડો પડી છે ત્યાં નિષ્ણાતો દ્વારા તપાસ કરવામાં આવે તેવી માગ છે. ડુંગરોની સ્થિતિ, તિરાડોની ઊંડાઈ, જમીનની ભેજ અને ઢોળાવની સ્થિરતા અંગે તકનિકી તપાસ થાય તો કયા વિસ્તારો વધુ જોખમી છે તેની જાણ થઈ શકે. આવા સ્થળોની આસપાસ રહેતા પરિવારોને પણ જરૂરી સૂચનાઓ આપી શકાય.

ડુંગરોની નજીક વસતા લોકો માટે વરસાદી ઋતુ દરમિયાન ભયનું વાતાવરણ સર્જાયું છે. દિવસ દરમિયાન ડુંગરોની ઘરસાઈના દૃશ્યો જોઈ શકાય છે, પરંતુ રાત્રિના સમયે ભારે વરસાદ પડે ત્યારે લોકોની ચિંતા વધી જાય છે. ડુંગરની નજીક રહેતા પરિવારોને ક્યારે માટી કે પથ્થરો ધસી આવશે તેની ભીતિ રહે છે.

સ્થાનિક લોકોનું કહેવું છે કે અગાઉ પણ ભારે વરસાદ દરમિયાન ડુંગરોમાંથી માટી ધસી આવવાની ઘટનાઓ બની છે. પરંતુ આ વખતે અનેક સ્થળોએ મોટા પ્રમાણમાં ઘરસાઈ અને તિરાડો જોવા મળતાં આગામી વરસાદને લઈને ચિંતા વધી છે.

કપરાડા અને નાનાપોંઢા તાલુકાના ડુંગરાળ વિસ્તારોમાં હાલની સ્થિતિને ધ્યાનમાં રાખીને સંબંધિત તંત્ર દ્વારા જોખમી સ્થળોની ઓળખ કરવી જરૂરી બની છે. જ્યાં ડુંગરો અડધા ઘસાઈ ગયા છે અથવા મસમોટી તિરાડો પડી છે ત્યાં લોકોની અવરજવર અંગે જરૂરી સાવચેતી રાખવી જોઈએ. સાથે જ જોખમી ડુંગરોની નજીક આવેલા રસ્તાઓ અને વસાહતોની પણ તપાસ કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. ભારે વરસાદની આગાહી હોય ત્યારે આવા વિસ્તારોમાં સ્થાનિક તંત્ર દ્વારા લોકોને અગાઉથી ચેતવણી આપવામાં આવે તો જોખમ ઘટાડવામાં મદદ મળી શકે.

કપરાડા અને નાનાપોંઢા તાલુકાના લોકો માટે ડુંગરો માત્ર ભૌગોલિક ઓળખ નથી, પરંતુ તેમની ખેતી, રહેઠાણ અને દૈનિક જીવન સાથે જોડાયેલા છે. તેથી ડુંગરોની ઘરસાઈને સામાન્ય વરસાદી નુકસાન તરીકે નહીં જોતા લાંબા ગાળાના જોખમ તરીકે જોવાની જરૂર છે. આગામી દિવસોમાં વધુ વરસાદ પડે તે પહેલાં જોખમી ડુંગરોનું નિરીક્ષણ, તિરાડોનું સર્વેક્ષણ અને જરૂરી સુરક્ષાત્મક પગલાં લેવામાં આવે તેવી સ્થાનિક લોકોમાં માંગ છે. હાલની સ્થિતિમાં સૌથી મોટી ચિંતા એ છે કે વરસાદથી અગાઉ નબળા બનેલા ડુંગરો આગામી ભારે વરસાદનો કેટલો માર સહન કરી શકશે. જો સમયસર તકેદારી નહીં રાખવામાં આવે તો ડુંગરોની વધુ ઘરસાઈથી ખેતરો, રસ્તાઓ અને રહેણાંક વિસ્તારોને નુકસાન થવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Monday 10, August 2026

## વાહનોનો થર્ડ પાર્ટી વીમો : સુપ્રીમનો ઉમદા નિર્દેશ

ન્યાયતંત્ર લોકશાહીનો ચોથો સ્થંભ છે. દેશમાં વિવિધ ક્ષેત્રની અસમાનતા, અનિયમિતતાઓમાં અદાલતનાં વલણ પર મીટ મંડાયેલી હોય છે અને આપણી કોર્ટો વિશેષ કરીને વડી અદાલતો અને સુપ્રીમ કોર્ટ તરફથી સમયાંતરે આવતા ચુકાદા ન્યાયતંત્ર પરની શ્રદ્ધા સુદ્રઢ કરે છે. સુપ્રીમ કોર્ટે હાલમાં જ વાહન વીમા અંગે અતિમહત્ત્વનો ચુકાદો આપ્યો છે જે મુજબ નવાં વાહનો માટે થર્ડ પાર્ટી વીમો ફરજિયાત કરાયો છે. સર્વોચ્ચ અદાલતે વીમા નિયામકને આપેલા નિર્દેશ અનુસાર નવી કાર માટે ત્રણથી ચાર વર્ષ અને નવાં ટુ-વ્હીલર્સ માટે પાંચથી છ વર્ષનો વીમો ફરજિયાત રહેશે. અદાલતનો અભિગમ અતિ કડક છે. થર્ડ પાર્ટી વીમો ન હોય એવાં વાહનોને પેટ્રોલ પંપો પર ઈંધણ ન મળે એવી વ્યવસ્થા ગોઠવવા સરકારને જણાવ્યું છે. અહીં એ નોંધનીય છે કે, રસ્તા પર દોડતાં લાખો વાહનો વીમો ધરાવતાં નથી. અકસ્માત સર્જાય ત્યારે ભોગ બનનારને કાયદાકીય આંટીઘૂંટીમાં ફસાવું પડે છે. અદાલતે વીમા નિયમન અને વિકાસ ઓથોરિટી (આઈઆરડીએઆઈ)ને વીમા નિયમોનું કડક પાલન કરવા નિર્દેશ આપ્યો છે. એટલું જ નહીં, વીમા ચકાસણી હેતુ માટે હાઈવે અને રસ્તાઓ પર સ્થાપિત ઓટોમેટિક નંબરપ્લેટ રેકગ્નિશન કેમેરાને વીમા ડેટાબેઝ તથા વાહન પોર્ટલ સાથે જોડવાનો પણ આદેશ આપ્યો છે. વધતા માર્ગ અકસ્માતો આજે ગંભીર ચિંતાનો વિષય છે. તાજેતરમાં જ લોકસભામાં માર્ગ અકસ્માતોના રજૂ થયેલા આંકડા વિચલિત કરી મૂકે તેવા છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના એક અહેવાલ અનુસાર દેશમાં ગયાં વર્ષે માર્ગ અકસ્માતમાં ૫.૩ ટકાનો વધારો થયો છે. ૫.૧૩ લાખથી વધુ અકસ્માતોમાં ૧.૮૩ લાખ લોકોએ જીવન ગુમાવ્યું. ઘાયલોનો તો આંક આનાથી અનેકગણો વધુ છે. એ કેવી વક્રતા કે, એક દિવસમાં રસ્તા પર ૫૦૦થી વધુ લોકો રોજેરોજ અકસ્માતોમાં જીવન હોમી દે છે એ માર્ગો પર દોડતાં વાહનોમાંથી અડધોઅડધ રજિસ્ટ્રેશન વિના કે વીમાકવચ વિના દોડી રહ્યાં છે. આ તો નાગરિક તરીકે આપણી સૌની ગુનાહિત બેદરકારી જ છે. બીજો અર્થ એ પણ નીકળે છે કે, મોટર વાહન અધિનિયમ લાગુ કરવામાં મોટી ખામી છે. સદ્નસીબે સર્વોચ્ચ અદાલતે આ વાતને અતિગંભીરતાથી લીધી છે. કોર્ટે કેન્દ્ર સરકારને પાઈલટ પ્રોજેક્ટ તૈયાર કરવા કહ્યું છે, જે અંતર્ગત કાયદેસર વીમો ન હોય એવા વાહનચાલકને પેટ્રોલ ન મળે એવી જોગવાઈ કરાશે. આવું બનતાં સંભવ છે કે, મોટાભાગનાં વાહનો વીમા છત્ર હેઠળ આવી જશે. થર્ડ પાર્ટી વીમો માત્ર કાનૂની જરૂરત જ નથી, બલ્કે નાગરિકોની-પરિવારની સામાજિક સુરક્ષા સુનિશ્ચિત કરે છે. તેનો ઉદ્દેશ એ સુનિશ્ચિત કરવાનો છે કે, માર્ગ અકસ્માતનો ભોગ બનનાર લોકો અને તેમના પરિવારને વર્ષો સુધી કોર્ટના ચક્કર કાપ્યા વિના સમયસર જરૂરી વળતર મળી જાય. લાખો વાહનો વીમા વિના દોડતાં હોય તો તેનાથી થયેલા અકસ્માતના પીડિતો અને પરિવારજનો પર સીધો બોજ પડે છે.

## ૧૪ રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૯ : દિલ્હીથી લઈને કેરળ સુધી સતત ભારે વરસાદ ચાલુ છે. આ દરમિયાન હવામાન વિભાગે (IMD) ૧૪ રાજ્યોમાં વાવાઝોડા અને વિજળીના ચમકારા સાથે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. આ રાજ્યોમાં ઉત્તર ભારતના UP-બિહારથી લઈને પૂર્વોત્તરના અસમ-મેઘાલય અને દક્ષિણ ભારતના કર્ણાટક અને તામિલનાડુ પણ સામેલ છે.

દેશના અલગ-અલગ રાજ્યોમાં આજે ભારે વરસાદની શક્યતા છે. IMD એ ઉત્તર-પશ્ચિમ, મધ્ય, પૂર્વ, પૂર્વોત્તર, પશ્ચિમ અને દક્ષિણ દ્વીપકલ્પના વિસ્તારોમાં ભારે વરસાદનું અનુમાન લગાવ્યું છે.

લોકોને જળભરાવ, પૂર અને વરસાદ સંબંધિત સમસ્યાઓથી સાવચેત રહેવા સલાહ આપવામાં આવી છે.

UP થી બંગાળ સુધી ભારે વરસાદ ઉત્તર ભારતમાં હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં મધ્યમથી ભારે વરસાદની શક્યતા છે, જ્યારે હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીમાં પણ મુસળધાર વરસાદ પડી શકે છે. પૂર્વ ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ રાજસ્થાનમાં ભારે, જ્યારે પૂર્વ રાજસ્થાનમાં અતિભારે વરસાદનું અનુમાન છે. પૂર્વ ભારતમાં ઓડિશા, પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને બિહારમાં વ્યાપક વરસાદ ચાલુ રહેશે.

નોર્થ-ઈસ્ટમાં કેવું રહેશે હવામાન અરુણાચલ પ્રદેશ, અસમ, મેઘાલય સહિતના પૂર્વોત્તર રાજ્યોમાં ભારે વરસાદની શક્યતા છે. પશ્ચિમ ભારતમાં કોંકણ, ગોવા, મહારાષ્ટ્ર અને ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદ થઈ શકે છે. દક્ષિણ ભારતમાં તટીય કર્ણાટક, કેરળ, તામિલનાડુ અને આંધ્રપ્રદેશમાં વાવાઝોડું, વિજળી પડવી અને ઝડપી પવન ફુંકાવાની શક્યતા છે.

૧૪ રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ દિલ્હી, ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન, મહારાષ્ટ્ર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, હરિયાણા, ગુજરાત, ઝારખંડ, જમ્મૂ-કાશ્મીર અને પશ્ચિમ બંગાળમાં એલર્ટ અપાયું છે.

દિલ્હી-NCR માં યલો એલર્ટ જાહેર કરાયું છે. ઓગસ્ટના પ્રથમ સપ્તાહમાં ૨૦૧૧ પછી સૌથી વધુ ૧૨૭ mm વરસાદ નોંધાયો છે. ૧૦ થી ૧૩ ઓગસ્ટ સુધી હળવાથી મધ્યમ વરસાદની ચેતવણી છે.

## નેતન્યાહૂએ ટ્રમ્પનો ગાઝા પીસ પ્લાન ફગાવ્યો

### હમાસ સંપૂર્ણપણે ખતમ ન થાય ત્યાં સુધી સેના પાછી નહીં હટે



(સંપૂર્ણ સમાચાર સેવા)
જેરુસાલેમ, તા.૯
ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ગાઝાને લઈને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા પ્રસ્તાવિત ૧૫-મુદ્દાના બોર્ડ ઓફ પીસ (Board of Peace) પ્લાનને ફગાવી દીધો છે. નેતન્યાહૂએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, જ્યાં સુધી હમાસ સંપૂર્ણપણે શસ્ત્રો નહીં ફેંકે, ત્યાં સુધી ઈઝરાયલી સેના ગાઝામાંથી પીછેહઠ કરશે નહીં.

હમાસનો ખાતમો જરૂરી: નેતન્યાહૂએ ભારપૂર્વક કહ્યું કે, ઈઝરાયલ હમાસનો વાસ્તવિક અને સંપૂર્ણ અંત ઈચ્છે છે.

માત્ર દેખાવ પૂરતું આતંકવાદી સંગઠનને નબળું પાડવાથી સમસ્યાનો ઉકેલ નહીં આવે.

અમેરિકા સાથે વાટાઘાટો ચાલુ: તેમણે ઉમેર્યું કે, આ મુદ્દે અમેરિકા સાથે ચર્ચા ચાલુ છે. ટ્રમ્પ વહીવટીતંત્રની કેટલીક યોજનાઓ સામે ઈઝરાયલને સંમતિ છે, જ્યારે કેટલીક શરતો સામે વાંધો છે.

બોર્ડ ઓફ પીસ અને ટ્રમ્પનો દાવો: અમેરિકાના નેતૃત્વ હેઠળના બોર્ડ ઓફ પીસ ના ડિરેક્ટર નિકોલે મ્લાદેનોવ અને નેતન્યાહૂ વચ્ચેની બેઠક બાદ બોર્ડે પણ જણાવ્યું હતું કે, ગાઝામાંથી ઈઝરાયલી સેના ત્યારે જ પાછી હટશે, જ્યારે હમાસના તમામ શસ્ત્રો જપ્ત કરી લેવામાં આવશે.

બીજી તરફ, ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે, યુદ્ધ વિરામ અને શાંતિ યોજના પર સફળતા મળી છે. જોકે, ગયા વર્ષે યુદ્ધ વિરામની સહમતી છતાં ગાઝામાં ઈઝરાયલી સૈન્ય કામગીરી ચાલુ રહી છે.

## ગુજરાતમાં વરસાદ બાદ શાકભાજીના ભાવમાં ભડકો



(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૯ : રાજ્યમાં વરસાદ બાદ હવે સામાન્ય લોકો માટે વધુ એક ચિંતાનો વિષય સામે આવ્યો છે. ભારે વરસાદના કારણે શાકભાજીના પાકને નુકસાન થયું છે અને તેની સીધી અસર શાકભાજીની આવક પર પડી રહી છે. આવક ઘટતાં બજારમાં શાકભાજીના ભાવમાં વધારો થયો છે. વરસાદને કારણે ખેતરોમાં પાણી ભરાવા સહિતની સ્થિતિ સર્જાતા કેટલાક વિસ્તારોમાં શાકભાજીના પાકને નુકસાન થયું છે. તેના કારણે બજારમાં આવક ઓછી થઈ રહી છે. બીજી તરફ પરિવહન અને મજૂરીના ખર્ચમાં વધારાની પણ શાકભાજીના ભાવ પર અસર જોવા મળી રહી છે.

અગાઉ જે શાકભાજી ૪૦થી ૬૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે મળતા હતા, તેના ભાવ હવે વધીને ૮૦થી ૧૦૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગયા છે. અચાનક વધેલા ભાવને કારણે રોજિંદા શાકભાજી ખરીદતા ગ્રાહકોના બજેટ પર ભાર પડ્યો છે. ટામેટાના ભાવમાં પણ વધારો નોંધાયો છે. ટામેટા અગાઉ પ્રતિ કિલો આશરે ૬૦ રૂપિયાના ભાવે મળતા હતા, જે હવે વધીને લગભગ ૮૦ રૂપિયા પ્રતિ કિલો થયા છે. વરસાદના કારણે આવક ઘટવી ભાવ વધવાનું એક મુખ્ય કારણ માનવામાં આવી રહ્યું છે.

લીલા મરચાંના ભાવ પણ વધ્યાં છે. અગાઉ ૮૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે મળતા લીલા મરચાં હવે વધીને ૧૦૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગયા છે.

શાકભાજીના ભાવમાં એકસાથે વધારો થતાં ગૃહિણીઓનું ઘરનું બજેટ ખોરવાયું છે. કોથમીર ૪૦૦ની કિલ્લો છે તો મેથીની ભાજી ૩૦૦ની કિલો વેચાઈ રહી છે.

ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યોમાં પણ ભારે વરસાદથી શાકભાજીના પાકને નુકસાન થયું છે. વરસાદ અને પાણી ભરાવાની સ્થિતિના કારણે ખેતરમાં તૈયાર પાકને નુકસાન થવાથી બજારમાં આવક ઘટી શકે છે. દેશના અન્ય ભાગોમાં પણ ભારે વરસાદ બાદ શાકભાજીના સપ્લાયમાં વિક્ષેપ અને ભાવ વધારાના અહેવાલો સામે આવ્યા છે. શાકભાજીના ભાવ વધવા પાછળ માત્ર વરસાદ જ જવાબદાર નથી. પેટ્રોલ-ડીઝલના ભાવ અને મજૂરી ખર્ચમાં વધારાની પણ પરિવહન તથા શાકભાજીની કુલ કિંમત પર અસર પડે છે. ખેતરથી માર્કેટ અને ત્યારબાદ ગ્રાહક સુધી પહોંચતા શાકભાજીના ખર્ચમાં વધારો થાય તો તેની અસર છૂટક બજારમાં જોવા મળી શકે છે.

## ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ ખોલવા અંગે અમેરિકા સમક્ષ માંગણીઓ મૂકી

(સંપૂર્ણ સમાચાર સેવા)
તેહરાન, તા.૯
પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ વધી રહ્યો છે. હોર્મુઝ સ્ટ્રેટની આસપાસ જહાજોને નિયમિતપણે નિશાન બનાવવામાં આવી રહ્યા છે. તાજેતરમાં, સંયુક્ત આરબ અમીરાત (UAE)એ જણાવ્યું હતું કે તેના એક જહાજને ઈરાની મિસાઈલનો શિકાર બનાવાયું હતું. સૌથી મોટો પ્રશ્ન એ છે કે હોર્મુઝમાં પરિસ્થિતિ ક્યારે અને કેવી રીતે સામાન્ય થશે. તેહરાને હવે આનો જવાબ આપ્યો છે.

ઈરાનની સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલે જણાવ્યું હતું કે હોર્મુઝ સ્ટ્રેટ ત્યાં સુધી ફરી ખુલશે નહીં જ્યાં સુધી અમેરિકા તેનું વર્તન સુધારે નહીં. કાઉન્સિલે બીજી ઘણી માંગણીઓ પણ કરી હતી. ઈરાની અર્ધ-સત્તાવાર મીડિયા અનુસાર, કાઉન્સિલ સેક્રેટરી મોહમ્મદ બાકર જોલ્ઘદરે આ શરતોની યાદી આપતું નિવેદન બહાર પાડ્યું.

અમેરિકા સામે આ શરતો મુકી

૧. અમેરિકા ફરી ક્યારેય ઈરાનને ધમકી આપશે નહીં.

૨. અમેરિકા ઈરાન અને તેના સાથીઓ સાથે યુદ્ધનો કાયમી ત્યાગ કરશે.

૩. અમેરિકાએ ઈરાની બંદરો પરથી નૌકાદળની નાકાબંધી હટાવવી જોઈએ અને વિસ્તારમાંથી તેના દળો પાછા ખેંચવા જોઈએ.

૪. અમેરિકાએ આ યુદ્ધના પરિણામે ઈરાનને થયેલા નુકસાન માટે ઈરાનને વળતર આપવું જોઈએ.

૫. અમેરિકાએ ઈરાન સામેના તમામ પ્રતિબંધો હટાવવા જોઈએ અને કોઈપણ શરત વિના કોઈપણ સ્થિર સંપત્તિ મુક્ત કરવી જોઈએ. ઈરાનની આ શરતો પર અમેરિકા તરફથી કોઈ નિવેદન આવ્યું નથી. અમેરિકા શરૂઆતથી જ કહેતું આવ્યું છે કે હોર્મુઝ સ્ટ્રેટ પર કોઈ કર લાગશે નહીં અને યુદ્ધ પહેલાની સ્થિતિ પુનઃસ્થાપિત કરવામાં આવશે. જો કે, ઈરાન આ સ્વીકારવા તૈયાર નથી. હોર્મુઝ સ્ટ્રેટ પર નવા પ્રતિબંધોની શક્યતા વધી ગઈ છે, જે સામાન્ય રીતે યુએસ-ઈરાન યુદ્ધ પહેલા બધા માટે ખુલ્લી હતી, તે વધી ગઈ છે. તેહરાન કહે છે કે તે ઓમાન સાથે મળીને હોર્મુઝ સ્ટ્રેટ પર ફી લગાવવાનો પ્રસ્તાવ મૂકી રહ્યું છે. જો કે, ઓમાને આવા કરનો ઈનકાર કર્યો છે. ઈરાને યુદ્ધ પહેલા ક્યારેય આવો પ્રસ્તાવ મૂક્યો ન હતો, પરંતુ અમેરિકાના હુમલાથી તેને હોર્મુઝ સ્ટ્રેટનો હથિયાર તરીકે ઉપયોગ કરવાની તક મળી છે.

## E20 પેટ્રોલમાં ભેજ અને ક્લોરાઈડ અંગેના દાવા ખોટા

(દમણગંગા ટાઈમ્સ)
વાપી, તા. ૮ : E20 પેટ્રોલમાં ભેજ અને ૫૦૦ પીપીએમ ક્લોરાઈડ હોવાના તાજેતરના દાવાઓને ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા હાથ ધરાયેલા દેશવ્યાપી પરીક્ષણોમાં સમર્થન મળ્યું નથી. કંપનીઓએ રિફાઈનરીથી લઈને પેટ્રોલ પંપ સુધી સમગ્ર પુરવઠા વ્યવસ્થામાં સઘન તપાસ હાથ ધરી હતી.

રિફાઈનરીમાંથી લેવામાં આવેલા ૧૦૦થી વધુ પેટ્રોલના નમૂનાઓમાં ક્લોરાઈડનું પ્રમાણ ૧ પીપીએમ અથવા તેનાથી ઓછું જોવા મળ્યું હતું. જ્યારે દેશભરની ૮૦ ડિસ્ટિલરીમાંથી લેવામાં આવેલા ઈથેનોલના તમામ નમૂનાઓમાં ક્લોરાઈડનું પ્રમાણ ૩ પીપીએમથી ઓછું નોંધાયું હતું.

ડેપો અને ટર્મિનલમાંથી લેવામાં આવેલા ૮૦થી વધુ નમૂનાઓમાં પણ ક્લોરાઈડનું પ્રમાણ ૩ પીપીએમથી ઓછું મળ્યું હતું. પેટ્રોલ પંપ પરથી તપાસવામાં આવેલા ૧૬૦ નમૂનાઓમાં ક્લોરાઈડનું પ્રમાણ ૦થી ૩ પીપીએમ વચ્ચે હોવાનું સામે આવ્યું છે. કેટલાક સ્થળોએ ક્લોરાઈડનું પ્રમાણ વધુ જોવા મળતાં ત્યાં પેટ્રોલનો પુરવઠો તાત્કાલિક અટકાવી તપાસ અને જરૂરી સુધારાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી.

દરમિયાન, દેશભરના આશરે ૯૦ હજાર પેટ્રોલ પંપની ભૂગર્ભ ટાંકીઓમાં પાણી પ્રવેશ અંગે પણ નિયમિત તપાસ કરવામાં આવી રહી છે. દિવસમાં ૮થી ૧૨ વખત કરવામાં આવતા પરીક્ષણોમાં અત્યાર સુધી પાણી પ્રવેશની કોઈ સમસ્યા મળી નથી.

તેલ કંપનીઓએ જણાવ્યું છે કે ઈંધણની ગુણવત્તા તેમની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. સમગ્ર પુરવઠા વ્યવસ્થામાં સતત દેખરેખ રાખવામાં આવી રહી છે અને ૨૨૦ પેટ્રોલ નિર્ધારિત ગુણવત્તા ધોરણોને અનુરૂપ હોવાનું પરીક્ષણોમાં સામે આવ્યું છે.

ઉપરોક્ત પરીક્ષણોનો કોષ્ટક સારાંશ CHT ની સત્તાવાર વેબસાઈટ @ www.cht.gov.in પર ઉપલબ્ધ છે. જેમ જેમ વધુ ટેસ્ટ પરિણામો ઉપલબ્ધ થશે તેમ આ અપડેટ કરવામાં આવશે.

## મમતાના કાફલા પર ટોળા દ્વારા હુમલો કરવામાં આવ્યો



(સંપૂર્ણ સમાચાર સેવા)
કોલકાતા, તા.૯ : પશ્ચિમ બંગાળના ઉત્તર ૨૪ પરગણા જિલ્લામાં પૂર્વ મુખ્યમંત્રી અને તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના નેતા મમતા બેનર્જીના કાફલા પર ટોળા દ્વારા હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. હલિશહરમાં બનેલી આ ઘટનામાં ટોળાએ મમતા બેનર્જીની ગાડીને ચારેય તરફથી ઘેરી લીધી હતી. આ દરમિયાન ગાડી પર કાદવ, પાણીની બોટલો અને ચપ્પલ ફેંકવામાં આવ્યા હતા. સ્થિતિ વધુ વણસે તે પહેલાં પોલીસ અને સુરક્ષા દળોએ મોરચો સંભાળ્યો હતો અને મમતા બેનર્જીને સુરક્ષિત રીતે ત્યાંથી બહાર કાઢ્યા હતા.

મળતી માહિતી પ્રમાણે, મમતા બેનર્જી એક સ્થાનિક TMC કાર્યકર્તાના પરિવારને મળવા જઈ રહ્યા હતા. આ કાર્યકર્તાનું શુક્રવારે પોલીસ કસ્ટડીમાં શંકાસ્પદ સંજોગોમાં મોત થયું હતું. આ ઘટનાને લઈને સ્થાનિક લોકો અને પરિવારજનોમાં પોલીસ સામે ભારે રોષ જોવા મળી રહ્યો હતો. મમતા બેનર્જીનો કાફલો હલિશહર વિસ્તારમાં પહોંચ્યો ત્યારે રસ્તા પર પહેલેથી જ મોટી સંખ્યામાં લોકો વિરોધ કરી રહ્યા હતા. ટોળાએ મમતા બેનર્જીના કાફલાને આગળ વધતો અટકાવ્યો હતો. થોડા જ સમયમાં વિરોધ ઉગ્ર બન્યો અને પ્રદર્શનકારીઓએ મમતા બેનર્જીની ગાડીને ચારેય તરફથી ઘેરી લીધી હતી.

## PoKમાં બેકફૂટ પર શહબાઝ સરકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)
ઈસ્લામાબાદ, તા.૯
પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (PoK) માં છેલ્લા બે મહિનાથી ચાલતા વિરોધ પ્રદર્શન વચ્ચે શહબાઝ શરીફ સરકારનું વલણ નરમ પડ્યું છે. જે પ્રદર્શનકારીઓને પહેલા કાયદો અને વ્યવસ્થા માટે સવાલ ગણાવવામાં આવતા હતા, તેમને હવે સરકારે દેશભક્ત ગણાવીને મંત્રણાનું આમંત્રણ આપ્યું છે.

શહબાઝ શરીફના સલાહકાર રાણા સનાઉલ્લાહે એક ચૂંટણીસભા દરમિયાન જણાવ્યું હતું કે, જોઈન્ટ અવામી એક્શન કમિટી (JAAC) સાથે જોડાયેલા ૯૯ ટકા લોકો દેશભક્ત છે. જો PoKમાં તેમની પાર્ટી PML(N) બે-તૃતિયાંશ બહુમતીથી સરકાર બનાવશે, તો સૌથી પહેલા JAACના પ્રતિનિધિઓ સાથે બેસીને તેમની માંગણીઓ પર ચર્ચા કરવામાં આવશે. અગાઉ PML(N) નો દાવો હતો કે, પ્રદર્શનકારીઓ વચ્ચે પ્રતિબંધિત આતંકી સંગઠન તહરીક-એ-તાલિબાનના લોકો સામેલ છે. પરંતુ હવે સરકારનું આ વલણ દર્શાવે છે કે, તેઓ PoK ના આક્રોશ સામે બેકફૂટ પર આવી ગયા છે. PoK માં JAAC છેલ્લા બે મહિનાથી આંદોલન ચલાવી રહ્યું છે, જેમાં વિદ્યાર્થીઓ, વેપારીઓ, વકીલો અને ટ્રાન્સપોર્ટર્સ સામેલ છે. તેમની મુખ્ય માંગણી ૧૨ શરણાર્થી સીટોને નાબૂદ કરવાની છે, જેનો ઉપયોગ ઈચ્છિત સરકાર બનાવવા માટે થતો હોવાનો આરોપ છે. ત્નછછછઝ નો દાવો છે કે, જૂનના પ્રથમ સપ્તાહથી અત્યાર સુધીમાં ૪૦૦ થી વધુ પ્રદર્શનકારીઓ માર્યા ગયા છે, જ્યારે પાકિસ્તાન સરકાર આ આંકડાઓને ફગાવી રહી છે. આ હિંસક કાર્યવાહી પર સંયુક્ત રાષ્ટ્ર (UN) અને માનવાધિકાર સંગઠનોએ પણ ગંભીર ચિંતા વ્યક્ત કરી છે.

## સંસદે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ વિકાસ સુધારા વિધેયક ૨૦૨૬ પસાર



સંસદે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ વિકાસ સુધારા વિધેયક ૨૦૨૬ પસાર કરી દીધું છે, જેને આજે લોકસભાએ મંજૂરી આપી છે. વિધેયક રાજ્યસભાએ સોમવારે પસાર કર્યું હતું.

આ વિધેયક પસાર થયા બાદ વિપક્ષના હોબાળા વચ્ચે પ્રમુખ અધિકારીએ ગૃહની કાર્યવાહી સોમવારે સવારે ૧૧ વાગ્યા સુધી સ્થગિત કરી. આ પહેલા, જ્યારે ગૃહ સવારે ૧૧ વાગ્યે શરૂ થયું, ત્યારે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ ભારત છોડો ચળવળના સ્વતંત્રતા સેનાનીઓ અને શહીદોને શ્રદ્ધાંજલિ આપી. તેમણે કહ્યું કે ૯ ઓગસ્ટે ભારત છોડો ચળવળની ૮૪મી વર્ષગાંઠ છે. ગૃહે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને દેશની સ્વતંત્રતા માટે સર્વોચ્ચ બલિદાન આપનારા સ્વાતંત્ર્ય સેનાનીઓ અને શહીદોને પણ શ્રદ્ધાંજલિ આપી હતી. ગૃહે સ્વાતંત્ર્ય સેનાનીઓ અને શહીદોના માનમાં મૌન પણ પાળ્યું હતું.

## કેન્દ્ર સરકારની મેટાને કડક ચેતવણી

(સંપૂર્ણ સમાચાર સેવા)
દિલ્હી, તા.૯ : મેટાને ભારતમાં પોતાના પ્લેટફોર્મ ચલાવવા માટે માત્ર તેની ગ્લોબલ પોલિસી પર નિર્ભર રહેવાની પરવાનગી આપવામાં આવશે નહીં. તેણે ભારતીય કાયદાઓનું પણ પાલન કરવું પડશે. મેટા અને ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય (MeitY) વચ્ચે થયેલી બેઠકો બાદ સરકારી સૂત્રોએ આ વાત સ્પષ્ટ કરી છે.

જોકે, અધિકારીઓએ એ પણ સ્પષ્ટ કર્યું છે કે, સરકારે મેટાને તેના એલ્ગોરિધમમાં સંપૂર્ણ ફેરફાર કરવાનો કોઈ નિર્દેશ આપ્યો નથી.

સરકારનો મુખ્ય ભાર એ વાત પર છે કે, મેટાની કન્ટેન્ટ પોલિસી, પ્લેટફોર્મ ગાઈડલાઈન્સ અને મોડરેશન સિસ્ટમ ભારતીય કાયદાઓને અનુરૂપ હોય. અધિકારીઓનું કહેવું છે કે, ભારતમાં કન્ટેન્ટ મોડરેશન માટે સ્થાનિક ઈનપુટ વધારવાની જરૂર છે. ખાસ કરીને ભારતીય ભાષાઓ અને સાંસ્કૃતિક બાબતોને સમજવી જરૂરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, વિદેશમાં કામ કરતી ટીમો ઘણીવાર ભારતના સ્થાનિક અને સાંસ્કૃતિક સંદર્ભને સંપૂર્ણ રીતે સમજી શકતી નથી. તેથી સરકાર મેટા પાસેથી માત્ર ભરોસો નહીં, પરંતુ નક્કર ફેરફારો ઈચ્છે છે.

બાળકોના જાતીય શોષણ સાથે જોડાયેલા કન્ટેન્ટ (CSAM)ને લઈને સરકારે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, આ મામલે ઝીરો ટોલરન્સ અને ઝીરો કોમ્પ્રોમાઈઝની નીતિ છે. અધિકારીઓએ જણાવ્યું કે, મેટાના પ્લેટફોર્મ પર આ પ્રકારનું કન્ટેન્ટ હોવું એ ગંભીર નિયમ ભંગ ગણાશે. સરકારે કંપનીને આવા કન્ટેન્ટ સામે નિપટવા માટે વધુ મજબૂત અને સક્રિય પગલાં લેવા જણાવ્યું છે.

## શિક્ષણ વ્યવસ્થા મુદ્દે કેન્દ્ર સરકાર પર રાહુલ ગાંધીના આકરા પ્રહાર

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૯
દેશમાં પેપર લીક અને કથળતી જતી શિક્ષણ વ્યવસ્થાને લઈને રાજકારણ ફરી એકવાર ચરમસીમા પર પહોંચ્યું છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે થતા ચેડાંના મુદ્દા પર કેન્દ્ર સરકાર, ખાસ કરીને કેન્દ્રીય ગૃહમંત્રી પર આકરા પ્રહારો કર્યા છે.

રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા X પર એક પોસ્ટ લખીને સ્પષ્ટ કર્યું કે, કોંગ્રેસ પક્ષ આ મુદ્દાને શાંત થવા દેશે નહીં. રાહુલે X પર લખ્યું, હવે મારી પાસે કોઈ રસ્તો બચ્યો નથી, ગઈકાલે પ્રયાગરાજમાં એક વિદ્યાર્થીએ મને આ જ કહ્યું. વર્ષોની તૈયારી, ઘરની જમીન વેચી, માતા-પિતાનું દેવું અને છતાં હાથમાં કંઈ નહીં. આ હાર તેની નથી. આ એ વ્યવસ્થાની હાર છે, જેણે તેની મહેનતનું મૂલ્ય આપવાનો ઈનકાર કરી દીધો.

રાહુલ ગાંધીએ જણાવ્યું કે, વિદ્યાર્થીઓનું આ દર્દ કોઈ એક વ્યક્તિનું નથી, પરંતુ સમગ્ર દેશના લાખો યુવાનોનું છે, જેઓ વર્ષો સુધી સખત મહેનત કરવા છતાં પેપર લીક અને વહીવટી બેદરકારીનો ભોગ બની રહ્યા છે. પોતાના ટ્વિટમાં રાહુલ ગાંધીએ કેન્દ્રીય ગૃહમંત્રી પર નિશાન સાધ્યું. રાહુલે આરોપ લગાવ્યો કે, આટલા ગંભીર સંકટ છતાં સરકાર તરફથી કોઈ નક્કર કાર્યવાહી કે, નિવેદન આવ્યું નથી. રાહુલ ગાંધીએ કહ્યું કે, આ સંવેદનશીલ મુદ્દા પર ૧૩ દિવસ વીતી ગયા હોવા છતાં ગૃહમંત્રી એક શબ્દ પણ નથી બોલ્યા.

રાહુલે વધુમાં કહ્યું કે, દિલ્હીના જંતર મંતરના રસ્તાઓ પર પોતાના અધિકારો માટે અવાજ ઉઠાવી રહેલા વિદ્યાર્થીઓ અને બાળકો પર લાઠીઓ વરસાવવામાં આવી, અને પેલેટ ગનનો ઉપયોગ કરવામાં આવ્યો, પરંતુ સરકાર મૌન રહી.

રાહુલ ગાંધીએ કહ્યું, ગૃહમંત્રી જી, એવું ન વિચારતા કે અમે જવાબ માંગવાનું બંધ કરી દેશું. આજે નહીં તો કાલે, આ ગુનાનો જવાબ તમારે આપવો જ પડશે. વિદ્યાર્થીઓ દેશની રોશની છે, અને હું તેમની પૂરી શક્તિ સાથે ઊભો છું. સૂત્રોના જણાવ્યા અનુસાર, કોંગ્રેસ પક્ષ અને રાહુલ ગાંધી આગામી દિવસોમાં પેપર લીક, રાષ્ટ્રીય પરીક્ષાઓમાં ગડબડ અને યુવાનોના રોજગારના મુદ્દાને શાંત થવા દેશે નહીં.

# અન્ય સમાચારો

Monday 10, August 2026
દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

## ડાંગ જિલ્લામાં વરસાદી માહોલ ઓસરતા પ્રવાસીઓનો જનસેલાબ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**સાપુતારા, તા.૦૯ :** છેલ્લા બે દિવસથી ડાંગ જિલ્લામાં ક્યાંક ઝરમર તો ક્યાંક છૂટોછવાયો ધીમો વરસાદ નોંધાઈ રહ્યો છે. વરસાદનું જોર ઘટતાં ડાંગની પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઊઠી છે અને શનિ-રવિની રજાઓમાં ડાંગના પ્રખ્યાત પ્રવાસન સ્થળોએ પ્રવાસીઓની ચિક્કાર ભીડ ઉમટી પડી હતી. ડાંગના ગિરિમથક સાપુતારા ઉપરાંત વઘઈનો ગીરાધોધ, ગીરમાળનો ગીરા ધોધ, બોટનિકલ ગાર્ડન સહિતનાં વિવિધ પ્રવાસન સ્થળોએ મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડતાં ઠેરઠેર માનવમહેરામણ જોવા મળ્યો હતો. પ્રવાસીઓની ભારે ભીડને કારણે સમગ્ર પ્રવાસન પંથકમાં ચહલપહલ વધી ગઈ હતી. ગિરિમથક સાપુતારા ખાતે શનિવારે રાજ્યના નાયબ મુખ્યમંત્રીના હસ્તે મોન્સૂન ફેસ્ટિવલનો પ્રારંભ કરવામાં આવતા સાપુતારાના પ્રવાસન માહોલમાં વધુ એક નવું મોરપીંછ ઉમેરાયું છે. મોન્સૂન ફેસ્ટિવલના પગલે સાપુતારા ખાતે પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. સાપુતારામાં મોન્સૂન ફેસ્ટિવલનાં પગલે પ્રવાસીઓની ભારે આવકને કારણે સાપુતારા સહિત તળેટી વિસ્તારમાં આવેલી હોટલો, રેસ્ટોરન્ટો, હોમસ્ટે, રિસોર્ટ અને ટેન્ટ સિટીઓ હાઉસફુલ થઈ જવા પામી હતી. ઠંડકભર્યા વાતાવરણ અને કુદરતી સૌંદર્યની વચ્ચે પ્રવાસીઓએ મન મૂકીને આનંદ માણ્યો હતો.બીજી તરફ વઘઈના ગીરાધોધ અને ગીરમાળના ગીરા ધોધ ખાતે પણ પ્રવાસીઓનો જનસેલાબ ઉમટી પડ્યો હતો. વરસાદ બાદ ધોધમાં વધેલા પાણીના પ્રવાહ અને ચોમાસાની હરિયાળી વચ્ચે કુદરતી સૌંદર્ય માણવા મોટી સંખ્યામાં પ્રવાસીઓ પહોંચ્યા હતા.

## પારડીમાં જુગાર રમતા પાંચ ઝડપાયા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**પારડી, તા.૦૯ :** પારડી દમણીઝાંપા ખાતે શાંતુભાઈ સોમાભાઈના ઘરની બહાર ખુલ્લા આંગણામાં કેટલાક ઈસમો પૈસા વડે હાર-જીતનો જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે બે પંચોને સાથે રાખીને ઘટનાસ્થળે રેડ કરી હતી. પારડી પોલીસે સ્થળ પરથી જુગાર રમતા પાંચ આરોપીઓમાં ડિંકેસ ચંદુભાઈ પ્રભાકર રહે. વેલપરવા, કમલેશભઈ ઈશ્વરભાઈ હળપતિ રહે. દમણીઝાંપા, હિતેન્દ્રભાઈ રમેશભાઈ પટેલ રહે. દમણીઝાંપા, હેમંતભાઈ મહેશભાઈ નાયકા રહે. દમણીઝાંપા સુમનભાઈ ધનસુખભાઈ હળપતિમાં પાંચે જુગારીઓને રંગેહાથ ઝડપી લીધા હતાં. પારડી પોલીસે આરોપીઓની અંગઝડતીમાંથી રોકડા રૂા.૨,૩૬૦, દાવ પરથી મળી આવેલ રોકડા રૂપિયા, ૩ નંગ મોબાઈલ, બાઈક GJ-15-JJ-8906 તથા ગંજીપત્તા મળીને કુલ રૂા. ૨૩,૧૧૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પારડીપોલીસ કોન્સ્ટેબલ જયેશભાઈ હરજીભાઈ ગમારાની ફરિયાદના આધારે પારડી પોલીસે પાંચેય આરોપીઓ વિરુદ્ધ જુગારધારા કલમ ૧૨ મુજબ ગુનો નોંધી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

## વાપીના અમિત તિવારીને ૬ માસ માટે જિલ્લામાંથી તડીપાર કરાયો

**વાપી, તા.૦૯ :** વલસાડ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને લોકો ભયમુક્ત વાતાવરણમાં જીવન જીવી શકે તે માટે પોલીસ દ્વારા તડીપારની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.
સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહ અને વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચના અને માર્ગદર્શન મુજબ વલસાડ LCB પો.ઈન્સ. એ.યુ. રોજ દ્વારા વલસાડ જિલ્લાની હદમાં અવાર-નવાર શરીર સંબંધી રાયોટિંગ અને જુગારના ગુનાઓ આચરી સામાન્ય પબ્લિકમાં ભયનો માહોલ ઉભો કરતા ઈસમ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી. વલસાડ LCBએ ડેન્જર પર્સનૅ તરીકે ઓળખાતા આરોપી નરેન્દ્ર ઉર્ફે અમિત સુભાષભાઈ બુદ્ધીસાગર તિવારી, ઉ.વ. ૩૩, રહે. નીલકંઠ રો-હાઉસ, બંગલો નં.૮ નામધા, નાયરા પેટ્રોલપંપની નજીક તા.વાપી જી. વલસાડ મૂળ રહે. પૂર્વા બજાર નગરપાલિકા વશિષ્ટનગર વોર્ડ નં. ૦૫ તા.ગોલા બજાર જી. ગોરખપુર ઉત્તરપ્રદેશ વિરુદ્ધ તડીપારની દરખાસ્ત તૈયાર કરી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ પારડીને મોકલી હતી. તપાસના અંતે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ પારડીએ દરખાસ્ત મંજૂર કરી આરોપીને વલસાડ જિલ્લાની હદમાંથી ૬ માસ માટે તડીપાર કરવાનો હુકમ કર્યો. જેના આધારે વલસાડ LCBની ટીમે આરોપીને વાપી ખાતેથી ડિટેન કરી વલસાડ જિલ્લાની હદમાંથી ૬ માસ માટે તડીપાર કરેલ છે.
આરોપી સામે વાપી ટાઉન અને ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં જુગાર ધારા અને મારામારી સહિતના અનેક ગુના નોંધાયેલા છે પોલીસ દ્વારા જિલ્લામાં ગુનાખોરી અટકાવવા આવા તત્વો સામે સતત સર્વેલન્સ અને કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

## ગણદેવાનાં ટોલ નાકેથી રૂા.૭.૭૫ લાખ દારૂ સાથે ચાલક ઝડપાયો : બે વોન્ટેડ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ગણદેવી, તા.૯ :** ગણદેવી પોલીસ ને બાતમી મળી હતી કે સફેદ રંગની ટેક્ષી પાંસિંગ ઈન્ટ્રા વી-૨૦ પીક અપ, કાળા રંગની તાડપત્રી બાંધી વલસાડ તરફથી આવી એક્સપ્રેસ હાઈવે થઈ સુરત તરફ જનાર છે. પોલીસે ગણદેવા એક્સપ્રેસ હાઈવે ટોલનાકા ની ઉતરે મુંબઈ- અમદાવાદ જતા ટ્રેક ઉપર બાતમી આધારે વોચ ગોઠવી હતી. અને બાતમી વાળી પીકઅપ નં. જીજે ૧૫ એ એક્સ ૯૮૦૧



રોકી તલાશી લીધી હતી. જેમાં રૂા.૨,૬૫,૪૧૬ની વિદેશી દારૂ ની બોટલ નં.૨૮૮ મળી આવી હતી. પીક અપ રૂા.૫ લાખ, બે મોબાઈલ રૂા.૧૦ હજાર મળી કુલ રૂા.૭,૭૫,૪૧૬નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. અને ચાલક યોગેશ નવીનભાઈ નાયક (૨૬) રહે. બગવાડા, તીઘરા, વડીલ ફળિયુંની ધરપકડ કરી હતી. જ્યારે માલ ભરી આપનાર રાજ શશીકાંત ભંડારી રહે. દમણ અને માલ મંગાવનાર અતુલ બળદેવ વાઘેલા રહે. ગંગાનગર, દંતેશ્વર કિશનનગર નજીક, વડોદરા ને વોન્ટેડ જાહેર કર્યા હતાં. ગણદેવી પીઆઈ એન આઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યાં છે.

## વાપીમાં રૂા.૬ લાખનો દારૂ ભરેલ ટેમ્પો સાથે ૧ ઝડપ્યો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા.૦૯ :** વાપી ટાઉન પોલીસે પેટ્રોલિંગ દરમિયાન વિદેશી દારૂ અને મોબાઈલ સાથે એક ઈસમની અટક કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ ઈન્સ્પેક્ટર આશા વાઘેલા અને સ્ટાફ પેટ્રોલિંગમાં હતાં. ત્યારે બાતમી મળી કે MH 43 CQ 3015 નંબરના ટેમ્પોમાં દારૂની હેરાફેરી થઈ રહી છે. વાપી-ધરમપુર રોડ પર વાહનને રોકી તપાસ કરતા કારમાંથી વિવિધ બ્રાન્ડનો વિદેશી દારૂ મળી આવ્યો. પોલીસે કુલ ૩૨ બોક્સ દારૂ જપ્ત કર્યો. જેમાં ૬૧ પેટી ટીન બિયર, ૨૪ પેટી બિયર અને ૮ પેટી અન્ય દારૂનો સમાવેશ થાય છે. કુલ મુદ્દામાલની કિંમત રૂા.૬,૦૪,૨૮૦/- થાય છે. સાથે આરોપી પાસેથી ૨ મોબાઈલ ફોન કિંમત રૂા.૧૫,૦૦૦/- અને ગુનામાં વપરાયેલ કાર કિંમત રૂ. ૧૦,૦૦,૦૦૦/- પણ જપ્ત કરવામાં આવી. કુલ મુદ્દામાલ રૂા. ૧૬,૧૯,૨૮૦/-નો છે. આરોપીની પૂછપરછમાં તેણે નામ સુરજ પરશુરામ યાદવ, રહે. ધામણક નાકા, ભિલાડ જણાવ્યું. તે સુરતથી આશિષ દુબે નામની વ્યક્તિએ દમણથી દારૂ ભરાવી વડોદરા કરજણ ખાતે અભિષેક નામની વ્યક્તિને ફોન કરી આપવાનો હતો. પોલીસે BNS અને પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

**CHANGE OF NAME**
OLD NAME: ARTI AJAY KUMAR
NEW NAME: ARTI KUMARI
ADDRESS: FLAT NO. 301, SATYANARAYAN AVENUE, NEAR SATYANARYAN TEMPLE, TIN BATTI, NANI DAMAN

## કપરાડાના નેવરીમાં ભારે વરસાદથી મકાનની દિવાલ ધરાશાયી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ચીવલ, તા.૦૯ :** કપરાડા તાલુકાના નેવરી ગામમાં સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે એક પરિવારને ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. ગામના રહેવાસી ગણેશભાઈ હરજીભાઈ પટેલના મકાનની દિવાલ વરસાદી પાણી ભરાઈ જવાના કારણે ધરાશાયી થતાં મકાન રહેવા લાયક રહ્યું નથી. સદનસીબે ઘટના સમયે કોઈ જાનહાનિ થઈ ન હતી, પરંતુ સમગ્ર પરિવાર ભયના માહોલમાં આવી ગયો છે.
પરિવારના જણાવ્યા મુજબ દિવાલ પડી જવાથી મકાનના અન્ય ભાગોમાં પણ તિરાડો પડી ગઈ છે અને કોઈપણ સમયે વધુ ભાગ ધરાશાયી થવાની શક્યતા હોવાથી મકાનમાં રહેવું જોખમી બની ગયું છે. આ મકાનમાં કુલ ત્રણ પરિવારો વસવાટ કરતા હતાં. જાનમાલની સુરક્ષાને ધ્યાનમાં રાખીને તમામ પરિવારજનો ઘરવખરી સાથે તાત્કાલિક સ્થળાંતર કરી સુખાલા ગામે ગણેશભાઈની પત્નીના પિયરમાં આશ્રય લેવા મજબૂર બન્યા છે.



અસરગ્રસ્ત પરિવારે જણાવ્યું કે ભારે વરસાદથી થયેલા નુકસાન બાદ હજુ સુધી સંબંધિત વિભાગ દ્વારા સ્થળની મુલાકાત લઈને નુકસાનનો સર્વે કરવામાં આવ્યો નથી. સરકારના અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી નુકસાનનું મૂલ્યાંકન કરે અને નિયમ મુજબ આર્થિક સહાય તેમજ પુનર્વસનની વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ પરિવાર દ્વારા કરવામાં આવી છે.
સ્થાનિક ગ્રામજનોએ પણ જણાવ્યું કે આ વર્ષે પડેલા અતિભારે વરસાદને કારણે ગ્રામ્ય વિસ્તારોમાં અનેક કાચા અને જૂના મકાનો જોખમમાં મુકાયા છે. આવા અસરગ્રસ્ત પરિવારોને તાત્કાલિક રાહત, વસવાટની વૈકલ્પિક વ્યવસ્થા અને યોગ્ય વળતર આપવામાં આવે તેવી લોકમાગ ઉઠી રહી છે. હાલ ગણેશભાઈ પટેલ અને તેમના પરિવારજનો સરકારની સહાયની આશા સાથે સગાંના ઘરે રહેવા મજબૂર બન્યા છે.

**CHANGE OF NAME**
OLD NAME: LILAVATY VALOBO
NEW NAME: LEELABEN MAHENDRABHAI KOLAK.
ADDRESS: 45/2, KADAIYA, MACHHIWAD, NANI DAMAN, DAMAN- 396 210.

## ખેરગામના પુષ્પાબેન મિસ્ત્રીનું નિધન



**ખેરગામ, તા.૦૯ :** ખેરગામના વરિષ્ઠ પત્રકાર અને દૈનિક છાપાના વિતરક વિનોદભાઈ મિસ્ત્રીના મોટા ભાભી પુષ્પાબેન જયંતિભાઈનું ૬૨ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે. સદ્દગતની પ્રાર્થનાસભા તા.૧૦-૦૮-૨૬ને સોમવારના રોજ રામજી મંદિર સંકુલમાં રાખવામાં આવી છે.

**જાહેર નોટીસ**
**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**
**જન્મ-મરણ કેસ નં.૧૫૨/૨૦૨૬**
**અરજદાર : મહેશભાઈ બાવાભાઈ નાયકા**
બરમબેડા ફળિયા, કરાયા, તા.નાનાપોંઢા, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, કરાયા, તા.નાનાપોંઢા, જી.વલસાડ**
**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**
આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **પાતુબેન કુરશનભાઈ નાયકાનું** મરણ તા.૦૭/૦૪/૧૯૮૪ના રોજ મોજે કરાયા, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.
પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત કરાયાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત કરાયાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી કરાયા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.
આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
કોર્ટનો સિક્કો
**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**No. MAM/KNVL/RBD-DNH/190/2026/1023 Dated: 29/07/2026**

**APPLICANT- SMT. PATI DHAKYA BHAVAR,**
**R/o. r/O. Bhurkutpada, Gadhchinchali,**
**Talasari, Maharashtra 401606**
**Mob.: 6355783098**
**V/S**
**OPPONENTS - Registrar of Births & Deaths, Mandoni.**
**NOTICE**
The public to take note that applicant Smt. Pati Dhakya Bhavar, R/o. Bhurkutpada, Gadhchinchali, Talasari, Maharashtra, has submitted an application dated 18/06/2026 seeking registration of date of death of her father namely Ladkya Bhima Gond, S/o. Shankru Bhima Gond, who died on 01/01/1986 at Village Kaslunpada, Mandoni, DNH, as the above said Death was inadvertently not registered in the records of Registrar of Births and Deaths, Mandoni.
Therefore, the applicant has requested to issue an order to register the death of Ladkya Bhima Gond, S/o. Shankru Bhima Gond.
Any person having an objection or complaint in respect of this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days from the date of publication of this notice. If no objection/complaint is received, the Executive Magistrate, Khanvel will pass necessary order accordingly.
This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.
**Sd/-**
**Circle Inspector (K)**
**DNH, Khanvel.**

**No. MAM/KNVL/RBD-DNH/186/2026/1027 Dated: 30/07/2026**

**APPLICANT- SMT. PATI DHAKYA BHAVAR,**
**R/o. r/O. Bhurkutpada, Gadhchinchali,**
**Talasari, Maharashtra 401606**
**Mob.: 6355783098**
**V/S**
**OPPONENTS - Registrar of Births & Deaths, Mandoni.**
**NOTICE**
The public to take note that applicant Smt. Pati Dhakya Bhavar, R/o. Bhurkutpada, Gadhchinchali, Talasari, Maharashtra, has submitted an application dated 18/06/2026 seeking registration of date of death of her mother namely Somli Ladkya Gond, D/o. Janki Dival Gadag, who died on 01/01/1976 at Village Kaslunpada, Mandoni, DNH, as the above said Death was inadvertently not registered in the records of Registrar of Births and Deaths, Mandoni.
Therefore, the applicant has requested to issue an order to register the death of Somli Ladkya Gond, D/o. Janki Dival Gadag.
Any person having an objection or complaint in respect of this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days from the date of publication of this notice. If no objection/complaint is received, the Executive Magistrate, Khanvel will pass necessary order accordingly.
This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.
**Sd/-**
**Circle Inspector (K)**
**DNH, Khanvel.**

**હિરો હાઉસીંગ ફાયનાન્સ લીમીટેડ**
HeroHousing Finance
સંપર્ક સરનામું : ઓફિસ નં. ૪૯, બીજો માળ, ગીરનાર ખુશ્બુ પ્લાઝા, કોમર્શિયલ પ્લોટ નં. ૨૦૯, વાપી, જી. વલસાડ, ગુજરાત - ૩૯૬૧૯૫
રજી. ઓફિસ : ૦૯, કમ્યુનીટી સેન્ટર, વસંતલોક, વસંત વિહાર, નવી દિલ્હી-૧૧૦૦૫૭
ફોન : ૦૧૧ ૪૯૨૬૭૦૦૦, ટોલ ફ્રી નં. ૧૮૦૦ ૨૧૨ ૮૦૦૦, ઈમેલ : customer.care@herohfl.com
વેબસાઈટ : www.herohousingfinance.com I CIN : U65192DL2016PLC30148

**જાહેર નોટીસ સ્થાવર મિલક્તના ઈ-વેચાણ માટે**
**સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૯(૧) હેઠળ)**

અત્રે નીચે સહી કરનાર હીરો હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્ટ્રક્શન ઓફ ફાયનાન્સયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨, અને સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ ને સેક્શન ૧૩(૧૨) સાથે વાંચતા પ્રાપ્ત સત્તા હેઠળ દેણદારોને માંગણા નોટિસ પાઠવી ઉક્ત નોટીસમાં દર્શાવેલ રકમ નોટીસની તારીખથી ૬૦ દિવસમાં ભરપાઈ કરવા નોટિસ પાઠવી હતી.
દેણદારો, એ રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયા છે. અત્રેથી દેણદાર અને ખાસ કરીને જાહેર જનતાને અત્રેથી ચેતવણી આપવામાં આવે છે કે નીચે સહી કરનારે ઉક્ત નિયમના નિયમ ૮ ને ઉક્ત કાયદાના સેક્શન ૧૩(૪) સાથે વાંચતા પ્રાપ્ત સત્તા મુજબ અત્રે નીચે વર્ણવેલી મિલકતનો કબ્જો લીધો છે
દેણદાર, અને ખાસ કરીને જાહેર જનતાને અત્રેથી એ મિલકત સંબંધી કોઈ સોદા ન કરવા ચેતવણી આપવામાં આવે છે મિલક્ત સાથેના કોઈપણ સોદા હિરો હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડને નીચે દર્શાવેલ રકમ વ્યાજ એના પર પેનલ ઈન્ટરેસ્ટ, ચાર્જીસ, કોસ્ટ, વગેરે સાથે નીચે દર્શાવેલ તારીખથી ચૂકવવાને પાત્ર ઠરશે.
**દેણદારોને સિક્યુર્ડ એસેટસ્ ઉગરાવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં એક્ટના સેક્શન-૧૩ના સબ સેક્શન (૮) ની જોગવાઈઓ તરફ ધ્યાન દોરવામાં આવે છે.**

| લોન ખાતા નં. | દેણદાર(રો)/સહદેણદાર(રો)/ જામીન(નો)/ કાયદેસરના વારસ(સો)/કાયદેસરના પ્રતિનિધિના નામ | માંગણા નોટીસની તારીખ/ રકમ નીચેની તારીખે | કબ્જાની તારીખ (કન્સ્ટ્રકટીવ/ફીજીકલ) |
|---|---|---|---|
| HHFVAPHOU23000041050, HHFVAPLAP23000043792 | રામવિલાસ મહાદેવ શર્મા, અહીલ્યા દેવી રામ વિલાસ શર્મા | ૧૯-૦૫-૨૦૨૬, રૂા. ૪,૯૨,૦૫૦/- જે તા. ૧૫- મે- ૨૦૨૬થી બાકી | ૦૬.૦૮.૨૦૨૬ (સિમ્બોલીક) |

**મિલકતોનું વર્ણન : ઉમરગામ, તા. ઉમરગામ જી. વલસાડ, ગુજરાત રાજ્ય** ખાતે સ્થિત સર્વે નં. ૧૧૬, પ્લોટ નં. ૧૫ ધરાવતી એન.એ. જમીન પર બંધાયેલ અને 'વીની એપાર્ટમેન્ટ' તરીકે ઓળખાતી ઈમારતમાં અંદાજે ૩૨૦.૦૦ સ્કવેર ફીટ, ૨૯.૭૫ સ્કવેર મીટર, સમકક્ષ બિલ્ટઅપ એરિયા ધરાવતા ફ્લેટ નં. ૨૦૧, બીજા માળે, (નગરપાલિકા ઉમરગામ, જુનો નોંધણી ક્રમાંક ૬૫૪૧ અને નવો ક્રમાંક ૨૮૮૨ ) ની સમગ્ર સ્થાવર મિલકત

**તારીખ : ૧૦/૦૮/૨૦૨૬**
**સ્થળ :વલસાડ**
**સહી/- અધિકૃત અધિકારી**
**હિરો હાઉસિંગ ફાયનાન્સ લીમી. વતી**

**જાહેર સુચના**
**વિષય : પ્રસ્તાવિત કૃત્રિમ કાર્બનિક રસાયણોના ઉત્પાદનના વિસ્તરણ પ્રોજેક્ટ માટે પર્યાવરણીય મંજૂરી**
જાહેર જનતાને આથી જાણ કરવામાં આવે છે કે મેસર્સ. આઈડિયલ ડાય કેમ ઈન્ડસ્ટ્રીઝ (યુનિટ-II), પ્લોટ નં. ૧૫૬, ફેઝ-૨, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, વાપી, તાલુકો : પારડી, જીલ્લો : વલસાડ, ગુજરાત ખાતે આવેલ એકમને કૃત્રિમ કાર્બનિક રસાયણોના ઉત્પાદનના વિસ્તરણ પ્રોજેક્ટ માટે પર્યાવરણીય મંજૂરી (Environmental Clearance) ભારત સરકારના પર્યાવરણ, વન અને હવામાન પરિવર્તન મંત્રાલય (MoEF&CC), નવી દિલ્હી દ્વારા પર્યાવરણીય મંજુરી ઓળખ નંબર (EC Identification No.): EC26B2402GJ5337581N તથા ફાઈલ નંબર.: IA-J-11011/340/2024-IA-II(I) (iii), સાથે તા. ૭ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ મંજૂર કરવામાં આવી છે. મંજૂરી પત્રની નકલ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ/કમિટી અને https://parivesh.nic.in ની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ છે.
**આઈડિયલ ડાય કેમ ઈન્ડસ્ટ્રીઝ (યુનિટ-II) વતી**
**સહી/-**
**ઓથોરાઈઝડ સિગ્નેચરી**

IMP POWERS LTD.
**IMP પાવર્સ લિમિટેડ**
**CIN** : L31300DN1961PLC000232
**રજિસ્ટર્ડ ઓફિસ :** સર્વે નંબર ૨૬૩/૩/૨/૨, ગામ સાયલી, ઉમર કુઈન રોડ, સિલ્વાસા (યુ.ટી.) દાદરા અને નગર હવેલી, સિલવાસા - ૩૯૬૨૩૦
**ઓફિસ :** CH-7, ઈન્સ્પાયર બિઝનેસ પાર્ક, શાંતિગ્રામ, વૈષ્ણોદેવી સર્કલ પાસે, ખોડિયાર, અમદાવાદ, દસ્ક્રોઈ, ગુજરાત, ઈન્ડિયા I **Tel. No.** : +91-0260- 2464100/ +91-79-2655 4100
**Website** : www.imp-powers.com I **Email ID** : info@imp-powers.com

**૩૦ જૂન, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા પ્રથમ ક્વાર્ટરના અન-ઓડિટેડ નાણાકીય પરિણામો**

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ("લિસ્ટિંગ રેગ્યુલેશન્સ") ના નિયમન ૩૩ ના પાલનમાં, IMP પાવર્સ લિમિટેડ ("કંપની") ના બોર્ડ ઓફ ડિરેકટર્સે ૮ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ શનિવારના રોજ યોજાયેલી તેમની મીટિંગમાં ૩૦ જૂન, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા પ્રથમ ક્વાર્ટર માટે અન-ઓડિટેડ ફાઈનાન્શિયલ રિઝલ્ટ્સ (સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ) ("પરિણામો") ને મંજૂરી આપી.
કંપનીના સ્ટેચ્યુટરી ઓડિટર દ્વારા જારી કરાયેલ લિમિટેડ રિવ્યૂ રિપોર્ટ (સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ) સાથેના પરિણામો https://imp-powers.com/investors-desk/ પર અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ એટલે કે www.bseindia.com અને www.nseindia.com પર ઉપલબ્ધ છે.
લિસ્ટિંગ રેગ્યુલેશન્સના નિયમન ૪૭ ના પાલનમાં, અમે અહીં જાણ કરીએ છીએ કે નીચેના ક્વિક રિસ્પોન્સ (QR) કોડને સ્કેન કરીને પણ તેને ઍક્સેસ કરી શકાય છે:
**IMP પાવર્સ લિમિટેડ** વતી
તારીખ : ૦૮-૦૮-૨૦૨૬
સ્થળ : અમદાવાદ
સહી/- **નવીન કુમાર સિંહ**
ચીફએક્ઝીક્યુટીવ ઓફિસર અને પૂર્ણ-સમયના ડાયરેક્ટર - DIN : 06953675

**ડિસ્કાઉન્ટ ધમાકા**
તાં. **1-8-26.**થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ
લોફર શુઝ
સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ
પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂા.૩૦૦/-
દિવાળી ધમાકા
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂા.૩૦૦/-




દરેક બ્રાન્ડેડ કંપનીઓમાં મેળવો
ધમાકેદાર ડિસ્કાઉન્ટ
પરમાર શુ કલેક્શન
કાપડીયા કોમ્પેલક્ષ, મ્યુનિસીપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403
સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં
ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂા.5000/-
The Complete Man Raymond
dinesh SUITING
Siyaram's
DONEAR
DIGJAM
NIRVĀN SHIRTINGS
ICON ashima LUXURY FABRICS
Kriplon
LORD'S
MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

Jai Jalaram Bapa



**Septic Tank Cleaner**
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200






# દમણગંગા ટાઇમ્સ

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com





# ધરમપુર, કપરાડા અને ઉમરગામમાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી

## આદિવાસી સંસ્કૃતિના અનુરૂપ વાજિંત્ર તેમજ ડીજેના તાલે આદિવાસી ભાઈઓ બહેનો ઝૂમી ઉઠ્યા : બિરસા મુંડાને પુષ્પાંજલિ અર્પણ કરી ભવ્ય રેલીઓ કઢાઈ હતી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, કપરાડા, ઉમરગામ, તા.૦૯ :** ધરમપુરના આસુરા વાવ પાસે બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પહાર પહેરાવી ધરતી તેમજ પ્રકૃતિની પૂજા કરવામાં આવી હતી ત્યાર બાદ ધરમપુરના આસુરા બીરસામુંડા સર્કલથી વિવિધ ધરમપુર શહેરના સ્થળોએથી ઢોલ, નગારા, તુર- થાળી, તારપા ડીજે સહિતના વિવિધ વાદ્યોના વાજીંત્ર તથા આદિવાસી વેશભૂષા માં નૃત્ય સહિત નાચણા સાથે નીકળેલી વિરાટ રેલી સૌના આકર્ષણનું કેન્દ્ર બની હતી.તેમજ ગ્રામ્ય વિસ્તારેથી ખરીદ વેચાણ અર્થે આવેલા લોકોએ આદિવાસી દિવસની મજા માણી હતી આદિવાસી સમાજના વેશભૂષા ધારણ કરી તેમજ યુવાનો જય આદિવાસી નામની રંગ બેરંગી જર્સી પહેરી ને આનંદ ઉલ્લાસ ભેર વિરાટ સ્વરૂપે નીકળેલ રેલી મા ભાગ લઈ ઉત્સુકતા દાખવી હતી.

આ વખતે પણ દર વર્ષની જેમ મન મૂકીને રેલી સહિતના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં દૂર દૂરથી ગ્રામ્ય વિસ્તારથી આવેલા વડીલો યુવાનો બહેનો યુવતીઓ જોડાઈને વિશ્વ આદિવાસી દિવસને ઉલ્લાસભેર માણ્યો હતો વિશાળ રેલીમાં આદિવાસી અગ્રણીઓ ઉપસ્થિત રહી તમામ ક્ષેત્રમાં આગળ, આદિવાસીઓ હંમેશા સંસ્કારી છે અને બાળકોને સારુ સંસ્કારનું સિંચન કરવામાં આવે એમ તમામ આદિવાસી ભાઈઓએ -યત્ન કરવા જોઈએ ની વાતો કરાઈ હતી રેલીમા જોડાયેલા સહુ માટે આદિવાસીનું પરંપરાગત ભડકું તેમજ પાણીચું, આજીલાના પાનની ચટણીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે બિરસા મુંડા સર્કલ આસુરા વાવથી વિરાટ સ્વરૂપે કાઢવામાં આવેલ રેલી ધરમપુરના વાલોડ ફળિયા, આસુરા ઝાપા , પ્રભુ ફળિયા, મોટા બજાર, એસટી ડેપો રોડ થઈ ડો. બાબા સાહેબ આંબેડકર પ્રતિમા આગળ ભેગા થઈને બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફૂલહાર કર્યા હતા વિશ્વ આદિવાસી દિવસ ને સાર્થક કરવા ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ પૂર્વ ધારાસભ્ય ઈશ્વરભાઈ પટેલ તેમજ સરપંચો સહિતના આદીવાસી અગ્રણીઓ હાજર રહ્યા હતાં. તેમજ મહાનુભવોએ વિશ્વ આદિવાસી દિવસ અનુરૂપ સંબોધન કર્યું હતું.

તેવી જ રીતે કપરાડા - નાનાપોંઢા તાલુકા માં પણ વિવિધ જગ્યાએ આદિવાસી દિવસ ની ઉજવણી ના ભાગરૂપે વિવિધ કાર્યક્રમો યોજવા માં આવ્યા હતા. જેમાં નાનાપોંઢા બિરસા મુંડા સર્કલ ખાતે બિરસા મુંડાની પ્રતિમાને ફૂલ હર ફેરવી આદિવાસી પૂજાવિધિ કરાઈ હતી. આ ઉપરાંત નાનાપોંઢા એ.પી.એમ. સી ખાતે થી હજારોની સંખ્યા માં થોડા થોડા અંતરે પાંચ થી છ જેટલા ડી.જે વગાડી આદિવાસી સોંગ ના તાલે આદિવાસીઓ ઝૂમી ઉઠ્યા હતા. આ ઉપરાંત કપરાડા તાલુકાના ધારણમાળ ખાતે હજારોની સંખ્યામાં આદિવાસી સમુદાયો ઉપસ્થિત રહ્યો હતો. અને આદિવાસી કૃતિઓ રજૂ કરી આદિવાસી પરંપરા અને સંસ્કૃતિની ઝાંખી કરાવી હતી. આ ઉપરાંત આદિવાસી રીતિ રિવાજો પ્રમાણે પૂજા વિધિ કરાઈ હતી.

તેમજ ઉમરગામના સરીગામ અને ધોડીપાડા ખાતેથી મોટી સંખ્યામાં આદિવાસી સમાજના આગેવાનો અને કાર્યકરો રેલી સ્વરૂપે નીકળ્યા હતા. રેલી સરીગામ ત્રણ રસ્તા ખાતે પહોંચી હતી, જ્યાં ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી વંદન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ધારાસભ્ય રમણભાઈ પાટકર, તાલુકા પંચાયત પ્રમુખ સતિષભાઈ, પૂર્વ ધારાસભ્ય શંકરભાઈ વારલી, તાલુકા ભાજપ પ્રમુખ ડૉ. નીરવ શાહ, તાલુકા APMC ઉપપ્રમુખ વિજયભાઈ પાટકર, તાલુકા સરપંચ સંઘ પ્રમુખ રાકેશભાઈ વઘાત, કરજ ગામ ગ્રામ પંચાયતના સરપંચ કમલેશભાઈ, તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ મનીષભાઈ, તાલુકા પંચાયત સભ્ય મંગલભાઈ, ઉમરગામ તાલુકા ભાજપ એસટી મોરચા પ્રમુખ અરવિંદભાઈ, પૂર્વ મહામંત્રી પ્રકાશભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં આગેવાનો અને ભાજપ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## સ્વચ્છ વલસાડની નેમ સાથે કલેકટરે સફાઈ અભિયાનના શ્રીગણેશ કરાવ્યા : ૧૨૦૦ થી વધુ લોકો જોડાયા

# નારગોલ બીચ પર ૧૫ ટનથી વધુ કચરો નિકળ્યો





**વલસાડ, તા. ૦૯ :** વલસાડ જિલ્લાને સ્વચ્છ અને સુંદર બનાવવાની નેમ સાથે જિલ્લા કલેકટર નીતિન સાંગવાને જિલ્લા વહીવટી તંત્રને દરેક મહિનાના પ્રથમ રવિવારે સફાઈ અભિયાન હાથ ધરવા માટે આહવાન કરી પોતે પણ આજે રવિવારે ઉમરગામ તાલુકાના નારગોલ બીચ ખાતે પહોંચી કચરો ઉપાડી સફાઈ અભિયાનના શ્રીગણેશ કરાવ્યા હતા. સાથે સમગ્ર જિલ્લામાં પણ સ્વચ્છતા અભિયાનનો જન આંદોલન તરીકે જોરશોરથી પ્રારંભ કરાવ્યો છે. આ સફાઈ અભિયાનમાં તેમની સાથે વિવિધ સંસ્થા, શાળા અને સ્થાનિક વહીવટી તંત્ર અને ગામના આગેવાનો મળી ૧૨૦૦થી વધુ લોકો જોડાયા હતા અને અંદાજે ૧૫ ટનથી વધુ કચરો એકત્ર કરી નારગોલ બીચને સ્વસ્છ અને સુંદર બનાવવાનો પ્રયાસ કર્યો હતો.

આ સફાઈ અભિયાનમાં જિલ્લા પંચાયતના સભ્ય ભાવિનીબેન મીટના, તાલુકા પંચાયત સભ્ય ઉપેન્દ્ર ટંડેલ, પ્રાંત અધિકારી નિરવ પટેલ, તાલુકા વિકાસ અધિકારીશ્રી પંકજ પરમાર, ભારતીય કિસાન સંઘના પ્રમુખ જયપ્રકાશ ભંડારી અને ટાટા વાડીયા હાઈસ્કૂલના આચાર્ય પંકજ પરમાર સહિતના આગેવાનો જોડાયા હતા.

### હજુ માત્ર ૨૦ ટકા જ સફાઈ!

નારગોલમાં આજે હાથ ધરાયેલા દરિયા કિનારાના સફાઈ અભિયાનમાં ૧૨૦૦થી વધુ લોકોએ જોડાઈને ૧૫ ટનથી વધુ કચરો એકત્ર કર્યો હતો. નારગોલના સરપંચ સ્વીટી યતીનભાઈ ભંડારીએ જણાવ્યું કે, નારગોલ બીચ પાંચ કિમીનો દરિયો કાંઠો ધરાવે છે. જેના પર માલવણ બીચ, માંગેલવાડ બીચ અને ઈકો ટુરિઝમ બીચ આવેલા છે. આજના સફાઈ અભિયાનમાં અંદાજે બે કિમી જેટલા દરિયા કાંઠે સફાઈ અભિયાન હાથ ધરાયુ છે. જેમાં ૨૦ ટકા જેટલા દરિયા કાંઠાની સફાઈ કરાઈ છે હજુ ૮૦ ટકા બાકી છે.

### જિલ્લાના દરિયા કિનારા ગંદા કરશો તો દંડાશો

જિલ્લા કલકેટરે દરિયા કાંઠાનો અમુક અમુક ભાગ વિવિધ સંસ્થાઓને સોંપી દેવા અને તેને સ્વચ્છ રાખવાની જવાબદારી સોંપવા સૂચન કર્યુ છે. આ સિવાય વલસાડ જિલ્લાના નારગોલ અને તિથલ સહિત કોઈપણ બીચ પર જે પણ ગંદકી કરશે તેના ફોટા પાડી તેને રૂ. ૧૦૦૦નો દંડ અને તેની સામે કાયદેસરની કાર્યવાહી પણ કરાશે. જે માટે પોલીસને પણ ત્વરિત એકશન લેવા કલેકટરે સૂચન કર્યુ છે.

### સફાઈ અભિયાનમાં કોણ કોણ જોડાયું ?

વલસાડ જિલ્લો પણ સ્વચ્છ અને સુંદર બને તે માટે જિલ્લા કલેકટર નીતિન સાંગવાને નવો અભિગમ અપનાવી સફાઈ અભિયાન હાથ ધરી સમગ્ર જિલ્લા વહીવટી તંત્ર અને સ્થાનિક સંસ્થાઓને પણ સામેલ કરી છે. આ ઉપક્રમ હેઠળ આજે નારગોલ બીચ ખાતે કલેકટરએ કચરો ઉપાડી સફાઈ અભિયાનના શ્રી ગણેશ કરાવ્યા હતા. તેમની સાથે અભિયાનમાં નારગોલ ગામના સરપંચ સ્વીટી યતીનભાઈ ભંડારી, નારગોલની ટાટા વાડીયા હાઈસ્કૂલ, જલારામ હાઈસ્કૂલ, દક્ષિણા વિદ્યાલય અને માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્યો, નારગોલ ગ્રામ પંચાયત, ઉમરગામ નગરપાલિકા, ઉમરગામ ટાઉનનું સોશિયો કલીનર ગૃપ, દહેરી ગ્રામ પંચાયત, ઉમરગામ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન, રોટરી કલબ ઓફ ઉમરગામ, મરીન પોલીસ કમાન્ડો ટીમ, નારગોલ મરીન પોલીસ સ્ટેશન, ફોરેસ્ટ વિભાગની ટીમ અને ગામના આગેવાનો મળી અંદાજે ૧૨૦૦થી વધુ લોકો આ સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા.



# દમણ અને દાનહમાં વિશ્વ આદિવાસી દિવસ ઉજવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૦૯ :** વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે રવિવારે દાદરા અને નગર હવેલીમાં આદિવાસી સમાજ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ખાનવેલમાં સર્વ આદિવાસી સમાજના નેજા હેઠળ ભવ્ય રેલી યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં આદિવાસી સમાજના લોકો જોડાયા હતા. રેલી દરમિયાન આદિવાસી સમાજના મહાનુભાવો અને સમાજ માટે યોગદાન આપનાર વ્યક્તિત્વોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.



સવારે આશરે ૧૦ વાગ્યે બાલદેવી ડાંડુલ ફળિયાથી રેલીનો પ્રારંભ થયો હતો. પરંપરાગત વેશભૂષામાં મોટી સંખ્યામાં લોકો રેલીમાં જોડાયા હતા. રેલી દરમિયાન આદિવાસી એકતા, સંસ્કૃતિ અને પરંપરાની ઝલક જોવા મળી હતી. બાલદેવીથી નિકળેલી રેલી સેલવાસનાં વિવિધ માર્ગો પર ફરી ખાનવેલ પહોંચી હતી. જ્યાં આદિવાસી સાંસ્કૃતિના વિવિધ કાર્યક્રમો યોજાયા હતાં.

તેવી જ રીતે દમણમાં દમણ જિલ્લા આદિવાસી સમાજ દ્વારા મોટી દમણના લાઈટ હાઉસ ખાતે ભવ્ય મહા બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ડેપ્યુટી કલેક્ટર આરતી અગ્રવાલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આરતી અગ્રવાલે આદિવાસી સમાજના ભાઈઓ-બહેનોને વિશ્વ આદિવાસી દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી અને વિશ્વ આદિવાસી દિવસના મહત્વ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. ત્યારબાદ તેમણે બાઈક રેલીને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ રેલીને મોટી દમણ અને નાની દમણના દરેક ગામોમાં સ્થાનિક લોકો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

# વલસાડ- પારડીમા ટ્રેક્ટર દીવાલમાં અથડાવનાર ચાલક સામે ગુનો નોંધાયો

**વલસાડ, તા. ૯ :** વલસાડના શહેરના વલસાડ પારડી વિસ્તારમાં આવેલા વાડી ફળિયામા નગરપાલિકાના ટ્રેક્ટર ચાલકે બેદરકારીપૂર્વક વાહન ચલાવી રસ્તા પરની દીવાલમાં અથડાવી અકસ્માત સર્જ્યો હતો.

વલસાડ શહેરના વલસાડ પારડીમાં નગરપાલિકામાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતો યુવક ટ્રેક્ટર નંબર MP-45-ZD-7631 લઈને પસાર થઈ રહ્યો હતો. તે દરમિયાન તેણે પોતાનું વાહન ગફલતભરી અને બેદરકારીપૂર્વક હંકારીને અન્ય લોકોના જીવ જોખમમાં મુકાય તે રીતે રસ્તા પરની એક દીવાલમાં ધડાકાભેર અથડાવી દીધું હતું. જે અંગે સ્થાનિક ગુલામભાઈ ઊંટે-ફાંદ વકીલે ૧૧૨ નંબર પર કૉલ કરીને પોલીસને જાણ કરી હતી. કંટ્રોલ રૂમમાંથી માહિતી મળતાં જ વલસાડ સીટી પોલીસ મથક તેમની ટીમ સાથે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસે ટ્રેક્ટર ચાલક દીપકભાઈ પાંગલાભાઈ રાઠવા ઉં. વ. ૩૨ હાલ રહે. નગરપાલિકા સ્કૂલ, વલસાડ, મૂળ રહે. માણકાડા, મધ્ય પ્રદેશ ને ધરપકડ કરી હતી.




# વાંસદાના ચારણવાડામાંથી ગેરકાયદેસર દેશી બંદૂક અને છરા સાથે એક ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૦૯ :** સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહ, નવસારી જિલ્લા પોલીસ અધિક્ષક રાહુલ પટેલ અને વાંસદા વિભાગના નાયબ પોલીસ અધિક્ષક હરેશ ચાંદુના માર્ગદર્શન હેઠળ વાંસદા પોલીસે આર્મ્સ એક્ટ હેઠળ કડક કાર્યવાહી હાથ ધરી છે. આ ઝુંબેશ અંતર્ગત વાંસદા પોલીસ ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે શનિવારે વાંસદાના ચારણવાડા ગામના ઉપલુ ફળિયા ખાતે દરોડો પાડવામાં આવ્યો હતો.




દરોડા દરમિયાન સ્થાનિક રહેવાસી ફુલજીભાઈ ડુબલુભાઈ માહલા (ઉં.વ. ૫૦) ના ઘરની તપાસ કરતા તેના મકાનમાંથી ગેરકાયદેસર દેશી હાથ બનાવટની ૧ બંદૂક, ૧ લોખંડનો સળિયો, ૮ નંગ પારાના છરા તેમજ કાપડ અને કાગળના ટુકડા મળી આવ્યા હતા, જેને પોલીસે મુદ્દામાલ તરીકે જપ્ત કરી આરોપીની અટકાયત કરી હતી. આ અંગે વાંસદા પોલીસ સ્ટેશનમાં પાર્ટ બી ગુ. ર. નં. ૧૧૮૨૨૦૦૩૨૬૧૦૦૭/૨૦૨૬ થી આર્મ્સ એક્ટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. આ સફળ કામગીરી વાંસદા પોલીસ ઈન્સપેક્ટર જયદીપસિંહ ચાવડા પોલીસ સબ ઈન્સપેક્ટર એસ. વી. ચોસલા અને તેમની ટીમ દ્વારા કરવામાં આવી છે. વધુ તપાસ પોલીસ સબ ઈન્સપેક્ટર એસ. વી. ચોસલા ચલાવી રહ્યા છે.

# ધરમપુરમાં આરએફઓ પર કાર ચઢાવનાર આરોપી ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૯ :** હનમતમાળ રેન્જમાં ખેરના ઝાડ કાપવાના ગુનાની તપાસ દરમિયાન મહિલા ફોરેસ્ટર પર કાર ચઢાવી હુમલો કરવાનો પ્રયાસ અને જાનથી મારી નાખવાની ધમકી આપવાના કેસમાં વોન્ટેડ આરોપી દિલીપભાઈ બેંડુભાઈ રાવણને ધરમપુર પોલીસે હનમતમાળ ખાતેથી ઝડપી પાડ્યો છે.

મામાભાચા ગામે ખેરના ઝાડ કાપવાના ગુનાની તપાસ કરી રહેલા રાઉન્ડ ફોરેસ્ટર રેણુકાબેન ભોયા અને ફોરેસ્ટર લતાબેન આહીર તરફ આરોપીએ તા. ૪ ઓગસ્ટની મોડી રાત્રે મારુતિ બ્રેઝા કાર પૂરઝડપે હંકારી કચડી નાખવાનો પ્રયાસ કર્યો હોવાનો ફરિયાદમાં આક્ષેપ હતો. બંને કર્મચારીઓ સમયસર ખસી જતા મોટી દુર્ઘટના ટળી હતી. બાદમાં આરોપી ફરાર થઈ ગયો હતો.

દરમિયાન ધરમપુર પોલીસને આરોપી હનમતમાળ વિસ્તારમાં હોવાની બાતમી મળતા પોલીસે કાર્યવાહી કરી તેને ઝડપી લીધો હતો. પોલીસ મુજબ આરોપી હનમતમાળ રેન્જ ફોરેસ્ટ વિભાગના ગુના સહિત ગુજરાત અને મહારાષ્ટ્રના ફોરેસ્ટ વિભાગને લગતા અન્ય ગુનાઓમાં પણ વોન્ટેડ હોવાનું સામે આવ્યું છે.

આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**